RNI NO GUJGUJ/2005/23814

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - ૧૩    શનિવાર તા.૨૭-૦૬-૨૦૨૬    અંક : ૧૫૨ વર્ષ : ૨૧    jamnagar@aaspassaindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

# ઈરાનના લશ્કરી થાણાઓ ઉપર અમેરિકાનો હુમલો

## ઓમાનના દરિયાકાંઠે ઈરાન દ્વારા જહાજ ઉપર કરવામાં આવેલ હુમલાના જવાબરૂપે અમેરિકન સૈન્યની કાર્યવાહી : હુમલાની શાંતિ મંત્રણા ઉપર થશે અસર

વોશિંગ્ટન

મિડલ ઈસ્ટમાં ફરી તણાવ વધી ગયો છે. 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં એક વેપારી જહાજ પર ડ્રોન હુમલો થયા બાદ અમેરિકાએ ઈરાન સામે મોટી સૈન્ય કાર્યવાહી કરી છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડએ દાવો કર્યો છે કે તેણે ઈરાનના કેટલાક સૈન્ય ઠેકાણાઓ પર જવાબી હવાઈ હુમલા કર્યા છે. અમેરિકાનું કહેવું છે કે આ કાર્યવાહી વેપારી જહાજ પર થયેલા હુમલાના જવાબમાં કરવામાં આવી છે.

અમેરિકાના એક નિવેદન જાહેર કરીને જણાવ્યું કે, ૨૬ જૂનના રોજ અમેરિકન સેનાએ ઈરાન સામે જવાબી હુમલા કર્યા હતા. આ નિવેદન અનુસાર, ૨૫ જૂનના રોજ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'થી ઓમાનના દરિયાકાંઠા પાસેથી પસાર થઈ રહેલા એક વેપારી જહાજને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના જવાબમાં જ આ કાર્યવાહી કરવામાં આવી છે.

અમેરિકન સેનાએ જણાવ્યું કે તેમણે ઈરાનના મિસાઈલ અને ડ્રોન સ્ટોરેજ સેન્ટર્સની સાથે-સાથે દરિયાકાંઠાના રડાર ઠેકાણાઓ પર પણ હુમલો કર્યો છે. અમેરિકાના જણાવ્યા અનુસાર, સિંગાપોરનો ધ્વજ ધરાવતા માલવાહક જહાજ 'એમ/વી એવર લવલી' પર એકતરફી હુમલાખોર ડ્રોન વડે હુમલો કરવામાં આવ્યો હતો, જ્યારે તે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'થી બહાર નીકળી રહ્યું હતું. સેનાએ જણાવ્યું કે વેપારી જહાજ પર ઈરાની સેનાનો આ હુમલો સંપૂર્ણપણે ગેરવાજબી હતો અને તે યુદ્ધવિરામ કરારનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.અમેરિકન સેના 'સ્ટ્રેટ ઓફ



હોર્મુઝ'થી પસાર થતા વેપારી જહાજોને સુરક્ષિત માર્ગ પુરો પાડવાનું અને તેમની સાથે તાલમેલ (સમન્વય) જાળવી રાખવાનું કામ ચાલુ રાખશે.બ્રિટનની સેનાએ ગુરુવારે જણાવ્યું કે ઓમાનના દરિયાકાંઠા નજીક એક કન્ટેનર જહાજ કોઈ પ્રોજેક્ટાઈલ (મિસાઈલ/ડ્રોન)નો ભોગ બન્યું હતું. 'યુનાઈટેડ કિંગડમ મેરિટાઈમ ટ્રેડ ઓપરેશન્સ સેન્ટર'ના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં કોઈના પણ ઈજાગ્રસ્ત થવાના સમાચાર નથી.

ઈન્ટરનેશનલ મેરિટાઈમ ઓર્ગેનાઈઝેશનએ પર્શિયન ગલ્ફમાં ફસાયેલા જહાજોને બહાર કાઢવાની પ્રક્રિયા અસ્થાયી ધોરણે રોકી દીધી છે. સંગઠને જણાવ્યું છે કે જ્યાં સુધી અન્ય જહાજોની સુરક્ષાની ખાતરી નહીં મળે, ત્યાં સુધી જહાજોની અવરજવર ફરી શરૂ કરવામાં નહીં આવે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ પહેલા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં માલવાહક જહાજ પર થયેલા હુમલાને યુદ્ધવિરામ કરારનું મૂર્ખતાપૂર્ણ ઉલ્લંઘન ગણાવ્યું હતું. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે જહાજ પર છોડવામાં આવેલા ચાર ડ્રોનમાંથી એક ડ્રોને તેના ઉપરના ભાગને નુકસાન પહોંચાડ્યું હતું.



ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં ક્રિકેટનો ફીવર જોવા મળે છે,બીજી તરફ ફૂટબોલની રમતનો જાદુ પણ લોકોને પ્રભાવિત કરે છે.હાલમાં ચાલી રહેલા ફિફા વર્લ્ડ કપની ફુટબોલ મેચની ચાહકો મજા માણી રહ્યા છે.

# વેનેઝુએલામાં ફરી ૪.૯ની તીવ્રતાનો ભૂકંપ

## ફરી મોટો ભૂકંપ આવતા બચાવ અને રાહત કામગીરી અટકાવવી પડી : અત્યાર સુધીમાં ૯૦૦થી વધુ લોકોના મોત

નવી દિલ્હી

વેનેઝુએલામાં એક પછી એક ૭.૧ અને ૭.૫ની તીવ્રતાના વિનાશકારી ભૂકંપ આવ્યાના અમુક દિવસો બાદ આજે ફરી એકવાર ૪.૯ ની તીવ્રતાને ધરાં ધ્રૂજતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ઉલ્લેખનીય છે કે પહેલા બે મોટા ભૂકંપને કારણે અત્યાર સુધી વેનેઝુએલામાં ૯૦૦થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે.

પહેલા બે મોટા ભૂકંપને કારણે અનેક ઈમારતો ધરાશાયી થઈ ગયાના અહેવાલો અને વીડિયો



સામે આવ્યા હતા. ત્યારે આજે ફરી એકવાર ૫ જેટલી તીવ્રતાના ભૂકંપથી લોકોમાં દહેશત ફેલાઈ હતી. આ નવો ભૂકંપ ઉત્તર કિનારે ૪.૯ની તીવ્રતાનો નોંધાયો હતો. જેના લીધે રાજધાની કરાકસ અને મારાકે શહેર હચમચી ગયા હતા.

લોકો પોતાનો જીવ બચાવવા માટે આમતેમ મેદાન તરફ દોડવા લાગ્યા હતા. નવા ભૂકંપને કારણે પહેલાથી ચાલી રહેલા રેસ્ક્યૂ ઓપરેશન પણ અટકાવી દેવાની ફરજ પડી હતી. ઉલ્લેખનીય છે કે જૂના બે ભયાનક ભૂકંપોને કારણે અત્યાર સુધીમાં ૯૨૦થી વધુ લોકો માર્યા ગયા છે અને ૩૩૦૦થી વધુ ઈજાગ્રસ્ત છે. કાટમાળ નીચે હજુ ૧૭૨થી વધુ લોકો દટાયેલા તથા ૫૦૦૦૦થી વધુ લોકોનો કોઈ અતોપતો જ ન હોવાની માહિતી સામે આવી રહી છે. યુદ્ધના ધોરણે રેસ્ક્યૂ ઓપરશન ચલાવાઈ રહ્યા છે.

# અમેરિકાના પ્રયાસો થયા સફળ : ઈઝરાયેલ અને લેબનોન વચ્ચે અંતે થયા શાંતિ માટેના કરાર

## હિઝબુલ્લાહનું સંપૂર્ણપણે નિઃશસ્ત્રીકરણ નહીં થાય ત્યાં સુધી ઈઝરાયલી સેના દક્ષિણ લેબેનોનમાં પોતાની હાજરી જાળવી રાખશે

વોશિંગ્ટન

ઈઝરાયલ અને હિઝબુલ્લાહના લડાકુઓ વચ્ચે ચાલી રહેલા ભીષણ જંગને શાંત કરવા માટે અમેરિકાની મધ્યસ્થતામાં ઘણા દિવસોથી ચાલી રહેલી વાટાઘાટો આખરે સફળ રહી છે.

શુક્રવારે વોશિંગ્ટન સ્થિત વિદેશ મંત્રાલયમાં ઈઝરાયલ અને લેબેનોને એક ઐતિહાસિક શાંતિ કરારની રૂપરેખા (ફ્રેમવર્ક એગ્રીમેન્ટ) પર હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતીને બંને દેશો વચ્ચે કાયમી શાંતિ સ્થાપવા તરફનું પ્રથમ અને અત્યંત મહત્વપૂર્ણ પગલું ગણાવવામાં આવી રહ્યું છે.

અમેરિકાની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં અમેરિકામાં લેબેનોનના રાજદૂત નાડા હમાદેહ મોવાદ અને ઈઝરાયલના રાજદૂત યેચિયલ લાઈટર દ્વારા આ ત્રિપક્ષીય દસ્તાવેજ પર સહીઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે, "આજે અમે એક એવા પ્રવાસની શરૂઆત કરી છે જે બેશક ઘણો મુશ્કેલ હશે, પરંતુ આ પ્રવાસ અત્યંત મહત્વપૂર્ણ અને અનિવાર્ય છે." બીજી તરફ, ઈઝરાયલી રાજદૂત લાઈટરે ખૂબ જ મજબૂતાઈથી વાટાઘાટો કરવા બદલ લેબેનોની રાજદૂત હમાદેહની પ્રશંસા કરી હતી. લેબેનોનના રાજદૂતે જણાવ્યું કે આ કરાર લેબેનોનની સાર્વભૌમત્વની પુનઃસ્થાપના અને લોકોની સુરક્ષા માટે પ્રથમ કદમ છે.

વોશિંગ્ટનમાં શાંતિ કરારની જાહેરાત થયાના ગણતરીના સમયમાં જ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ એક મોટું અને કડક નિવેદન આપ્યું છે. નેતન્યાહૂએ સ્પષ્ટ ચેતવણી આપતા જણાવ્યું છે કે, જ્યાં સુધી આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહનું સંપૂર્ણપણે નિઃશસ્ત્રીકરણ નહીં થાય, ત્યાં સુધી ઈઝરાયલી સેના દક્ષિણ લેબેનોનમાં પોતાની હાજરી જાળવી રાખશે.

જોકે, નેતન્યાહૂએ એમ પણ ઉમેર્યું હતું કે ઈઝરાયલની સેના લેબેનોનની સત્તાવાર આર્મીને બે પ્રાયોગિક વિસ્તારો (એક્સપેરિમેન્ટલ ઝોન) માં નિયંત્રણ લેવાની મંજૂરી આપશે. જેમાં એક વિસ્તાર લેબેનોનની લિતાની નદીની દક્ષિણમાં અને બીજો તેની ઉત્તરમાં આવેલો છે. અધિકારીઓએ હજુ સુધી આ ફ્રેમવર્ક ડીલની સંપૂર્ણ શરતો જાહેર કરી નથી, અને તે અગાઉના ૧૬ એપ્રિલના યુદ્ધવિરામ કરારથી કેવી રીતે અલગ છે તેની વિગતો આવવાની બાકી છે.

# દેશમાં ડ્રગ હેરફેર સામેની કાર્યવાહી વધુ તીવ્રઃ કેન્દ્રીય ગૃહમંત્રી

## "નાર્કોટિક્સ કંટ્રોલ વિઝન ડોક્યુમેન્ટ ૨૦૨૬-૨૦૨૯" બહાર પાડ્યું, દેશને ડ્રગ મુક્ત બનાવવા માટે ત્રણ વર્ષ માટે રોડમેપ નક્કી

નવીદિલ્હી,

કેન્દ્ર સરકાર દેશમાં ડ્રગ હેરફેર સામેની કાર્યવાહીને વધુ તીવ્ર બનાવવા જઈ રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે નાર્કો-કોઓર્ડિનેશન સેન્ટરની ૧૦મી ઉચ્ચ-સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી.

બેઠક દરમિયાન, તેમણે "નાર્કોટિક્સ કંટ્રોલ વિઝન ડોક્યુમેન્ટ ૨૦૨૬-૨૦૨૯" બહાર પાડ્યું, જે દેશને ડ્રગ મુક્ત બનાવવા માટે આગામી ત્રણ વર્ષ માટે રોડમેપ નક્કી કરે છે. આ બેઠકમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓ તેમજ વિવિધ તપાસ એજન્સીઓએ હાજરી આપી હતી.

ગૃહ મંત્રાલય અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા આયોજિત આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય દેશભરમાં ડ્રગ હેરફેર અને ડ્રગના દુરુપયોગ સામે ચાલી રહેલા અભિયાનોની સમીક્ષા કરવાનો અને તેને વધુ મજબૂત બનાવવાનો હતો. આ બેઠકમાં વિવિધ મંત્રાલયો, રાજ્ય સરકારો અને ડ્રગ કાયદા અમલીકરણ એજન્સીઓના પ્રતિનિધિઓ ભાગ લેશે. સરકારનું કહેવું છે કે ડ્રગ્સ સામે શૂન્ય-સહિષ્ણુતા નીતિને વધુ અસરકારક બનાવવા માટે બધી એજન્સીઓ વચ્ચે વધુ સારું સંકલન જરૂરી છે.

અમિત શાહે કહ્યું કે બધી સંબંધિત એજન્સીઓ અને અધિકારીઓએ દ્રઝમ્નો વાર્ષિક અહેવાલ કાળજીપૂર્વક વાંચવો જોઈએ.આગામી વર્ષ દરમિયાન કોઈપણ સૂચકમાં કોઈ ઘટાડો થવો જોઈએ નહીં. દરેક પરિમાણમાં નોંધપાત્ર સુધારો થવો જોઈએ, અને આ આગામી વાર્ષિક અહેવાલમાં પ્રતિબિંબિત થવું જોઈએ. ડ્રગ્સ સામેની લડાઈ ગુપ્તચર-આધારિત હોવી જોઈએ. ડ્રગ્સની હેરફેર સામે લડવા માટે નેટવર્ક-કેન્દ્રિત વ્યૂહરચના અપનાવવી જોઈએ. ડ્રગ્સની હેરફેર સામેની લડાઈમાં કઠિન અને નિર્દય અભિગમ જરૂરી છે. કડક અને સંકલિત કાર્યવાહી દ્વારા જ આ પડકારને દૂર કરી શકાય છે.

નવા વિઝન દસ્તાવેજમાં 'નાર્કોટિક્સ કંટ્રોલ વિઝન ડોક્યુમેન્ટ ૨૦૨૬-૨૦૨૯' ડ્રગ્સની માંગ ઘટાડવા, હેરફેરની સપ્લાય ચેઈન તોડવા અને ડ્રગ વ્યસનીઓનું પુનર્વસન કરવા પર વિશેષ ભાર મૂકશે.

આ દસ્તાવેજ આગામી વર્ષોમાં ડ્રગ્સ સામેની રાષ્ટ્રીય વ્યૂહરચનાનો આધાર બનશે.

વિઝન ડોક્યુમેન્ટમાં સિન્થેટિક ડ્રગ્સનો વધતો ઉપયોગ અને ડાર્કનેટ દ્વારા ડ્રગ હેરફેર સહિત નવા પડકારોનો સામનો કરવા માટેની વ્યૂહરચનાઓનો પણ સમાવેશ થાય છે. વધુમાં, ડ્રગ વ્યસનથી પ્રભાવિત લોકો માટે જાગૃતિ ઝુંબેશ, સારવાર સુવિધાઓ અને પુનર્વસન સેવાઓને મજબૂત બનાવવા માટે એક વ્યાપક માળખું વિકસાવવામાં આવ્યું છે.

ગૃહમંત્રીએ 'ઓનલાઈન ડ્રગ ડિસ્પોઝલ પખવાડિયા અભિયાન' પણ શરૂ કર્યું. આ અભિયાન હેઠળ, દેશભરમાં જપ્ત કરાયેલા આશરે ૨૦૯,૫૦૦ કિલોગ્રામ ડ્રગ્સનો કાનૂની પ્રક્રિયા દ્વારા નાશ કરવામાં આવ્યો. આ ડ્રગ્સની અંદાજિત કિંમત આશરે ૬,૦૦૦ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. સરકારનું માનવું છે કે આ અભિયાન ડ્રગ્સ દાણચોરી નેટવર્કને નબળું પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ નવા વર્ષની શરૂઆતમાં ભારતની મુલાકાતે આવશે

## અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ કરી સત્તાવાર જાહેરાત

વોશિંગ્ટન

ભારત અને અમેરિકા વચ્ચેના વ્યૂહાત્મક અને વ્યાપારિક સંબંધો ટૂંક સમયમાં એક નવા સુવર્ણ યુગમાં પ્રવેશવા જઈ રહ્યા છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ એક બહુ મોટું એલાન કરતાં જણાવ્યું છે કે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી વર્ષની શરૂઆતમાં ભારતની મુલાકાતે આવશે. આ ઐતિહાસિક વીવીઆઈપી પ્રવાસને લઈને બંને દેશોના રાજદ્વારી વર્તુળોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ પોતે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના આ ભારત પ્રવાસની તૈયારીઓને આખરી ઓપ આપવા માટે ટૂંક સમયમાં જ ભારત આવી રહ્યા છે. આ મુલાકાતનો મુખ્ય હેતુ બંને દેશો વચ્ચે લાંબા સમયથી પ્રસ્તાવિત અને બહુપ્રતીક્ષિત ટ્રેડ ડીલને વહેલી તકે ફાઈનલ કરવાનો છે. બંને દેશો વચ્ચે વેપાર અને આયાત-નિકાસના નિયમોને વધુ મજબૂત બનાવવા માટે આ મુલાકાત અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.વિશ્વની સૌથી મોટી અને પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા વચ્ચેના સંબંધોને આ પ્રવાસથી નવી ઊંચાઈ મળશે.

તાજેતરમાં જ બંને દેશો વચ્ચે ટેરિફ બેનિફિટ્સ અને વ્યાપારિક શરતોને લઈને ઉચ્ચ સ્તરીય ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે અમેરિકી વિદેશ મંત્રીના આ એલાન અને રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની સંભવિત ભારત મુલાકાતથી અબજો ડોલરના વ્યાપારિક કરારો પર મહોર વાગવાની પૂરેપૂરી શક્યતા છે.

# ઈસ્લામ ધર્મ અંગીકાર કરનાર વ્યક્તિ ઓબીસી અનામતનો લાભ લેવા હકદાર નથી : મદ્રાસ હાઈકોર્ટ

## હાઈકોર્ટે તામિલનાડુ સરકારના વર્ષ ૨૦૨૪ ના તે સરકારી આદેશને પણ ગેરબંધારણીય જાહેર કરીને રદ કર્યો

મદ્રાસ

મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે ધર્માંતરણ અને અનામત અંગે એક અત્યંત મહત્વપૂર્ણ કેસમાં મોટો ચુકાદો આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે ઈસ્લામ ધર્મ અપનાવનારી વ્યક્તિ માત્ર 'મુસ્લિમ' ગણાશે, તે કોઈ વિશેષ પછાત મુસ્લિમ સમુદાયના હોવાનો દાવો કરીને અનામતનો લાભ મેળવી શકે નહીં. આ સાથે જ હાઈકોર્ટે તામિલનાડુ સરકારના વર્ષ ૨૦૨૪ ના તે સરકારી આદેશને પણ ગેરબંધારણીય જાહેર કરીને રદ કરી દીધો છે. જેમાં ધર્મ પરિવર્તન કરનારાઓને અધર બેકવર્ડ ક્લાસનો દરજ્જો આપવાની જોગવાઈ કરવામાં આવી હતી.

આ કેસ તૂતીકોરીન જિલ્લાના એક વ્યક્તિની અરજી સાથે જોડાયેલો હતો. હિન્દુ પરિવારમાં જન્મેલા આ વ્યક્તિએ વર્ષ ૨૦૧૫ માં ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો અને પોતાનું નામ પણ બદલી નાખ્યું હતું. ત્યારબાદ તેણે પોતાને 'મુસ્લિમ લેબ્બઈ' સમુદાયના ગણાવીને પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર માંગ્યું હતું, પરંતુ સ્થાનિક તલાટીએ તેની અરજી ફગાવી દીધી હતી. તલાટીના આ નિર્ણયને પડકારતા તે હાઈકોર્ટ પહોંચ્યો હતો. સુનાવણી દરમિયાન રાજ્ય સરકારે દલીલ કરી હતી કે જેઓ પહેલા હિન્દુ ધર્મમાં OBC, MBC, DNC કે SC હેઠળ અનામતનો લાભ લેતા હતા, તેઓ મુસ્લિમ બન્યા પછી પણ ઓબીસી તરીકે લાભ મેળવી શકે તે માટે ૨૦૨૪ નો આદેશ બહાર પડાયો હતો.જો કે, જસ્ટિસ જી.આર. સ્વામીનાથન અને જસ્ટિસ પી.બી. બાલાજીની ખંડપીઠે સરકારની દલીલોને સંપૂર્ણપણે ફગાવી દીધી હતી. અદાલતે જણાવ્યું કે ૧૯૫૧ માં જ મદ્રાસ હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે હિન્દુ ધર્મમાંથી ઈસ્લામ સ્વીકારનાર વ્યક્તિ માત્ર મુસ્લિમ જ રહે છે, તેનો સામાજિક દરજ્જો તેની જૂની જ્ઞાતિથી નક્કી થતો નથી. આ સિદ્ધાંતને સુપ્રીમ કોર્ટે પણ સ્વીકાર્યો છે.

# શ્રીલંકામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ગુપ્ત બેઠક, ભાજપના નેતા અને નવાઝના રાજદૂત સામેલ

કોલંબો,

ભારત અને પાકિસ્તાનના અધિકારીઓ વચ્ચે આ અઠવાડિયે કોલંબોમાં એક ગુપ્ત બેઠક યોજાઈ હતી. એક પાકિસ્તાની અખબારે દાવો કર્યો છે કે "ટ્રેક ૧.૫ ડાયલોગ" હેઠળ પાકિસ્તાન અને ભારતના અધિકારીઓએ એક દુર્લભ બેઠક યોજી હતી. આ બેઠકમાં ભૂતપૂર્વ રાજદ્વારીઓ, નિવૃત્ત લશ્કરી અધિકારીઓ અને શાસક ગઠબંધનના રાજકારણીઓએ હાજરી આપી હતી.

ગયા વર્ષે ચાર દિવસના મડાગાંઠ પછી બંને પક્ષો વચ્ચે આવી ઘણી અનૌપચારિક વાતચીત થઈ છે, પરંતુ પાકિસ્તાન અને ભારતના વર્તમાન અધિકારીઓની સંડોવણી અસામાન્ય છે. સૂત્રોએ ગુરુવારે ધ એક્સપ્રેસ ટ્રિબ્યુનને જણાવ્યું હતું કે બંને દેશોના વિદેશ મંત્રાલયના અધિકારીઓએ "ટ્રેક ૧.૫ ડાયલોગ" માં ભાગ લીધો હતો, જેમાં ભૂતપૂર્વ રાજદ્વારીઓ, નિવૃત્ત લશ્કરી અધિકારીઓ અને રાજકારણીઓ પણ સામેલ હતા.

પાકિસ્તાની અખબારે દાવો કર્યો છે કે સહભાગીઓમાં ભાજપના એક વરિષ્ઠ પ્રતિનિધિ અને પાકિસ્તાનના શાસક ગઠબંધનના એક વરિષ્ઠ રાજકારણીનો સમાવેશ થાય છે. પાકિસ્તાનના શાસક પક્ષ,પીએમએલ એનના નેતા નવાઝ શરીફ છે, જે શાહબાઝ શરીફના મોટા ભાઈ છે. આ બેઠકમાં ભારતીય સેનાના ભૂતપૂર્વ વડા અને પાકિસ્તાની સેનાના નિવૃત્ત ટુ-સ્ટાર અધિકારી પણ સામેલ હતા, જેઓ સેવા છોડ્યા પછી બંને દેશો વચ્ચે બેકચેનલ પ્રયાસોમાં સામેલ છે.

એક્સપ્રેસ ટ્રિબ્યુન દાવો કરે છે કે તેમની પાસે હાજર રહેલા અધિકારીઓ વિશે માહિતી છે, પરંતુ સંવેદનશીલતાને કારણે તેમને જાહેર કરી રહી નથી. ભારત કે પાકિસ્તાન બંનેમાંથી કોઈએ પણ આ વાટાઘાટો પર સત્તાવાર રીતે ટિપ્પણી કરી નથી. શ્રીલંકાના મીડિયા અહેવાલોએ ભારતીય અને પાકિસ્તાની પ્રતિનિધિઓ વચ્ચેની વાટાઘાટોની પુષ્ટિ કરી છે.

# કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વિના એક સિંગલ મકાનનું ડિમોલેશન ગેરકાયદેસર : કોર્ટ

## સુરતના નાસિરનગરમાં અંદાજે ૧૫૦ જેટલા મકાનો જમીનદોસ્ત કરી દેવાના મામલે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી

અમદાવાદ

ગત મે મહિનામાં સુરતના નાસિરનગરમાં અંદાજે ૧૫૦ જેટલા મકાનો જમીનદોસ્ત કરી દેવાના મામલે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આવડા મોટા ડિમોલિશન બાદ કોઈપણ સત્તાધિકારી તેની જવાબદારી લેવા તૈયાર ન હોવાથી હાઈકોર્ટે રાજય સરકાર, સુરત મહાનગરપાલિકા અને ટોરેન્ટ પાવરને આકરા સવાલો કર્યા હતા. નોટિસ કે ડિમોલેશન ઓર્ડર વગર જ બુલડોઝર ફેરવી દેવાયાના આક્ષેપ સાથે સ્થાનિકોએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે, જયાં જસ્ટિસ નિખિલ કરિયલે મૌખિક અવલોકન કરતા જણાવ્યું હતું કે, કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વિના એક સિંગલ મકાનનું ડિમોલેશન પણ સાંખી શકાય નહીં.

હાઈકોર્ટે વિસ્થાપિત થયેલા પરિવારોના પુનઃવસન માટે સુરત કોર્પોરેશનને આગામી સોમવાર સુધીમાં ચોક્કસ પ્લાન રજૂ કરવા આદેશ આપ્યો હતો. કોર્ટે આકરા વલણ સાથે જણાવ્યું હતું કે, 'અમારી પાસે રહેવાની વ્યવસ્થા નથી તેવી દલીલો હું સાંભળીશ નહીં, જરૂર પડે તો ટેન્ટ ભાડે રાખો... જેનો વાંક હશે તેની સામે કડક પગલાં ભરાશે.' કોર્ટે સરકારને સવાલ કર્યો હતો કે જો આ કોઈ સત્તાવાર ડિમોલેશન નહોતું, તો પછી ત્યાં ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી) સ્તરના અધિકારી અને પાલિકાના કર્મચારીઓ શા માટે હાજર હતા?

સુનાવણી દરમિયાન કોર્ટે પોલીસની ભૂમિકા સામે પણ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. સરકારી વકીલ મારફતે કોર્ટે સુરત પોલીસ કમિશનર પાસે સોમવાર સુધીમાં સોગંદનામું માંગ્યું હતું. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, કાં તો કમિશનર એમ કહે કે આ કોર્પોરેશનનું સત્તાવાર ડિમોલેશન હતું, અથવા એ સ્પષ્ટ કરે કે આટલી મોટી ઘટના બની હોવા છતાં અત્યાર સુધી શા માટે કોઈ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી નથી. જો ડિમોલેશન વખતે ડીસીપી હાજર હોવાના આક્ષેપો સાચા સાબિત થશે, તો તે અધિકારીએ કોર્ટમાં વ્યક્તિગત રીતે હાજર રહેવું પડશે. આ સાથે કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે, સુરત શહેર પોલીસ કમિશનરને ફરિયાદ નહીં લેવાનું કારણ, કોણ કોણ અધિકારીઓ ઉપસ્થિત હતા તેમજ અરજદારે ડિમોલિશન સ્થળે હાજર પોલીસ કર્મચારીઓના નામ કે હોદ્દા કેમ નથી જણાવ્યા તે સહિતના પ્રશ્નો કર્યા હતા.

આ વિવાદમાં વીજ પુરવઠો કાપવા બદલ ટોરેન્ટ પાવરને પણ પક્ષકાર બનાવવા જણાવ્યું હતું. આગામી સુનાવણીની તારીખ ૨૯ જૂનના રોજ ટોરેન્ટ પાવરના વકીલને યોગ્ય સૂચનાઓ સાથે કોર્ટમાં હાજર રહેવા આદેશ કરાયો છે. ટોરેન્ટ પાવરના ખુલાસા પરથી એ સ્પષ્ટ થશે કે વીજળી કાપવાની સૂચના કોર્પોરેશન તરફથી મળી હતી કે કોઈ ખાનગી વ્યક્તિઓ દ્વારા આપવામાં આવી હતી, જેનાથી સમગ્ર ઓપરેશનના સૂત્રધાર સુધી પહોંચવામાં મદદ મળશે.

# આમ આદમી પાર્ટી ધારાસભ્ય ચૈતર વસાવાને હાથો બનાવી રાજકારણ રમે છે: સાંસદ મનસુખ વસાવા

અમદાવાદ,

ડેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને કોર્ટ દ્વારા , વનકર્મી પર હુમલાના કેસમાં ફટકારવામાં આવેલી ૭ વર્ષની સજાના ચુકાદા બાદ રાજકારણ ગરમાયું છે. આ મામલે ભાજપના સાંસદ મનસુખ વસાવાએ આપ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, 'આમ આદમી પાર્ટીના નેતાઓ ચૈતર વસાવાને માત્ર હાથો બનાવીને ગુજરાતમાં પોતાનું રાજકારણ ચમકાવવા અને પક્ષને મજબૂત કરવાના ગતકડાં કરી રહ્યા છે.'

ભાજપ સાંસદ મનસુખ વસાવાએ આપ નેતા ગોપાલ ઈટાલિયા સહિત 'આમ આદમી પાર્ટી'ની સમગ્ર ટીમ અને દિલ્હીના નેતાઓ સામે સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે, 'જ્યારે સમગ્ર મામલો કોર્ટમાં હતો, ત્યારે પક્ષના નેતાઓએ ચૈતર વસાવાની ચિંતા કેમ ના કરી? તે સમયે કોઈ સારો વકીલ કેમ રોકવામાં ન આવ્યો? હવે જ્યારે સજા થઈ ગઈ છે, ત્યારે દિલ્હીના બે અને ગુજરાતના આઠ વકીલો કેસ લડશે તેવી વાતો કરવામાં આવી રહી છે. જો આટલી જ ચિંતા હતી તો આ વકીલો કેસ ચાલતો હતો ત્યારે ક્યાં ગયા હતા?'

તેમજ વધુમાં સાંસદ મનસુખ વસાવા જણાવ્યું હતું કે, 'ચૈતર વસાવા પોતે આ બધું સારી રીતે સમજે છે. એટલે જ તેઓ સરકારના અને મુખ્યમંત્રીના વખાણ પણ કરતા હતા. તેમના વિસ્તારના કામો થાય છે તે માટે તેઓ મુખ્યમંત્રીને રૂબરૂ મળતા પણ હતા અને આ વાતનો તેમણે પોતે સ્વીકાર કર્યો હતો. હજુ ૧૫ દિવસ પહેલા જ અમે બંને એક મંચ પર સાથે હતા ત્યારે અમારી વચ્ચે સકારાત્મક વાતો થઈ હતી અને તેઓ પોતાની રીતે આગળ વધી રહ્યા હતા.'આપ પર આક્ષેપ કરતા સાંસદ મનસુખ વસાવા જણાવ્યું હતું કે, 'જ્યારે ચૈતર વસાવા ખરેખર મુસીબતમાં હતા, ત્યારે આમ આદમી પાર્ટી તેમની વહારે આવી નહોતી. હવે જ્યારે ચુકાદો આવી ગયો છે ત્યારે દિલ્હીના નેતાઓ દોડી આવશે. આ લોકો માત્ર ચૈતર વસાવાના ખભે બંદૂક મૂકીને ગુજરાતમાં આપને મજબૂત કરવા ઈચ્છે છે, તેમને ચૈતર વસાવા કે આદિવાસી સમાજની કોઈ સાચી ચિંતા નથી.'

# અમદાવાદમાં લકઝરી બસમાંથી આશરે ૧૦ કરોડનું ટ્રામાડ્રોલ ડ્રગ્સ ઝડપ્યું

અમદાવાદ,

દિવસે ને દિવસે અમદાવાદમાં ડ્રગ્સની હેરાફેરીના બનાવો વધુ પ્રમાણમાં સામે આવી રહ્યાં છે ત્યારે એટીએસ દ્વારા શહેરમાં શાહિબાગ વિસ્તારમાં આવેલ નમસ્તે સર્કલ પાસેથી ટ્રામાડોલના જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે.

ગુજરાત એટીએસના ડીઆઈજી સુનિલ જોશીએ જણાવ્યું હતું કે, એટીએસના ડીવાયએસપીને બાતમી મળી હતી. જેને લઈને તપાસ શરૂ કરાઈ હતી. પરેશ પારસમલ જૈનને ટ્રામાડોલના જથ્થા સાથે ઝડપ્યો હતો. આ જથ્થો વલસાડ ખાતેથી લાવીને રાજસ્થાન મોકલવામાં આવી રહ્યો હતો. આરોપીને એટીએસ દ્વારા શાહિબાગ વિસ્તારમાં નમસ્તે સર્કલ પાસેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી પાસેથી અંદાજિત ૮.૩૨ કરોડની ટ્રામાડોલ ટેબ્લેટ જપ્ત કરવામાં આવી છે.

સાથેજ આ મામલે એટીએસના ડીઆઈજી સુનિલ જોશીએ વધુમાં જણાવ્યું હતું કે, બસમાં તપાસ કરતાં ખાખી પૂંઠાના ૬ બોક્સ મળી આવ્યા હતાં. ૨૦૧૮ના ભારત સરકારના નોટિફિકેશન બાદ આ પ્રકારની દવાઓનો નાર્કોટિક્સમાં સમાવેશ થાય છે. આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને કોર્ટે તેના સાત દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ડ્રગ્સની હેરાફેરીને રોકવા માટે પોલીસ સક્રિય થઈ ગઈ છે.એટીએસ દ્વારા હવે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. તપાસનું મુખ્ય ફોકસ આ ડ્રગ્સનો સ્રોત ક્યાંથી છે, આંતરરાજ્ય કે આંતરરાષ્ટ્રીય સ્તરે કયા નેટવર્ક સક્રિય છે અને ગુજરાતમાં આ જથ્થો કોને ડિલિવર કરવાનો હતો તેના પર છે.

# વીજ બચત એ જ વીજ ઉત્પાદનના મંત્ર સાથે સરકારી કચેરીઓમાં વીજ બચત અભિયાનનો પ્રારંભ

## સૂર્યપ્રકાશથી સોલર સુધી, ગુજરાત સરકારનો ગ્રીન એનર્જી રોડમેપ: સરકારી કચેરીઓમાં ઊર્જા બચત અંગે માર્ગદર્શિકા જાહેર

ગ્લોબલ વોર્મિંગ અને દિન-પ્રતિદિન વધતા જતા તાપમાનને કારણે વીજળીની માંગમાં સતત વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિને પહોંચી વળવા માટે રાજ્યની તમામ સરકારી-અર્ધસરકારી કચેરીઓ, બોર્ડ-કોર્પોરેશનો અને જાહેર ઈમારતોમાં ઊર્જા કાર્યક્ષમતા તેમજ બચત માટે એક વ્યાપક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ગુજરાત સરકારના ઊર્જા બચાવો અભિયાન અંતર્ગત ઊર્જા અને પેટ્રોકેમિકલ તેમજ માર્ગ અને મકાન વિભાગ દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય કામકાજની ક્ષમતાને અસર કર્યા વિના બિનજરૂરી વીજ વપરાશ ઘટાડીને નાણાકીય શિસ્ત અને પર્યાવરણીય લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાનો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને ઊર્જા-પેટ્રોકેમિકલ્સ મંત્રી



શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર તમામ જાહેર ક્ષેત્રોમાં ઊર્જા કાર્યક્ષમતા, ઊર્જા ઉત્પાદન, ટકાઉ વિકાસ અને ખર્ચ-અસરકારકતાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. રાજ્યની સરકારી કચેરીઓ અને વહીવટી ઈમારતો એ સંસ્થાકીય વીજળી વપરાશનો એક મહત્વપૂર્ણ ભાગ છે. જ્યાં કામકાજની ક્ષમતાને અસર કર્યા વિના મોટા પ્રમાણમાં ઊર્જા બચાવી શકાય છે, જેને અનુલક્ષીને રાજ્ય સરકાર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ માર્ગદર્શિકા મુજબ વીજ બચતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર કચેરીને રાજ્ય સરકાર દ્વારા સન્માનિત પણ કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા તમામ અધિકારીઓ અને કર્મચારીઓ માટે જવાબદારીપૂર્વકના ઊર્જા વપરાશની વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. ઓફિસ સમય પૂર્ણ થયા બાદ, સપ્તાહના અંતે અથવા જાહેર રજાઓના દિવસોમાં તમામ લાઈટ, પંખા, એસી અને કમ્પ્યુટર સિસ્ટમ ફરજિયાત બંધ રાખવાની રહેશે. જે અધિકારીઓ રજા પર કે ફિલ્ડ ડ્યુટી પર હોય તેમની ખાલી કેબિનના વીજ ઉપકરણો પણ બંધ રાખવા માટે કચેરીના વડાઓએ દૈનિક દેખરેખ રાખવાની રહેશે તેમજ દરેક મોટા વિભાગમાં 'નોડલ અધિકારી' ની નિમણૂક કરવામાં આવશે.

# બનાસકાંઠામાં ટેન્કર અને બાઈક વચ્ચે અકસ્માતમાં રાજસ્થાનના યુવકનું મોત

અમીરગઢ,

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારમાં આવેલ અમીરગઢ પોલીસ ચેકપોસ્ટ નજીક નેશનલ હાઈવે પર એક બાઈક અને ટેક્કર વચ્ચે કાળજું કંપાવી દેનારો અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો જોખમી અને ભયંકર હતો કે બાઈક ધડાકાભેર ટેક્કરના આગળના ભાગમાં ઘૂસી ગઈ હતી અને વ્હીલ વચ્ચે ખરાબ રીતે ફસાઈ ગઈ હતી. ટક્કરનો અવાજ સાંભળીને આસપાસના લોકો તેમજ ચેકપોસ્ટ પર હાજર પોલીસકર્મીઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા.

આ માર્ગ અકસ્માતમાં બાઈક ચાલક યુવાનને શરીરે અને માથાના ભાગે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ કરુણ અને કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. પોલીસે હાઈવે પર ફસાયેલી બાઈક અને ટેક્કરને બાજુ પર ખસેડીને વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. મૃતક યુવકના શવને કબજે કરીને પીએમની કાર્યવાહી માટે અમીરગઢ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી આપવામાં આવ્યો હતો. મરણજનાર યુવકની ઓળખ વિધિ કરતાં તે પાડોશી રાજય રાજસ્થાનના ખારા ગામનો હોવાનું સામે આવ્યું છે.

માર્ગ અકસ્માત અંગેની પ્રાથમિક તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, નેશનલ હાઈવે પર હાલ રોડ રિપેરિંગ અથવા ડાયવર્ઝનનું કામ ચાલી રહ્યું હતું. રોડની કામગીરીના કારણે હાઈવેના માર્ગને વન-વે કરવામાં આવ્યો હતો.

# મોબાઈલ ગેમીંગની લત બની માતા પિતા માટે ચિંતાનો વિષય!

## મોબાઈલ ગેમના શોખીન સગીરને માતા-પિતાએ ઠપકો આપતા ભાગી ગયેલ સગીરને પરત શોધી કાઢતી સુરત પોલીસ

સુરત,

જીલ્લાના કામરેજ તાલુકામાં આવેલ ખોલવડ વિસ્તારમાં લગભગ પાંચ દિવસ અગાઉ ગુમ થયેલ ૧૧ વર્ષીય બાળક સુરક્ષિત મળી આવતા પરિવારમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. આ બાળક સુરતથી આશરે ૧૪૦૦ કિમી દૂર વારાણસી રેલવે સ્ટેશનથી મળી આવ્યો હતો.

આ મામલે મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ખોલવડમાં રહેતો ૧૧ વર્ષીય બાળક મોબાઈલ ગેમનો ભારે શોખીન હતો. મોબાઈલના વધુ પડતા ઉપયોગને કારણે વાલીઓએ



તેને અભ્યાસમાં ધ્યાન આપવા માટે ઠપકો આપ્યો હતો. આ વાતનું માઠું લાગી આવતા બાળકે ઘર છોડીને ભાગી જવાનો નિર્ણય કર્યો હતો.

બાળકના પરિવારજનોએ કામરેજ પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવતા પોલીસે તાત્કાલિક તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પીઆઈ આર.બી. ગોજીયાના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમે વિસ્તારના ૭૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. ફૂટેજમાં બાળક કામરેજ ચોકડીથી રેલવે સ્ટેશન તરફ જતો હોવાનું જણાઈ આવ્યું હતું.ત્યારબાદ, સુરત રેલવે આરપીએફ (RPF) સાથે સંકલન સાધી પોલીસે બાળકની શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે બાળક બિહાર જતી ટ્રેનમાં સવાર થયું હતું. આખરે, વારાણસી રેલવે સ્ટેશન પર બાળકને ટ્રેસ કરી લેવામાં આવ્યું હતું અને કામરેજ પોલીસે તેને સુરક્ષિત રીતે સુરત લાવી પરિવારને સોંપ્યું હતું.

# ખાડિયાની સોનીની દુકાનમાં ફાયરિંગ કરીને ૧.૫૧ કરોડોની લૂંટ કરનાર મુખ્ય આરોપી આખરે ઝડપાયો

## ઝોન-૩ લોકલ ક્રાઈમ બ્રાન્ચે આરોપી પાસેથી હથિયાર પણ કબજે કર્યું

અમદાવાદ,

અમદાવાદના ખાડિયા વિસ્તારમાં વર્ષ ૨૦૨૪ દરમિયાન બનેલા ફાયરિંગ સાથેના ચકચારી લૂંટ કેસમાં પોલીસે મહત્વની સફળતા મેળવી છે. ઝોન-૩ લોકલ ક્રાઈમ બ્રાન્ચએ કરોડો રૂપિયાના મુદ્દામાલની લૂંટમાં સંડોવાયેલા મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. આરોપી પાસેથી હથિયાર પણ કબજે કરવામાં આવ્યું છે અને હાલ તેની વધુ પૂછપરછ ચાલી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૪માં ખાડિયાની એક સોનીની દુકાનમાં મોઢા પર રૂમાલ બાંધીને એક શખ્સ પિસ્તોલ સાથે ઘૂસ્યો હતો. આરોપીએ ફાયરિંગ કરી દુકાનમાં હાજર લોકોને ભયભીત કર્યા બાદ સોનાના બિસ્કિટ, સોનાનો વીટીઓ સહિત અંદાજે ૧.૫૧ કરોડના દાગીના અને કિંમતી મુદ્દામાલની લૂંટ ચલાવી ફરાર થઈ ગયો હતો.

આ કેસમાં તપાસ સતત ચાલી રહી હતી. દરમિયાન જામનગરમાં હથિયાર ચોરીના એક અલગ કેસની તપાસ દરમિયાન પોલીસને મહત્વના પુરાવા મળ્યા હતા.

# ડીઆરઆઈએ સુરતમાં ૨ કિલો કોકેનનો જથ્થો જપ્ત કર્યો; ૧ વ્યક્તિની ધરપકડ

સુરત,

નશીલા પદાર્થોની હેરફેર (ડ્રગ ટ્રાફિકિંગ) ને રોકવા અને માદક પદાર્થોના સપ્લાય નેટવર્કને નેસ્તનાબૂદ કરવા માટેના પોતાના સતત પ્રયાસોના ભાગરૂપે, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ એ આજે સુરતમાં ૨ કિલો કોકેન જપ્ત કર્યું છે અને એનડીપીએસ એક્ટ, ૧૯૮૫ ની સંબંધિત જોગવાઈઓ હેઠળ આ ગેરકાયદેસર હેરફેરમાં સામેલ એક વ્યક્તિની ધરપકડ કરી છે.

આ જપ્તી ઉપરાંત, ડીઆરઆઈ એ મુંબઈ, દિલ્હી, જયપુર, પટના, કોચિન અને અમદાવાદમાં વિવિધ એરપોર્ટ, રેલવે સ્ટેશનો, કુરિયર ટર્મિનલ્સ અને હાઈવે પર શ્રેણીબદ્ધ કામગીરી હાથ ધરી છે અને ગયા મહિનાથી અત્યાર સુધીમાં સામૂહિક રીતે અંદાજે ૨૬ કિલો કોકેન જપ્ત કર્યું છે. આ કામગીરી દરમિયાન ૧૪ વિદેશી નાગરિકો સહિત ૨૨ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી.

આ પ્રતિબંધિત સામગ્રીની હેરફેર વિવિધ મોડસ ઓપરેન્ડી દ્વારા કરવામાં આવી હતી, જેમ કે ઈન્જેશન (શરીરની અંદર છુપાવવા માટે ડ્રગ્સથી ભરેલા કેપ્સ્યુલ્સ અથવા પેલેટ્સ ગળી જવા), ઘરગથ્થુ અને ખાદ્ય ચીજોમાં છુપાવવું, કાપડ-કપડાના ટુકડાને તેમાં પલાળવા, સામાન (બેગેજ) માં છુપાવવું વગેરે.

આયોજિત અને સંકલિત કામગીરી દ્વારા, ડીઆરઆઈ (ઢઈ) એ માદક દ્રવ્યો અને સાયકોટ્રોપિક પદાર્થોની હેરફેરમાં સંકળાયેલા સંગઠિત સિન્ડિકેટ્સને સતત નિશાન બનાવ્યા છે, જે ભારત સરકારના 'નશા મુક્ત ભારત' ના વિઝનમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે.

દર વર્ષે, ૨૬ જૂનને આંતરરાષ્ટ્રીય નશાખોરી અને ગેરકાયદેસર હેરફેર વિરોધી દિવસ (ઈન્ટરનેશનલ ડે અગેન્સ્ટ ડ્રગ એબ્યુઝ એન્ડ ઈલિસિટ ટ્રાફિકિંગ) તરીકે ઉજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર (યુનાઈટેડ નેશન્સ) દ્વારા ૧૯૮૭ માં સ્થાપિત આ દિવસ વૈશ્વિક પ્રવૃત્તિઓને મજબૂત કરવા, નશીલા પદાર્થોના સેવનની વિનાશક અસરો વિશે જાગૃતિ લાવવા અને ગેરકાયદેસર ડ્રગ્સના વેપાર સામે લડવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે સમર્પિત છે.

# પરંપરા, પ્રગતિ અને આત્મનિર્ભરતાનું પ્રતીક પીઠોરા પેઈન્ટિંગ VGRCમાં આકર્ષણનું કેન્દ્ર

## આદિવાસી આસ્થાનું પ્રતીક આજે વૈશ્વિક બજારમાં આત્મનિર્ભરતાનું માધ્યમ બની રહ્યું છે

અમદાવાદ,

મધ્ય ગુજરાત ક્ષેત્ર માટે યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (ફ્ય્ઈઝ), જે ૨૯ અને ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ વડોદરાની ય્જીહ્લઝ યુનિવર્સિટી ખાતે યોજાશે, તે માત્ર ઔદ્યોગિક અને આર્થિક વિકાસને જ નહીં, પરંતુ ગુજરાતની સમૃદ્ધ હસ્તકલા અને સાંસ્કૃતિક વારસાને પણ વૈશ્વિક મંચ આપશે.

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના "વિકસિત ભારતજ૨૦૪૭" અને "વોકલ ફોર લોકલ"ના વિઝનને અનુરૂપ, મધ્ય ગુજરાતના વિવિધ GI-ટેગ ધરાવતા ઉત્પાદનો અને હસ્તકલાઓને આ પરિષદ દરમિયાન વિશેષ સ્થાન આપવામાં આવશે. આ પહેલનો મુખ્ય હેતુ પરંપરાગત કારીગરોને આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડીને તેમને નવી તકો પ્રદાન કરવાનો છે.

આ જ પરિસરમાં ૨૯ જૂનથી ૩ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન (VGRE)માં મધ્ય ગુજરાતની પ્રસિદ્ધ પીઠોરા પેઈન્ટિંગ પણ પ્રદર્શિત કરવામાં આવશે. ૈંટેગ પિથોરા કલાની અનોખી ઓળખ, ગુણવત્તા અને તેના મૂળ પ્રદેશ સાથેના ગાઢ સંબંધનું પ્રમાણપત્ર છે.

આસ્થાથી આજીવિકા સુધીની સફર પીઠોરા કલા મૂળરૂપે છોટાઉદેપુર, વડોદરા અને પંચમહાલ જિલ્લાના રાઠવા, ભીલ અને ભીલાલા સમુદાયો દ્વારા ધાર્મિક વિધિ તરીકે આદિવાસી ઘરોની માટીની દિવાલો પર આંકવામાં આવતી હતી. માનવ, પ્રકૃતિ અને દૈવી શક્તિ વચ્ચે સુમેળ જળવાઈ રહે તે માટે આ ચિત્રો પ્રાર્થનાના સ્વરૂપે રચાતા હતા.

સમયની સાથે આ પરંપરાગત કલા દિવાલોથી બહાર આવી અને કેનવાસ, કાગળ તથા અન્ય આધુનિક માધ્યમો સુધી પહોંચી. આ પરિવર્તને પીઠોરા કલાને વધુ લોકો સુધી પહોંચાડવાની સાથે આર્ટીસ્ટો માટે આવકના નવા દ્વાર પણ ખોલ્યા છે. આજે અનેક યુવા કલાકારો પરંપરાગત મૂલ્યોને જાળવી રાખીને આધુનિક અભિવ્યક્તિ દ્વારા આ કલાને વૈશ્વિક ઓળખ અપાવી રહ્યા છે.

પરંપરાગત માટીના ઘરોની જગ્યાએ આધુનિક રહેણાંકના વધતા પ્રભાવ વચ્ચે આ અનમોલ વારસાને જાળવી રાખવા માટે ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ (GSHHDC) તેની જાણીતી 'ગરવી ગુર્જરી' બ્રાન્ડ મારફતે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.ક્લસ્ટર વિકાસ, તાલીમ, ડિઝાઈન વિકાસ, પ્રદર્શનો અને સીધી કલાકૃતિ ખરીદી જેવી પહેલો દ્વારા આર્ટિસ્ટોને સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

# વડોદરામાં વેપારી ઉપર ફાયરિંગની ઘટના

## વાઘોડિયા રોડ પર કાર લઈને જતા દિલ્હીના વેપારી ઉપર બાઈક સવાર બે શખ્સે ફાયરિંગ કરી ગંભીર ઈજા પહોંચાડી

વડોદરા

વડોદરાના વાઘોડિયા ચોકડીથી વાઘોડિયા જવાના મુખ્ય માર્ગ પર ગઈ મોડી રાત્રે ફાયરિંગની ઘટના સામે આવી છે. કાર લઈને પસાર થઈ રહેલા મૂળ દિલ્હીના અને ગારમેન્ટનો વ્યવસાય કરતા યુવક પર બાઈક પર આવેલા બે અજાણ્યા શખસોએ ઓવરટેક કરીને ફાયરિંગ કર્યું હતું. ગોળી યુવકના ખભાના ભાગે વાગતા તે લોહીલુહાણ થઈ ગયો હતો. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને પોલીસના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.મળતી માહિતી મુજબ, મૂળ દિલ્હીના રહેવાસી આશિષ મદનલાલ બાકોલિયા વડોદરામાં ગારમેન્ટના બિઝનેસ સાથે સંકળાયેલા છે. ગઈ મોડી રાત્રે તેઓ વાઘોડિયા ચોકડી નજીકથી પોતાની કાર લઈને પસાર





થઈ રહ્યા હતા. આ દરમિયાન બાઈક પર આવેલા બે અજાણ્યા હુમલાખોરોએ તેમની કારને ઓવરટેક કરીને આંતરી હતી. કંઈ પણ સમજાય તે પહેલાં હુમલાખોરોએ આશિષ પર સીધું ફાયરિંગ કરી દીધું હતું. હુમલાખોરો વેપારીના ખભાના ભાગે ગોળી મારીને બાઈક પર તરત જ ફરાર થઈ ગયા હતા.

ફાયરિંગના અવાજ સાંભળીને આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક લોકોએ યુવકને લોહીલુહાણ હાલતમાં કારમાંથી બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે.

આ હુમલા અંગે માહિતી આપતા ડીવાયએસપી પી. એન. પટેલે જણાવ્યું હતું કે, 'વાઘોડિયા ચોકડી નજીક યુવક કાર લઈને જતો હતો ત્યારે બે શખસોએ આવી ઓવરટેક કરી તેની ઉપર ફાયરિંગ કર્યું હતું. આસપાસના સીસીટીવી (CCTV) ફૂટેજ અને ટેક્નિકલ પુરાવાઓના આધારે હુમલાખોરોની શોધખોળ ચાલુ કરી દેવામાં આવી છે. ફાયરિંગ પાછળ અંગત અદાવત છે કે અન્ય કોઈ કારણ, તેની તપાસ માટે અલગ-અલગ ટીમો કામે લગાડવામાં આવી છે.

# જામનગરમાં તાજીયાના જુલુસમાં માનવ મહેરામણ ઉમટી પડયું


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગરમાં મુસ્લિમોના મહોરમના શહાદત અને માતમના તહેવાર નિમિત્તે શુક્રવારે સાંજે ખોજા ગેઈટથી, મદરેસા રોડ, રંગુનવાલા હોસ્પિટલ રોડ, અકબરશા મસ્જીદ રોડ ઉપર જુદા-જુદા કલાત્મક તાજીયાનું જુલુસ યોજાયું હતું. જેમાં હજારો મુસ્લિમ ભાઈઓ-બહેનો ભાવભેર જોડાયા હતા. કરબલાના શહિદોના માનમાં અને તેઓના માતમના આ તહેવાર નિમિત્તે જામનગરમાં બેડી, જોડીયાભુંગા, માધાપર ભુંગા, ગઢની રાંગના સંખ્યાબંધ વિસ્તારોમાં કલાત્મક તાજીયા બનાવવામાં આવે છે. આ મહોરમમાં બેડી વિસ્તારમાં તો મસ્જીદની પ્રતિકૃતિ સમાન ડેકોરેટેડ સેટ ઉભો કરવામાં આવ્યો હતો. મહોરમ નિમિત્તે આ વિસ્તારની રોશની દર્શનિય હોય છે.

## લાલપુર નજીક બાઈક આડે રોઝડું આડું આવતા ચાલકનું મૃત્યુ, પત્ની-પુત્રીને ઈજા

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર નજીક ગોવાણા-લાલપુર માર્ગ પર બાઈક આડે રોઝડું આડું આવતાં સર્જાયેલા અકસ્માતમાં ચાલક ખેડૂતને ગંભીર ઈજાઓ થતા સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે, જ્યારે તેમની પત્ની અને પુત્રીને સામાન્ય ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ લાલપુરના નાંદુરી રોડ સ્થિત દ્વારકાધીશ સોસાયટીમાં રહેતા અને મૂળ ગોવાણા ગામના ચંદુભાઈ મારખીભાઈ કારેણા નામનો યુવાન પત્ની હંસાબેન અને પુત્રી મયુરીબેન સાથે બાઈક નંબર જીજે-૧૦-ડીએચ-૫૩૧૨ પર ગોવાણા ગામથી લાલપુર પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન ગોવાણા ચેકપોસ્ટ નજીક કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરના પાટિયા પાસે અચાનક માર્ગ પર રોઝડું આવી જતાં બાઈક તેની સાથે અથડાઈ હતી. જેના કારણે ત્રણેય માર્ગ પર પટકાયા હતા.

જેમાં હંસાબેન અને મયુરીબેનને સામાન્ય ઈજાઓ પહોંચી હતી, જ્યારે ચંદુભાઈને માથાના ભાગે ગંભીર ઈજા સહિત શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેમને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે લાલપુર પોલીસે અકસ્માત મૃત્યુની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## કાલાવડના જશાપર ગામે માતાજીનું ડાકલું લેવા બાબતે પિતા-પુત્ર પર હુમલો

જામનગર : કાલાવડ તાલુકાના જશાપર ગામમાં માતાજીનું ડાકલું લેવા બાબતે થયેલી બોલાચાલી બાદ બે શખ્સોએ યુવાન અને તેના પિતા પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ કાલાવડ તાલુકાના જશાપર ગામે રહેતો અમિતભાઈ ચંદ્રેશભાઈ મકવાણા નામના યુવાનના ઘરે આરોપી રાઘવ હરસુખભાઈ મકવાણા માતાજીનું ડાકલું લેવા આવ્યો હતો. તે સમયે ફરિયાદીના પિતા ચંદ્રેશભાઈએ ડાકલું સવારે આપવા જણાવ્યું હતું.

આ બાબતે આરોપી રાઘવ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી અને તેમના પિતાને ગાળો આપી ત્યાંથી ચાલ્યો ગયો હતો. થોડા સમય બાદ રાઘવ હાથમાં લાકડાનો ઘોકો અને કરણ ભલુભાઈ મકવાણા હાથમાં છરી લઈને ફરિયાદીના ઘરે ધસી આવ્યા હતા. અને બંને આરોપીઓએ ફરીથી ગાળો આપી ઝઘડો શરૂ કર્યો હતો. દરમિયાન કરણ મકવાણાએ ફરિયાદીના કપાળના ડાબા ભાગે આંખ ઉપર છરીનો ઘા મારી લોહીલુહાણ કરી દીધા હતા. ઉપરાંત ઢીકા-પાટુનો પણ માર મારવામાં આવ્યો હતો. તેમજ આરોપી રાઘવ મકવાણાએ ફરિયાદીના પિતા ચંદ્રેશભાઈને લાકડાના ઘોકાથી શરીરના ભાગે માર મારી ઈજા પહોંચાડી હતી.

બનાવ બાદ બંને આરોપીઓએ ફરિયાદી અને તેમના પિતાને ધમકી આપી હતી કે, "આગળથી અમારી સાથે માથાકૂટ કરશો તો જીવતા નહીં મુકીએ." આ બનાવ અંગર પોલીસ ફરિયાદ નોંધાવતા બંને આરોપીઓ સામે જાહેરનામાનો ભંગ કરીને હથિયાર સાથે ગુનો આચર્યો હોવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભાટીયામાં સોનીની દુકાનમાંથી ચેન ઉઠાવી જનાર શખ્સ મુદ્દામાલ સાથે ઝડપાયો

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામમાં એક સોની વેપારીને વાતોમાં ભોળવી દુકાનમાંથી સોનાનો ચેન લઈ જનાર શખ્સ સામે વેપારીએ સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવ્યા બાદ આખરે દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે તેને પકડી પાડી સોનાનો ચેન ઉપરાંત મોટરસાયકલ, રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.


તસ્વીર : નિરજ દત્તાણી

પ્રાપ્ત માહિતી અનુસાર જુના ભાટિયા ગામમાં આવેલ એક વૃદ્ધ વેપારી પોતાની દુકાને બેઠા હોઈ દરમિયાન ત્યાં એક અજાણ્યો શખ્સ પ્રવેશ્યો હતો મોઢે માસ્ક બાંધી દુકાનમાં પ્રવેશેલ શખ્સ વેપારીને વાતોમાં ભોળવી સોનાનો ચેન લઈ ગયા બાદ વેપારીને માલૂમ પડતા તેઓએ હાંફળાફાંફળા થતા સ્થાનિક પોલીસ દફતરે દોડી જઈ આ બાબતે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સ સામે વિશ્વાસઘાત અંગેનો ગુન્હો દાખલ કર્યો હતો. આ બનાવમાં એલસીબી પોલીસ દ્વારા હ્યુમન ટેકનોલોજી લેવલ તપાસ આરંભી હતી દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા-દ્વારકા હાઈવે પર આવેલ હાબરડી ગામના પાટીયા પાસે વોચ ગોઠવી હતી આ વેળાએ ત્યાંથી મોટરસાયકલ પર પસાર થતા અને કલ્યાણપુર તાલુકાના મોટા આસોટા ગામના કાનાભાઈ ઉર્ફે કાનો પુંજાભાઈ ચાવડા નામના શખ્સની તલાસી લેતા તેના પાસેથી રૂ. ૧.૭૦ લાખનો ચેન મળી આવતા તેની અટકાયત કરી રૂ. ૧૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન તથા રૂ. ૧ લાખની રોકડ રકમ અને રૂ. ૧૦ હજારની કિંમતનું મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૨.૯૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ ઝડપાયેલ શખ્સને આગળની કાર્યવાહી માટે કલ્યાણપુર પોલીસ દફતરે સોંપી દીધો હતો.

ઝડપાયેલ શખ્સ પ્રથમ સોનીની દુકાને જઈ રેકી કરી પોતાનું ખોટું નામ અને ઓળખ આપી મોઢે માસ્ક બાંધી મોઢાના ભાગે ઈજા થયેલ હોય જેથી માસ્ક પહેરેલ હોવાનું જણાવેલ બાદ વેપારીને વાતોમાં ભોળવી સોનાના દાગીના બનાવવાનું અને બિલ આપવાનું કહી વેપારીને વિશ્વાસમાં લઈ કામોમાં વ્યસ્ત રખાવી અને મોકાનો લાભ લઈ પોતે પસંદ કરેલ સોનાની વસ્તુ લઈને નાસી ગયો હતો.

## કલ્યાણપુરના બતડીયા પાસે કાર-બસ અને ટ્રેક્ટર વચ્ચે ત્રિપલ અકસ્માત


તસ્વીર : નિરજ દત્તાણી

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના બતડીયા ગામ પાસે ત્રિપલ વાહન અકસ્માત સર્જાતા કાર ચાલકને સામાન્ય ઈજા પહોંચી હોઈ જેથી સારવારમાં ખસેડવામાં આવ્યો હતો બીજીબાજુ ત્રણેય વાહનોને નાની - મોટી નુકસાની થવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા નેશનલ હાઈવે પર આવેલ ભાટીયા નજીક બતડીયા ગામ પાસે ખાનગી બસ, કાર અને ટ્રેક્ટર વચ્ચે ધડાકાભેર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો પરંતુ સદનસીબે કોઈ જાનહાની થઈ નથી જોકે કાર ચાલકને સામાન્ય ઈજા પહોંચતા હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર અર્થે ખસેડવામાં આવેલ. અકસ્માતના પગલે આજુ બાજુમાંથી સ્થાનિક લોકો દોડી ગયા હતા અને હાથોહાથ જરૂરી મદદ કરી હતી.

## ભાણવડના મેવાસા ગામના વૃદ્ધાએ અગમ્ય કારણસર ખાધો ગળેફાંસો

ખંભાળિયા : ભાણવડ તાલુકાના મેવાસા ગામમાં રહેતા એક વૃદ્ધાએ કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ લેતા તેઓનું સારવારમાં ખસેડાયા બાદ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની સ્થાનિક પોલીસ દફતરે જાણ કરવામાં આવી છે.

મળતી માહિતી પ્રમાણે ભાણવડ પંથકના મેવાસા ગામમાં રહેતા હેમીબેન હરદાસભાઈ ભીભા નામના ૭૦ વર્ષના વૃદ્ધાએ ગત તા. ૧૫ ના રોજ પોતાની વાડીએ કોઈ કારણસર ગળેફાંસો ખાઈ લીધો હતો જેથી પ્રથમ ભાણવડની રાબડીયા હોસ્પિટલ બાદ જામનગરની સરકારી જી. જી. હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના ડોક્ટરે તપાસી તેઓને મૃત ઘોષિત કર્યા હતા આ બનાવ અંગે ભાણવડ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## બેડ ગામે પદયાત્રી સંન્યાસીની સાયકલમાંથી રોકડ રકમ અને સામાનની ચોરી

જામનગર : જામનગર નજીક બેડ પાસે પદયાત્રા દરમિયાન એક વૃદ્ધ સંન્યાસીની સાયકલમાંથી રોકડ રકમ અને સામાનની ચોરી થયાની ફરિયાદ તેઓએ પોલીસમાં નોંધાવતા તપાસ હાથ ધરવામાં આવી છે.



પ્રાપ્ત માહિતી મુજબ મૂળ રાજસ્થાનના બાલોતરા જિલ્લાના વતની સકારામજી મંગનાજી ચૌહાણ નામના વૃદ્ધ તેઓ દ્વારકાની પદયાત્રા માટે પોતાના ગામેથી ત્રણ પૈડાવાળી સાયકલ સાથે નીકળ્યા હતા. જેઓ રાજસ્થાનથી ચાર પગે ચાલીને પોતાની માનતા ઉતારવા માટે દ્વારકાધીશના ચરણે શીશ ઝુકાવવા માટે જઈ રહ્યા છે

દરમ્યાન જામનગરના બેડ ટોલનાકા નજીક આવેલી ખોડલ હોટલ ખાતે રોકાયા હતા. ત્યારબાદ તા. ૨૬ના રોજ વહેલી સવારે પદયાત્રા શરૂ કરી બેડ નદી નજીક આવેલા બાપા સીતારામની મઢુલી પાસે પહોંચ્યા હતા. ત્યાં તેમણે પોતાની સાયકલ અને સામાન રોડની બાજુમાં મૂકી સામે આવેલા મંદિરમાં અગરબત્તી અને પૂજા માટે ગયા હતા. જ્યાંથી એક અજાણ્યો વ્યક્તિ તેમની સાયકલ પાસે આવી ભેટ સ્વરૂપે રૂ.૫૦ આપીને વાતચીત કરવા લાગ્યો હતો. ત્યારબાદ તે વ્યક્તિ સાયકલ તરફ ગયો હતો, જ્યાં અન્ય બે વ્યક્તિઓ પણ હાજર હતા. ફરિયાદી પૂજા પૂર્ણ કરીને પરત ફર્યા ત્યારે ત્રણેય શખ્સો મોટરસાયકલ પર જતા રહ્યા હતા.

સાયકલ પાસે પહોંચી તપાસ કરતા કપડાં, સાલ અને આધારકાર્ડ સહિતના દસ્તાવેજો ભરેલો થેલો તેમજ સાયકલની પાછળ લગાવેલી પતરાની પેટીમાં રાખેલા ભેટ-સોગાત રૂપે મળેલા આશરે રૂપિયા ૫૦,૦૦૦ થી રૂ.૬૦,૦૦૦ રોકડા ગાયબ હોવાનું જણાયું હતું. આ બનાવ અંગે સકારામજી ચૌહાણે અજાણ્યા ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તેઓની શોધખોળ હાથ ધરી છે.

## જામનગરથી છત્તીસગઢ જતાં ટેન્કરમાંથી માર્ગમાં ૭,૩૩૫ લિટર ડીઝલની ચોરી

જામનગર : દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાડીનાર સ્થિત ન્યારા કંપનીના ઝાખર ગેટ પરથી ભરાયેલ ડીઝલના ટેન્કરમાંથી માર્ગમાં જ ૭,૩૩૫ લિટર ડીઝલની ચોરી થઈ હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ મામલે ટેન્કરના ડ્રાઈવર વિરુદ્ધ વિશ્વાસઘાતનો ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ દાદરા અને નગર હવેલીના સિલવાસા ખાતે રહેતા તથા ગ્લોબલ પેટ્રોકેમ સોલ્યુશન કંપનીના સંચાલક અજીતસિંહ હંસરાજસિંહે તેમની કંપનીનું ટેન્કર નં. ડીએલ-૦૧-જીડી-૯૪૩૧માં આશરે ૩૫,૦૦૦ લિટર ડીઝલ ભરી વાડીનારથી છત્તીસગઢના કોરબા જિલ્લાના બ્યુરો ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિનરલ્સ (પ્રા.) કંપની ખાતે મોકલ્યું હતું. જ્યાં સ્થળે પહોંચ્યા બાદ માલ ખાલી કરતી વખતે ૭,૩૩૫ લિટર ડીઝલની ઘટ જણાઈ હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ટેન્કરના ડ્રાઈવર સુભાષસિંહ શિવ બહાદુરે જામનગરથી કોરબા વચ્ચેના માર્ગમાં અલગ-અલગ સ્થળોએ ટેન્કરમાંથી ડીઝલ કાઢી તેની ગેરકાયદે વેચાણ કરી ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોવાનો આક્ષેપ છે.

આ બનાવ અંગે અજીતસિંહ સંકેતએ ફરિયાદ નોંધાવતા પોલીસે ટેન્કરના ડ્રાઈવર સુભાષસિંહ દેવબહાદુર સામે ગુનો નોંધી વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર અરવિંદસિંહ ઘનશ્યામસિંહ જાડેજાને સોંપવામાં આવી છે.

## જામનગરમાં જાહેરમાં જુગાર રમતી બે મહિલાઓ સહિત પાંચની અટકાયત

જામનગર : જામનગર શહેરના રામેશ્વરનગર વિસ્તારમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે સિટી બી ડિવિઝન પોલીસે દરોડો પાડી બે મહિલાઓ સહિત પાંચ લોકોને ઝડપી પાડ્યા છે. જ્યારે એક આરોપી ફરાર હોવાનું સામે આવ્યું છે.

જામનગરમાં રામેશ્વરનગર પટેલવાડી શેરી નં. ૬ ખાતે જાહેરમાં જુગાર રમતો હોવાની બાતમી પરથી પોલીસે સ્થળ પર દરોડો પાડતા જાહેરમાં જુગાર રમી રહેલા દિપક હસમુખભાઈ કોટેચા, આશિષ સંપતલાલ મહેતા, હાર્દિક ગુણવંતરાય ભટ્ટ, કાજલબેન મનુભાઈ માલદે, અને ભીનીબેન નારણભાઈ બોદરની અટકાયત કરી લીધી હતી. આ ઉપરાંત પોલીસને જોઈને રણજીતસિંહ પરમાર નામનો શખ્સ ભાગી છૂટ્યો હોવાથી તેને ફરારી જાહેર કરાયો છે. પોલીસે સ્થળ પરથી રૂ. ૧૩૩૦૦ ની રોકડ રકમ કબ્જે કરી છે.

## જામનગરમાં આહીર વૃદ્ધની હત્યા કેસમાં પકડાયેલો આરોપી બે દિવસના રિમાન્ડ પર

જામનગર : જામનગર શહેરના શરૂ સેકશન રોડ પર આવેલી ફીયોનીકા સોસાયટીમાં વૃદ્ધની કરપીણ હત્યા પ્રકરણમાં ઝડપાયેલા આરોપીને કોર્ટે બે દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો છે.



જામનગરમાં ફીયોનીકા સોસાયટીમાં રહેતા દેવાયતભાઈ રામશીભાઈ વરોતરીયા (ઉ.વ. ૮૦)ની છરીના ઘા ઝીકી નિર્દયતાપૂર્વક હત્યા કરવામાં આવી હતી. આ બનાવ અંગે મૃતકના પૌત્ર રાજુભાઈએ વિસ્તારમાં જ રહેતા સાગર મારખીભાઈ વસરા સામે ફરિયાદ નોંધાવી હતી.

આરોપી સાગર વસરા અને મૃતક દેવાયતભાઈ વચ્ચે અગાઉ મજાક-મસ્તીના મુદ્દે બોલાચાલી થઈ હતી. બાદમાં મામલો શાંત પડી ગયો હોવા છતાં જૂના મનદુઃખને મનમાં રાખી આરોપી છરી લઈને ફરિયાદીના ઘરે પહોંચ્યો હતો અને ફળિયામાં ખાટલા પર સુતેલા દેવાયતભાઈ પર જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યા હતા.

હત્યા બાદ આરોપી સારવાર હેઠળ હોસ્પિટલમાં દાખલ હતો. હોસ્પિટલમાંથી રજા મળતા જ પોલીસે તેને કસ્ટડીમાં લઈ હત્યામાં ઉપયોગમાં લેવાયેલી છરી પણ કબ્જે કરી લીધી હતી. તેમજ આરોપીને કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે તા. ૨૭ જૂન સુધીના બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

## જામનગરમાં ગ્રાહકને પાસ્તામાં નોનવેજના ટુકડા નીકળતા ફૂડ શાખાને જાણ કરાઈ

જામનગર : જામનગરમાં ઓનલાઈન ફૂડ ડિલિવરી મારફતે મંગાવાયેલા વેજ પાસ્તામાંથી નોનવેજના ટુકડા મળ્યાની ફરિયાદ બાદ જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખાએ તપાસ હાથ ધરી છે.



પ્રાપ્ત વિગતો મુજબ, ન્યૂ જામનગર વિસ્તારમાં રહેતા એક ગ્રાહકે ઝોમેટો મારફતે ખંભાળિયા હાઈવે પરની એક હોટલમાંથી વેજ પાસ્તાનો ઓર્ડર આપ્યો હતો. જમવા દરમિયાન પાસ્તામાંથી નોનવેજના ટુકડા જેવા પદાર્થ જોવા મળ્યાનો ગ્રાહકે આક્ષેપ કર્યો હતો. ત્યારબાદ ગ્રાહકે સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી.

ફરિયાદને ગંભીરતાથી લઈ જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખાના અધિકારીઓએ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસ દરમિયાન સંબંધિત ખાદ્ય પદાર્થના નમૂનાઓ લેવામાં આવ્યા હોવાનું અને વધુ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવાની કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું જાણવા મળે છે.

ફૂડ શાખા દ્વારા હોટલના ફૂડ હેન્ડલિંગ, રસોડાની વ્યવસ્થા, વેજ અને નોનવેજ ખાદ્ય પદાર્થોની અલગ વ્યવસ્થા સહિતના મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે. તપાસનો અહેવાલ પ્રાપ્ત થયા બાદ નિયમ મુજબની કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

## જામનગરમાં એક્ટિવા ચાલક ઈંગ્લીશ દારૂની ૩૨ બાટલી સાથે ઝડપાયો

જામનગર : જામનગર શહેરમાં દારૂ અને જુગારના ગુનાઓ પર અંકુશ લાવવા માટે સ્થાનિક ગુના શોધ શાખા દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન ભારતીય બનાવટનો વિદેશી દારૂ, મોબાઈલ ફોન અને બાઈક સહિત કુલ રૂ. ૭૧,૧૨૮નો મુદ્દામાલ કબજે કરી એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો છે.

સ્થાનિક ગુના શોધ શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી. ચૌધરીના નેતૃત્વમાં દારૂ-જુગાર વિરોધી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તે દરમિયાન પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.વી. ભાટીયા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી ખાનગી બાતમીના આધારે જામનગર શહેરના અંબર ચોકડી નજીક ગીતાલોજ સમંદરસિંહ ભરતસિંહ ગુર્જર (ઉંમર ૩૧), રહે. મોહનપુરા ગામ વિસ્તાર, કરોલી જિલ્લો, રાજસ્થાન, એક્ટિવા ઉપર નીકળતા



પોલીસે તેને રોકી તલાસી લેતા તેના કબ્જામાંથી ઈંગ્લીશ દારૂની ૩૨ બોટલ મળી આવી હતી. આથી આરોપીની અટકાયત કરી કુલ રૂ. ૭૧૧૨૮ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં દારૂનો જથ્થો રાજસ્થાનના જયપુર વિસ્તારમાં રહેતા ધીરુ પ્રકાશભાઈ ગુર્જર પાસેથી લાવવામાં આવ્યો હોવાનું સામે આવતા તેને ઝડપી પાડવા માટે પોલીસે તપાસ તેજ કરી છે.

## દ્વારકામાં દારૂના ચાર ચપલા સાથે શખ્સની અટકાયત

દ્વારકા : દ્વારકા શહેરમાંથી ઈંગ્લિશ દારૂના ચપલા સાથે નીકળેલા શખ્સને પોલીસે પકડી પાડી ચાર નંગ ચપલા મળી આવતા કબ્જે લઈ તેના વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે અત્રે ટી. વી. સ્ટેશન વિસ્તારમાં આવેલી કોલેજ પાસેથી પસાર થતાં અને આજ વિસ્તારમાં રહેતા મંગલભાઈ સુખાભાઈ ખાવડિયા નામના શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૧૧૦૦ ની કિંમતના ઈંગ્લિશ દારૂના ચાર નંગ ચપલા સાથે ઝડપી પાડ્યો હતો.

## જામનગર જિલ્લાની સહકારી મંડળીઓ માટે વિશેષ ઓડિટ કેમ્પનું આયોજન

જામનગર : જામનગર જિલ્લાની તમામ સહકારી મંડળીઓ જોગ એક અગત્યની જાહેરાત કરવામાં આવી છે. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ-જામનગર દ્વારા અન્ય પ્રકારની તેમજ ઔદ્યોગિક સહકારી મંડળીઓ માટે વિશેષ ઓડિટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જે સહકારી મંડળીઓના વર્ષ ૩૧/૩/૨૦૨૬ સુધીના ઓડિટ કરવાના બાકી હોય, તેવી મંડળીઓના ઓડિટની કામગીરી સુચારુ રૂપે પૂર્ણ થાય તે હેતુથી આ કેમ્પ યોજાશે. આ ઓડિટ કેમ્પ આગામી તા.૨૯/૬/૨૦૨૬, તા.૩૦/૬/૨૦૨૬ તેમજ તા.૪/૭/૨૦૨૬ના રોજ સવારથી કચેરી સમય દરમિયાન યોજવામાં આવશે. આ કેમ્પનું આયોજન "જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓની કચેરી, સેવા સદન, ત્રીજો માળ, લાલબંગલા કમ્પાઉન્ડ, જામનગર" મુકામે કરવામાં આવ્યું છે.

આથી, સંબંધિત તમામ સહકારી મંડળીઓના પદાધિકારીઓ/પ્રતિનિધિઓએ નિયત તારીખો દરમિયાન કચેરી સમયગાળામાં પોતાના જરૂરી તમામ દફતરો અને ઓડિટ પત્રકો સાથે ફરજિયાતપણે ઉપસ્થિત રહી ઓડિટની કામગીરી પૂર્ણ કરાવી લેવા જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જામનગર દ્વારા જણાવાયું છે.

## વર્ષો સુધીની પીડા ભોગવ્યા બાદ માણિકીનું વનતારામાં ઈલાજ

### સંભાળ અને સાર્વત્રિક સુખાકારીપૂર્ણ જીવન માટે આગમન : આસામ અને ગુજરાત સરકારની જરૂરી મંજૂરીઓ સાથે માણકીને વનતારા પહોંચાડાઈ



જામનગર : ૪૮ વર્ષથી ચાલતી માણિકીની ચાલનું દરેક પગલું હવે મુશ્કેલ બન્યું હતું. કારણ, માણિકીના આગળના ડાબા પગમાં લાંબા સમયથી થયેલી ખોડખાપણના લીધે તેના પ્રચલનને અસર થવા લાગી હતી. બીજીતરફ વધતી વયે આરોગ્યની સમસ્યાઓ, ઘામાં લાગેલો ચેપ, એક આંખમાં નબળી દ્રષ્ટિ, ડિહાઈડ્રેશન અને શરીરની નબળાઈની સ્થિતિએ તેની પીડા અસહ્ય કરી દીધી છે. પરંતુ હવે એ જ માણિકી સારવાર માટે વનતારા આવી છે.

માણિકીને સારવાર માટે લઈ જવાતી હતી ત્યારે આસામના હાઈવે ઉપર પીડાદાયક રીતે લંગડાતી સ્થિતિમાં તેનો એક વીડિયો વાઈરલ થતા આ પછી તેની સ્થિતિ લોકોના ધ્યાન પર આવી હતી. આ દ્રશ્યોએ દેશભરના લોકોના હૈયા હચમચાવી દીધા. ચિંતિત નાગરિકો, પ્રાણી કલ્યાણનું કાર્ય કરતા લોકો અને જાહેર જનતા તેની સંભાળ માટે તાત્કાલિક સહાય મેળવવા એકઠા થયા. તેને બચાવવાની અરજીઓ પર હસ્તાક્ષરો થયા, અપીલો કરાઈ, અને માણિકીની આ પીડા સામૂહિક ચિંતાનો વિષય બની.

માણિકીને લાંબો સમય હોસ્પિટલ-આધારિત સારવારની જરૂર હોવાનું સ્વીકારતા, તેની માલિક રુચિ ચેતિયાએ સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત કરાયેલી પીડિત વન્ય જીવોના બચાવ અને સંભાળ રાખતી સમિતિને પત્ર લખીને વિનંતી કરી કે માણિકીને અદ્યતન સારવાર અને લાંબાગાળાની સંભાળ માટે વનતારામાં સ્થળાંતરિત કરવામાં આવે. આ સમિતિ ઉપરાંત આસામ અને ગુજરાત સરકારની જરૂરી મંજૂરીઓ સાથે હવે માણિકીને સુરક્ષિત રીતે વનતારા- જામનગર પહોંચાડી દેવાઈ છે.

વનતારામાં માણિકીને અદ્યતન હોસ્પિટલની સંભાળ, સતત સારવાર અને તેના આરામ અને સુવિધા સમાન કાયમી ઘર મળશે.

વનતારાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે: “માણિકીનો હેલ્થ રિપોર્ટ દર્શાવે છે કે તેને સુરક્ષિત અને વિશિષ્ટ સંભાળના વાતાવરણમાં સર્વગ્રાહી પશુચિકિત્સા કાળજીની જરૂર છે. તેની નબળી ચાલ, લંગડાપણું, ડિહાઈડ્રેશન, નબળી શારીરિક સ્થિતિ, ઘામાં લાગેલો ચેપ અને અન્ય આરોગ્યલક્ષી સમસ્યાઓ એક સંરચિત લાંબાગાળાની સારવારની માગ કરે છે. અમારી તાકીદની પ્રાથમિકતાઓમાં દવા, હાઈડ્રોથેરાપી અને એક્યુપંક્ચર દ્વારા પીડા ઘટાડવી, ઘાની સંભાળ અને ફરીથી તેને પોષણ પ્રાપ્ત થાય તે સામેલ છે. આ બધું તેની સુખાકારી અને ફરી સાજા થવાની જરૂરિયાતો દ્વારા સંચાલિત છે. અમે અધિકારીઓના સમયસર હસ્તક્ષેપ અને શ્રી રુચિ ચેટિયાના માહિતીપૂર્ણ નિર્ણય માટે આભારી છીએ, જેનાથી માણિકીને તાત્કાલિક સંભાળ માટે વનતારામાં ખસેડવામાં મદદ મળી.

પરંતુ માણિકીનો ઉપચાર દવાથી પણ આગળ વધશે. અહીંની નરમ માટી અને કુદરતી વાતાવરણ તેના ઘાયલ પગ પર દબાણ ઓછું કરવામાં મદદ કરી શકે છે. આ ઉપરાંત કુદરતી તળાવો સુધીની પહોંચ તેના અંગો પરના વજનને હળવું કરવામાં મદદ કરી શકે છે. અહીં કુદરતી રીતે ચારો શોધવાની તકો અને અન્ય હાથીઓના સંગાથ થકી તેને દરરોજે જરૂરી સંભાળ, આરામ અને ગરિમા પ્રાપ્ત થશે.

માણિકીનું રેસ્ક્યુ એ વાતની યાદ અપાવે છે કે સહિયારા અવાજ, જવાબદારીપૂર્ણ પસંદગીઓ અને સંકલિત પ્રયાસો થકી પ્રાણીઓના જીવનનો માર્ગ બદલી શકાય છે. જરૂરી સમર્થન અને મંજૂરીઓ સાથે, માણિકી પાસે હવે સુરક્ષિત અને વધુ આરામદાયક ભવિષ્યની તક છે. માણિકી માટે, પીડાદાયક ચાલનો અંત આવ્યો છે. વનતારામાં, તે ઉપચાર, સંભાળ અને શાંતિનો એક નવો અધ્યાય શરૂ કરે છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## નાગરિકતાનો પુરાવો

વિદેશ મંત્રાલયના સ્પષ્ટીકરણથી કે પાસપોર્ટ એ નાગરિકતાનો પુરાવો નહીં, પરંતુ ટ્રાવેલ દસ્તાવેજ છે, તેણે ચર્ચા જગાવી છે કારણ કે સામાન્ય ધારણા એવી હતી કે પાસપોર્ટ નાગરિકતાનો સૌથી વિશ્વસનીય પુરાવો છે. પાસપોર્ટ કાયદામાં આવું જણાવવામાં આવ્યું નથી તે છતાં આ સામાન્ય ધારણા ચાલુ રહી. કાયદા અનુસાર, ખાસ પરિસ્થિતિઓમાં બિન-ભારતીયોને પાસપોર્ટ જારી કરી શકાય છે. ઉચ્ચ અદાલતોએ પણ ચુકાદો આપ્યો છે કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી.વિદેશ મંત્રાલયના સ્પષ્ટીકરણ પછી, એ ચર્ચા થવી સ્વાભાવિક છે કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો છે કે નહીં, તો શું? આ પ્રશ્ન ઉભો થયો છે કારણ કે તાજેતરમાં, ખાસ કરીને કેટલાક રાજ્યોમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન, એવું કહેવામાં આવ્યું હતું કે આધાર પણ નાગરિકતાનો પુરાવો નથી. તેવી જ રીતે, પાન કાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ, મતદાર ઓળખ કાર્ડ, રેશન કાર્ડ વગેરેને પણ નાગરિકતાનો પુરાવો માનવામાં આવતો ન હતો. એ સાચું છે કે નાગરિકતા કાયદા હેઠળ નાગરિકતા નક્કી કરવામાં આવે છે, પરંતુ સમસ્યા એ છે કે દેશના નાગરિકોને કોઈ નાગરિકતા પ્રમાણપત્ર આપવામાં આવતું નથી.નાગરિકતા કાયદામાં જણાવાયું છે કે નાગરિકતા જન્મ, વંશ, દેશમાં રહેઠાણની લંબાઈ અને અન્ય કેટલાક માપદંડોના આધારે નક્કી કરવામાં આવે છે, પરંતુ અન્ય દેશોથી વિપરીત, આપણા દેશમાં નાગરિકતાનું કોઈ ચોક્કસ પ્રમાણપત્ર જારી કરવામાં આવતું નથી, જેમ કે અન્ય દેશોથી વિપરીત. આ પ્રથા વિકસિત અને ઘણા વિકાસશીલ દેશોમાં પણ પ્રચલિત છે. આનો સૌથી મોટો ફાયદો એ છે કે આ દેશોમાં લોકોને તેમની નાગરિકતા સાબિત કરવા માટે વિવિધ દસ્તાવેજો પર આધાર રાખવો પડતો નથી. નાગરિકતા કાયદામાં ભારત સરકારને દરેક નાગરિકની ફરજિયાત નોંધણી કરાવવા, રાષ્ટ્રીય ઓળખપત્ર જારી કરવા અને નાગરિકતા રજિસ્ટર તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું છે, તેથી આ કરવું જ જોઈએ.ભૂતકાળમાં નાગરિકતા પ્રમાણપત્ર માટે દ્વઇઝ રજૂ કરવા અને દ્વઇઝ સાથે આધારને લિંક કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં, કંઈ સાકાર થયું નથી. ત્યારબાદ, નાગરિકતા સુધારો અધિનિયમ પછી,એનઆરસીની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો, પરંતુ તેની સામે ખોટી માહિતીનું અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.



# ૧૧-હરભાઈ ત્રિવેદી : શિક્ષણપ્રયોગો અને અધ્યાપનક્રાંતિ

- **ભણાવવું પણ એક વિજ્ઞાન છે અને દરેક શિક્ષકે તેની પદ્ધતિઓ સમજવી જરૂરી છે.**
- **વિદ્યાર્થીને સ્વતંત્ર રીતે અભ્યાસ કરવાની તક આપવામાં આવે તો તેમની મૌલિક પ્રતિભા વિકસે છે.**
- **સહશિક્ષણનો પ્રયોગ પણ હરભાઈએ સાહસપૂર્વક શરૂ કર્યો.**

## ભાવનગર 300

**- બળદેવસિંહ ગોહિલ**

હરભાઈ અને તેમના સહકાર્યકરો માનતા હતા કે શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તકો પૂરતું સીમિત ન રહેવું જોઈએ, પરંતુ જીવનના દરેક ક્ષેત્ર સાથે તેનો જીવંત સંબંધ હોવો જોઈએ. તેઓ એવું પણ માનતા કે સમાજના તેજસ્વી અને અનુભવી લોકોના સહવાસથી શિક્ષકો અને આચાર્યોના જ્ઞાન તથા કાર્યક્ષમતામાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ શકે. આ વિચારથી પ્રેરાઈ હરભાઈએ પોતાના કેટલાક મિત્રોને સાથે રાખી અઠવાડિયામાં એક દિવસ શિક્ષણવિષયક ચર્ચાઓ કરવાની પરંપરા શરૂ કરી હતી. હરભાઈના મિત્રોમાં ફરામજી શેઠ વિશેષ નોંધપાત્ર હતા. તેઓ શારીરિક શિક્ષણ અને આરોગ્ય પ્રત્યે અત્યંત જાગૃત હતા. પોતાના સ્વાસ્થ્ય સાથે સાથે વિદ્યાર્થીઓના શરીરવિકાસ અને આરોગ્ય અંગે પણ ચિંતિત રહેતા. વિનય મંદિરના વિદ્યાર્થીઓના શારીરિક શિક્ષણની જવાબદારી સંભાળતા હોવાથી હરભાઈ સાથે તેમની સતત ચર્ચાઓ ચાલતી. તેઓ માનતા કે માત્ર વ્યાયામ કરાવવાથી પૂરતું નથી, પરંતુ વિદ્યાર્થીઓના શરીરની વાસ્તવિક સ્થિતિ જાણી પછી જ યોગ્ય માર્ગદર્શન આપી શકાય. આથી તેમણે વિદ્યાર્થીઓની નિયમિત શારીરિક અને વૈદ્યકીય તપાસ કરવાની દરખાસ્ત મૂકી. હરભાઈ અને કાર્યકરોએ આ વિચારનો સ્વીકાર કર્યો. સેવાભાવી ડૉ. કાણેએ તેમાં સહકાર આપ્યો અને ત્યારથી વિનયમંદિરમાં આરોગ્ય તપાસ શૈક્ષણિક કાર્યક્રમનો મહત્વપૂર્ણ ભાગ બની ગઈ.

ફરામજી શેઠ શરીરશાસ્ત્ર અંગે ઊંડો અભ્યાસ કરતા હતા. તેઓ માનતા કે શરીરની ખોટી બેસવાની કે ચાલવાની રીતોના કારણે કરોડરજ્જુ વાંકું થતું જાય છે અને તેના કારણે ફેફસાં પૂરતા વિકસતા નથી, જે ક્ષયરોગ જેવા રોગોને આમંત્રણ આપે છે. તેમના મતે યોગ્ય વ્યાયામ અને કરોડરજ્જુ સીધી રાખવાની ટેવ આરોગ્ય માટે અત્યંત આવશ્યક હતી. અમેરિકન શરીરશાસ્ત્રી મેકફેડનના અભ્યાસથી પ્રેરાઈ તેઓ માથે વજન લઈને ચાલવાની કસરતો કરાવતા અને તેનાથી શરીરની તાકાત તથા શ્વાસક્રિયામાં સુધારો થાય છે એવું સમજાવતા. વિનયમંદિરમાં વિદ્યાર્થીઓની તપાસ દરમિયાન કરોડરજ્જુની સ્થિતિ પર ખાસ ધ્યાન અપાતું અને જરૂરિયાત મુજબ સુધારાત્મક વ્યાયામ કરાવવામાં આવતા. હરભાઈએ પોતે પણ આ પ્રયોગો કર્યા અને "શરીર વિકાસ" જેવા લેખો દ્વારા પોતાના અનુભવ રજૂ કર્યા.

હરભાઈના બીજા મિત્ર વિઠ્ઠલરાય આવસત્થી સાહિત્યપ્રેમી અને શિક્ષણપ્રેમી વ્યક્તિત્વ ધરાવતા હતા. તેઓ શામળદાસ કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક હતા અને નાનાભાઈના જીવનથી પ્રભાવિત હતા. નાનાભાઈની સાદગી અને શિસ્તભર્યા જીવનના કારણે તેમને દક્ષિણામૂર્તિ અને વિનયમંદિર પ્રત્યે ઊંડો સ્નેહ હતો. પછી તેઓ વિદ્યાધિકારી બન્યા ત્યારે તેમણે શાળાઓમાં નવીન શિક્ષણપ્રયોગો શરૂ કરવાનો પ્રયાસ કર્યો. ડોલ્ટન યોજનાના અમલ માટે તેઓ હરભાઈ સાથે લાંબીચર્ચા કરતા અને શિક્ષકોને તાલીમ આપવાની જવાબદારી પણ હરભાઈને સોંપવામાં આવી.

વિનયમંદિરની એક વિશેષતા શિક્ષકો અને કાર્યકરો વચ્ચેની સમાનતાની ભાવના હતી. ગિજુભાઈ, હરભાઈ અને નાનાભાઈ માનતા કે શિક્ષણક્ષેત્રે પદ અને પગારના આધારે અસમાનતા ન હોવી જોઈએ. તેથી આજીવન સભ્યો અને અન્ય શિક્ષકો માટે લગભગ સમાન પગારધોરણ રાખવામાં આવ્યું. કેટલાક કાબેલ શિક્ષકોને તો આજીવન સભ્યો કરતાં પણ વધુ પગાર મળતો. આથી શિક્ષણકાર્યમાં ઉત્સાહ અને નિષ્ઠા વધતી. વિનયમંદિરનું સમયપત્રક પણ નવીન હતું. સવારે આક્ષરી વિષયો અને બપોરે ચિત્રકામ, ઉદ્યોગ તથા શારીરિક શિક્ષણ જેવા પ્રવૃત્તિમૂલક વિષયો શીખવવામાં આવતા. હરભાઈ સતત વિચારતા કે શિક્ષકો ભણાવે છે તે વિદ્યાર્થીઓ કેટલું સમજતા હશે? તેમણે અનુભવ્યું કે પરંપરાગત એકમાર્ગીય ભણાવટથી મોટા ભાગના વિદ્યાર્થીઓ કંટાળો અનુભવે છે અને પાઠ્યવસ્તુનો મોટો હિસ્સો તેમના ધ્યાન બહાર રહી જાય છે. આ પ્રશ્નમાંથી જ હરભાઈમાં અધ્યાપનવિજ્ઞાન પ્રત્યે રસ જાગ્યો. તેઓ માનતા કે ભણાવવું પણ એક વિજ્ઞાન છે અને દરેક શિક્ષકે તેની પદ્ધતિઓ સમજવી જરૂરી છે.

તે સમયગાળામાં શિક્ષક તાલીમની સુવિધાઓ બહુ ઓછી હતી. મુંબઈની ટીચર્સ કોલેજમાં મળતી તાલીમ અને નેલ્સન ફ્રેજરનું અધ્યાપનશાસ્ત્ર વિષયક પુસ્તક હરભાઈ માટે માર્ગદર્શક બન્યું. તેમણે તે પુસ્તકનો વારંવાર અભ્યાસ કરીને પોતાના શિક્ષકમિત્રો માટે તાલીમવર્ગ શરૂ કર્યો. બીજી તરફ ગિજુભાઈ મોન્ટેસોરી પદ્ધતિથી પ્રભાવિત થયા હતા. તેમણે પોતાના પુત્ર પર પ્રયોગો કરીને બાળશિક્ષણ માટે નવી રીતો વિકસાવી અને સ્થાનિક સાધનો બનાવી શિક્ષણપ્રસાધનોનો વિકાસ કર્યો. આ રીતે હરભાઈ અને ગિજુભાઈએ મળીને શિક્ષણપ્રયોગો, તાલીમ અને શૈક્ષણિક સાધનોની એક નવી પરંપરા ઊભી કરી.

હરભાઈના પ્રયોગોમાં સ્વાધ્યાય પદ્ધતિને કેન્દ્રસ્થાન મળ્યું. તેઓ માનતા કે વિદ્યાર્થીઓને જો સ્વતંત્ર રીતે અભ્યાસ કરવાની તક આપવામાં આવે તો તેમની મૌલિક પ્રતિભા વિકસે છે. શિક્ષકના સતત વ્યાખ્યાનથી વિદ્યાર્થીઓમાં નિરસતા આવે છે, જ્યારે સ્વયંપ્રવૃત્તિથી અભ્યાસ વધુ જીવંત અને અર્થસભર બને છે. તેથી વિદ્યાર્થીઓને પુસ્તકો, શબ્દકોશ અને વધારાની સાહિત્યિક સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવતી. કવિઓ અને લેખકોની અન્ય કૃતિઓની નકલો પણ રાખવામાં આવતી, જેથી વિદ્યાર્થીઓમાં કૌતૂહલ અને વાંચનની ટેવ વિકસે. હરભાઈએ "નરસિંહસાર" અને "દલપતસાર" જેવી સંપાદિત પુસ્તિકાઓ પણ પ્રકાશિત કરી. આ પ્રયોગોની સફળતાથી પ્રેરાઈ હરભાઈએ સમગ્ર વિનયમંદિરની શિક્ષણપદ્ધતિમાં પરિવર્તન લાવવાનો નિર્ધાર કર્યો. ડોલ્ટન યોજનાના અભ્યાસ પછી તેમણે સ્વાધ્યાય આધારિત શિક્ષણપદ્ધતિ અપનાવી. ઈ.સ. ૧૯૨૬ થી વિનયમંદિરનું સમગ્ર શિક્ષણ ડોલ્ટન યોજના હેઠળ ગોઠવાયું. આ પ્રયોગ સમગ્ર ભારતમાં નવીન શિક્ષણક્રાંતિ સમાન હતો.

શિસ્ત અંગે હરભાઈના વિચારો અત્યંત આધુનિક અને મનોવૈજ્ઞાનિક હતા. તેઓ માનતા કે શિસ્ત દબાણથી નહીં, પરંતુ સ્વયંસ્ફૂર્ત રીતે વિકસવી જોઈએ. વિદ્યાર્થીને સ્વતંત્રતા મળે ત્યારે જ તેનો સાચો વ્યક્તિત્વ વિકાસ શક્ય બને. ગિજુભાઈ પણ મુક્ત વાતાવરણના સમર્થક હતા, પરંતુ તેઓ નિયમિતતા અને સ્વચ્છતાને ખાસ મહત્વ આપતા. નાનાભાઈ કડક શિસ્ત અને નિયમબદ્ધ જીવનમાં વિશ્વાસ રાખતા. આ રીતે ત્રણેયના અભિગમોમાં સૂક્ષ્મ તફાવતો હોવા છતાં શિક્ષણના મૂળ હેતુ અંગે તેઓ એકમત હતા.

હરભાઈએ છાત્રાલયજીવનને પણ શિક્ષણનો અગત્યનો ભાગ માન્યો. વિદ્યાર્થીઓ દિવસનો મોટો સમય છાત્રાલયમાં પસાર કરતા હોવાથી ત્યાંનું વાતાવરણ તેમના વ્યક્તિત્વ પર ઊંડી અસર કરતું. તેમણે છાત્રાલયજીવનના પ્રશ્નોનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કર્યો અને પૂર્વતરુણાવસ્થા તથા તરુણાવસ્થાથી સંબંધિત પ્રશ્નોને દબાવવાના બદલે સમજણ અને માર્ગદર્શન દ્વારા ઉકેલવાનો પ્રયત્ન કર્યો. "છાત્રાલય" નામની માસિક પત્રિકા દ્વારા તેમણે આ વિષયો પર ચર્ચા શરૂ કરી.વિનયમંદિરમાં સહશિક્ષણનો પ્રયોગ પણ હરભાઈએ સાહસપૂર્વક શરૂ કર્યો. ભારે વિરોધ છતાં તેઓ પોતાના વિચારો પર અડગ રહ્યા. તેઓ માનતા કે સહશિક્ષણ વિદ્યાર્થીઓમાં સ્વાભાવિક સંબંધો, સમજણ અને માનવતાનો વિકાસ કરે છે. આ ઉપરાંત તેમણે જાતીય શિક્ષણ અંગે પણ ક્રાંતિકારી વિચાર રજૂ કર્યા. તે સમયના સમાજમાં આ વિષય વાજબી રીતે ચર્ચાતો પણ નહોતો, છતાં હરભાઈએ તેને શિક્ષણનો જરૂરી ભાગ ગણાવ્યો.આમ, હરભાઈએ વિનયમંદિરમાં કરેલા પ્રયોગો માત્ર શાળા સુધી મર્યાદિત રહ્યા નહોતા; તેમણે સમગ્ર ગુજરાત અને ભારતના શિક્ષણવિચારને નવી દિશા આપી. સ્વાધ્યાય, મુક્ત શિસ્ત, વિદ્યાર્થીકેન્દ્રિત શિક્ષણ, શારીરિક વિકાસ, સહશિક્ષણ અને મનોવૈજ્ઞાનિક અભિગમ જેવા તેમના વિચારો આજના સમયમાં પણ અત્યંત પ્રાસંગિક અને પ્રેરણાદાયી ગણાય છે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** શનિ બારમા ભાવમાં હોવાથી, જો કોઈ કેસ કોર્ટ-કચેરીમાં અટવાયેલો હોય તો એના પરિણામની ચિંતામાં તમે મનોમન બેચેન રહી શકો છો. એના કારણે ઘરનું વાતાવરણ પણ થોડું અશાંત લાગશે. ગુરુ ચોથા ભાવમાં હોવાથી અઠવાડિયાની શરૂઆત પૈસાની બાબતે ભલે સારી રહે, પણ અંતમાં કોઈક કારણસર ખર્ચો વધી જઈ શકે છે અને એ વાત તમને પરેશાન કરશે. એટલે શરૂઆતથી જ યોગ્ય આયોજન કરીને જ ખર્ચ કરજો. આ અઠવાડિયું તમારા કુટુંબજીવનમાં ખુશી, શાંતિ અને સમૃદ્ધિ લાવશે. એટલે જ તો કોઈ ધાર્મિક સ્થળે કે સગાં-સંબંધીને ત્યાં આખા પરિવાર સાથે જવાનું પ્લાનિંગ કરી શકો છો. ધંધામાં નવા ભાગીદારને જોડવાનો વિચાર ચાલતો હોય તો કોઈપણ વચન આપતા પહેલાં બધી હકીકતો જાતે બરાબર ચકાસી લેજો, પછી જ આગળ વધજો. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગ્રહોની કૃપાથી વિદ્યાર્થીઓને ખૂબ સારા ફળ મળશે. કોઈ સારી જગ્યાએ એડમિશનના શુભ સમાચાર પણ આવી શકે. ખાસ કરીને જે વિદ્યાર્થીઓ વિદેશ ભણવા જવાનું સપનું જોઈ રહ્યા છે, એમનું એ સપનું પૂરું થવાના પ્રબળ યોગ બની રહ્યા છે.। જોકે ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, મેનેજમેન્ટ અને બાયોટેક્નોલોજીની અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વધુ મહેનત પછી જ સફળતા મળશે.

**વૃષભ - (બ, વ, ઉ)**આ અઠવાડિયે મીઠું ખાવાની તીવ્ર ઈચ્છા થશે અને એ ઈચ્છા તમે પૂરી પણ કરશો. પણ ભાઈ, એક વાત યાદ રાખજો લ આ જ આદત આગળ જઈને ડાયાબિટીસ કે વજન વધવાની સમસ્યા આપી શકે છે. ગુરુ ત્રીજા ભાવમાં હોવાથી આખું અઠવાડિયું જુદા-જુદા ક્ષેત્રે ખર્ચ થતો રહેશે, અને ક્યાંક પૈસાની તંગી જેવો અહેસાસ થઈ શકે. એટલે શરૂઆતમાં જ બજેટ બનાવી લેજો, એનાથી ઘણા ફાલતુ ખર્ચા કાબૂમાં આવી જશે. મોડી રાત સુધી ઘરની બહાર રહેવું કે મોજશોખ પાછળ વધારે પડતો ખર્ચ કરવો લ આવી બાબતોથી મા-બાપ નારાજ થઈ શકે છે. એટલે એવું કંઈ ન કરજો જેનાથી ઘરમાં ડાંટ સાંભળવી પડે, કારણ કે એનાથી તમારો મૂડ તો બગડશે જ, ઘરનું વાતાવરણ પણ બગડશે. જો ક્યાંય રોકાણ કરવાનું વિચારતા હોવ તો આ અઠવાડિયે રોકશો નહીં લ હાલ થોડી રાહ જુઓ અને કાર્યસ્થળે શીખવા પર ધ્યાન આપો. વિદ્યાર્થીઓ માટે આ સમય ખૂબ સકારાત્મક રહેશે. જે વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે, એમના માટે તો આ સોનેરી સમય છે, ગ્રહોની કૃપાથી સારી સફળતા મળશે.જેના કારણે તેમનું મનોબળ વધશે જ, પરંતુ તેમનો આત્મવિશ્વાસ અને હિંમત પણ નોંધપાત્ર રીતે વધશે.શનિ મહારાજ તમારી ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં હાજર હશે અને એવા માં,પાછળ ના અઠવાડિયા ના મુકાબલે આ અઠવાડિયે ,તમારું આરોગ્ય વધારે સારું રહેશે અને તમારું આરોગ્ય પણ મજબૂત હોવાથી તમે બહુ સારું મેહસૂસ કરશો.

**મિથુન - (ક, છ, ઘ) :-**આ રાશિના લોકોને નાની-મોટી તકલીફો સિવાય કોઈ મોટી બીમારી થવાની શક્યતા નહિવત છે. છતાં પણ કોઈ સીઝનલ બીમારી થાય તો ઘરે જાતે દવા લેવાને બદલે ડોક્ટરની સલાહ જરૂર લેજો. ગુરુ બીજા ભાવમાં હોવાથી તમારા આર્થિક નિર્ણયોમાં સુધારો આવશે, જે જૂના નુકસાનમાંથી બહાર નીકળવામાં મદદ કરશે. વસ્તુઓ ધીમે-ધીમે ફરી પાટા પર આવતી લાગશે. સાતમા ભાવ પર શનિની દૃષ્ટિ હોવાથી ઓફિસના કામની વ્યસ્તતાને કારણે જીવનસાથી સાથેનો સંબંધ થોડો તણાવપૂર્ણ થઈ શકે છે. પરિવારને કરેલું કોઈ વચન પૂરું કરવામાં અસફળ રહેશો, જેથી એમની નારાજગીનો સામનો કરવો પડશે. કાર્યક્ષેત્રે આ અઠવાડિયું તમારી કુશળતાની પરીક્ષા લેશે લ ઈચ્છિત પરિણામ મેળવવા માટે ધ્યાન કેન્દ્રિત રાખવું પડશે. જરૂર પડે તો વડીલોના અનુભવનો સહારો લેજો. ઘણા વિદ્યાર્થીઓના મનમાં વિદેશ ભણવા જવાની ઈચ્છા જાગશે. પણ ઘરમાં વાત કરતા પહેલાં તમે પોતે દરેક રીતે ખાતરી કરી લેજો, બધી માહિતી ભેગી કરજો.

**કર્ક - (ડ, હ) :-** સવારે યોગ-કસરત જેવા જે કામો કરવા માગતા હતા પણ થઈ શકતા નહોતા, એ આ અઠવાડિયે રાતના જમ્યા પછી થોડો સમય કાઢીને કરવાનું વિચારી શકો છો. રાહુ આઠમા ભાવમાં હોવાથી ઓફિસથી સમયસર નીકળવું પડશે, જેથી રાતે જમ્યા પછી થોડું ચાલવા જઈને ખોરાક હજમ કરી શકો. એના માટે પ્રયત્ન કરવો જરૂરી છે. ગુરુ પ્રથમ ભાવમાં હોવાથી થોડા અણધાર્યા ખર્ચા થવાની શક્યતા છે, પણ આવક સતત વધતી રહેવાથી એની અસર નહીં દેખાય. તમારી મોજશોખ પાછળ પણ થોડોઘણો ખર્ચ કરી શકશો. છતાં આવક અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવવું ખૂબ જરૂરી છે. ઓફિસના કામની વ્યસ્તતાને કારણે જીવનસાથી સાથેનો સંબંધ તણાવપૂર્ણ થઈ શકે છે, અને કોઈ વચન પૂરું ન કરી શકવાથી ઘરનાઓની નારાજગીનો સામનો કરવો પડશે. કાર્યક્ષેત્રે પરિસ્થિતિ પહેલાં કરતાં ઘણી સારી થતી જણાશે. તમારી આ સફળતા પાછળ જે નાના-મોટા સહકાર્યકરોની મહેનત છે, એમને જાતે આગળ વધીને દુઆ-સલામ કરવાનું ભૂલતા નહીં લ એનાથી તમને બંનેને સકારાત્મક પ્રોત્સાહન મળશે. ઘણા વિદ્યાર્થીઓ આ અઠવાડિયે જૂના ફોટા જોઈને જૂની યાદોમાં ખોવાઈ જશે, અને કિંમતી સમય બગાડશે. એટલે શરૂઆતથી જ ધ્યાન રાખજો.

**સિંહ - (મ, ટ) :-** ગુરુ બારમા ભાવમાં હોવાથી આ અઠવાડિયે તબિયતમાં સુધારો આવશે. એટલે એવી પ્રવૃત્તિઓમાં જોડાઓ જે રોમાંચક હોય અને મનને શાંતિ આપે લ એનાથી માનસિક તણાવ દૂર રાખવામાં મદદ મળશે. આર્થિક સ્થિતિ સારી થવાથી ઘરની જરૂરી ચીજો ખરીદવી સહેલી રહેશે, જેથી ઘરના લોકો ખુશ રહેશે અને તમને પણ વધુ સારું કરવાનું પ્રોત્સાહન મળશે. રાહુ સાતમા ભાવમાં હોવાથી તમે મહેસૂસ કરશો કે જે ઘરના માણસો તમારા માટે સૌથી મહત્વના છે, એમને જ તમારી વાત અને લાગણીઓ સમજાવવામાં તકલીફ પડી રહી છે. એટલે થોડો સમય શાંત રહેજો, એમને પણ સમય આપજો. કાર્યક્ષેત્રે કોઈ હરીફ કે વિરોધી તમારી વિરુદ્ધ ષડયંત્ર રચી શકે છે, એટલે આંખ-કાન ખુલ્લા રાખીને જ કામ કરજો. ઉચ્ચ શિક્ષણ ઈચ્છનારા વિદ્યાર્થીઓને એમની મહેચ્છા મુજબ સફળતા મળી શકે છે, પણ ધીરજથી અને દરેક પગલું વિચારીને જ આગળ વધજો. કોઈ નિર્ણય લેવામાં મુશ્કેલી પડે તો વડીલોની સલાહ લેજો.

**કન્યા - (પ, ઠ, ણ) :-**ગુરુ અગિયારમા ભાવમાં હોવાથી મીઠાઈ ખાવાની ઈચ્છા તીવ્ર થશે, જે તમે પૂરી પણ કરશો. પણ યાદ રાખજો લ આ આદત આગળ જઈને ડાયાબિટીસ કે વજન વધવાનું કારણ બની શકે છે. જો લાંબા સમયથી તમારા પૈસા કોઈ વળતર કે ઉધારી રૂપે ક્યાંક ફસાયેલા હતા, તો આખરે આ અઠવાડિયે એ પાછા મળી જશે. ઘણા શુભ ગ્રહોની સ્થિતિ આ સમયે ધનલાભ બતાવી રહી છે. શનિ સાતમા ભાવમાં હોવાથી પરિવાર કે મિત્રો સાથે ક્યાંક પિકનિક પર જવા માટે આ અઠવાડિયું બેસ્ટ છે લ મન પણ હળવું થશે અને સંબંધો પણ ગાઢ બનશે. કાર્યક્ષેત્રે કોઈ એવી ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે, જેને મળવા માટે લગભગ બધા તરસતા હોય છે. પણ તમારી મહેનતના જોરે અશક્યને શક્ય બનાવીને એમની સાથે મુલાકાત કરી શકશો. એમને મળતી વખતે સારી રીતે તૈયાર થઈને જજો અને કોઈ ફાલતુ વાત કરવાનું ટાળજો, જેથી છબી બગડે નહીં. ઘણા વિદ્યાર્થીઓ જૂની ભૂલોમાંથી શીખ ન લેતા એ જ ભૂલો ફરી કરશે, જેથી શિક્ષણમાં ખરાબ પરિણામ ભોગવવા પડી શકે છે. યાદ રાખજો લ અસફળતામાંથી પણ ઘણું શીખવા મળે છે.

**તુલા - (ર, ત) :-** રાહુ પાંચમા ભાવમાં હોવાથી માનસિક શાંતિનો અભાવ અનુભવાશે, અંદર-અંદર બેચેની રહેશે. એને બદલે ધર્મ-કર્મના કામોમાં ઉત્સાહથી ભાગ લેજો, શ્રદ્ધા મુજબ દાન-પુણ્ય કરજો. એનાથી સમાજમાં માન વધશે અને માનસિક તણાવથી પણ બચી શકશો. શનિ છઠ્ઠા ભાવમાં હોવાથી જો વિદેશ સાથે જોડાયેલો વેપાર કરો છો, તો નવા ૂાેતો સાથે જોડાવાની અને એમાંથી લાભ મેળવવાની તકો ખુલશે. એના માટે યોગ્ય રણનીતિ સાથે તૈયાર રહેજો. આ અઠવાડિયે તમારા કોઈ કામથી મા-બાપ ગૌરવ અનુભવશે, જેથી ઘરનું વાતાવરણ શાંત રહેશે અને ઘરમાં એવું માન મળશે જે લાંબા સમયથી ઝંખતા હતા. ઓફિસના કામમાં મન નહીં લાગે, કારણ કે કરિયરને લઈને મનમાં દ્વિધા હશે. ધ્યાન કેન્દ્રિત રાખવા યોગ અને ધ્યાનનો સહારો લેજો. વિદ્યાર્થીઓએ આ અઠવાડિયે વધુ સારું પ્રદર્શન કરવાની જરૂર છે, નહીંતર મા-બાપ અને શિક્ષકોની ડાંટ સાંભળવી પડે. એટલે શરૂઆતથી જ મહેનત ચાલુ રાખજો. ખાસ કરીને જે વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરવાનો સ્વપ્ન જોઈ રહ્યા છે, તેમને મનપસંદ શાળા અથવા કોલેજમાં પ્રવેશ મેળવવાની શક્યતા છે.

**વૃશ્ચિક - (ન, ય) :-** રાહુ ચોથા ભાવમાં હોવાથી શરીરને આરામ આપવાની જરૂર છે. છેલ્લા થોડા સમયથી તમે ભારે માનસિક દબાણમાંથી પસાર થયા છો, એટલે હવે આરામ કરવો જરૂરી છે. નવી પ્રવૃત્તિઓ અને મનોરંજનની સાથે પૂરતો વિશ્રામ લેજો. આ અઠવાડિયે તમારો લોભ જ તમારો સૌથી મોટો દુશ્મન બની શકે છે. કોઈ વ્યક્તિ ગેરકાનૂની કામ માટે પૈસાની લાલચ આપી શકે છે લ એ લાલચમાં પડ્યા તો કોઈ મોટી મુશ્કેલીમાં ફસાઈ શકો છો. ભૂલથી પણ ઘરના સભ્યો સાથે રુક્ષ વ્યવહાર ન કરજો. ખાસ કરીને વડીલો સાથે મર્યાદાથી જ રહેજો, નહીંતર ઘરની શાંતિ ડોળાઈ શકે છે અને એનો માનસિક તણાવ સૌથી વધારે તમને જ ભોગવવો પડશે. જે લોકો સરકારી નોકરીમાં છે, એમને આ અઠવાડિયે પ્રમોશન કે પગાર વધારાની સાથે મનગમતી જગ્યાએ ટ્રાન્સફર પણ મળી શકે છે. એટલે ધ્યેય પર જ ધ્યાન કેન્દ્રિત રાખજો. શિક્ષણ ક્ષેત્રે પણ સારા ફળ મળશે, પણ વિદ્યાર્થીઓ આરામની આદતમાં એટલા પડી જશે કે નાની-મોટી ચેલેન્જ પણ મોટી લાગવા માંડશે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ સપ્તાહે તમને અનુભવ થશે કે આસપાસના લોકો તમારી પાસેથી વધુ માગણી અને અપેક્ષા રાખી રહ્યા છે. એવામાં તમે તેમની દરેક માગ પૂરી કરવા માટે પોતાના પર વધારાનું દબાણ અનુભવશો. પરંતુ તમારે એ સમજવું પડશે કે જેટલું તમે કરી શકો તેનાથી વધુ કોઈને પણ વચન ન આપો, અને માત્ર બીજાને ખુશ કરવા માટે પોતાને નકામા તણાવથી થકવશો નહીં. ગ્રહોની સ્થિતિ અનુસાર તમારી રાશિના જાતકો માટે આર્થિક દૃષ્ટિએ આ સપ્તાહ સામાન્યથી વધુ સારા પરિણામ લાવનારું સાબિત થઈ શકશે. રાહુ ત્રીજા ભાવમાં હોવાના કારણે, સમાજમાં તમારી સ્થિતિ મજબૂત કરવા અને ધનમાં વૃદ્ધિ માટે આ સમયે કેટલીક શાનદાર તકો પ્રાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જો તમે ઘરથી દૂર રહો છો, તો આ સપ્તાહે જ્યારે પણ તમે એકલતા અનુભવશો, ત્યારે કોઈને કોઈ રીતે તમારો પરિવાર તમને એ અહેસાસ કરાવતો રહેશે કે દૂર હોવા છતાં તેઓ ભાવનાત્મક રીતે દરેક ક્ષણે તમારી સાથે છે. આ તમને હતાશાથી બચાવશે, સાથે જ સમજદારી ભર્યો નિર્ણય લેવામાં પણ ખૂબ મદદ કરશે. કામ પ્રત્યેની તમારી લગન અને મહેનતને જોતાં આ સપ્તાહે તરક્કી મળી શકે છે, પણ તેના માટે તમારે ઉપરી અધિકારીઓની ખુશામત પણ કરવી પડશે, જેનાથી બીજાઓની નજરમાં તમારી છબીને નુકસાન પહોંચી શકે છે.

**મકર - (ખ, જ) :-** તમારી રોગપ્રતિકારક શક્તિ આ સમયે ખૂબ નબળી હશે, તેથી જરૂર પડે તો બીમાર પડતા પહેલાં જ આવશ્યક દવા લો. પરંતુ દરેક સમસ્યાનો જાતે જ ઘરે ઈલાજ કરવાથી પણ બચવું જોઈએ. શનિ ત્રીજા ભાવમાં સ્થિત હોવાના કારણે, આ સપ્તાહે વેપારીઓને કાર્યક્ષેત્રના સંબંધમાં બીજા રાજ્યમાં જવું પડી શકે છે, જ્યાં તેમનું અપેક્ષાથી વધુ ધન બરબાદ થશે. આ સપ્તાહે તમારા મિત્રો કોઈ સરસ યોજના બનાવી તમારું મન પ્રસન્ન કરી દેશે. આ યોજના ક્યાંક બહાર જવાની હોઈ શકે છે, જ્યાં તમને મિત્રો સાથે ફરી મોજમસ્તી કરવાની તક મળશે. કેતુ આઠમા ભાવમાં હોવાના કારણે, આ સપ્તાહે તમે કાર્યસ્થળ પર ઉપરી અધિકારીઓ અને ગૌણ સહકર્મીઓ સાથેના દરેક પૂર્વ વિવાદ સમાપ્ત કરી, તેમની સાથેના સંબંધો સુધારવામાં સફળ રહેશો. જેનાથી તમારી છબીને લાભ મળશે, સાથે જ ભવિષ્યમાં પગાર વૃદ્ધિની સંભાવનાઓ પણ વધી શકે છે. વિદ્યાર્થીઓએ આ સપ્તાહે એવી પ્રવૃત્તિઓથી દૂર રહેવું પડશે જે તેમનું ધ્યાન ભટકાવી શકે. માત્ર એવા જ લોકો સાથે મેળ-મિલાપ વધારો જે અભ્યાસમાં હોશિયાર હોય, જેથી જરૂર પડ્યે તેમની મદદ લઈ શકાય.

**કુંભ - (ગ, શ, ષ, સ) :-**આ સપ્તાહે તમારી તબિયતમાં તો સુધારો આવશે, પરંતુ જીવનના વિવિધ ક્ષેત્રોમાં ચાલી રહેલી ઊથલપાથલ તમને થોડા બેચેન કરી શકે છે. તેથી જો માનસિક શાંતિ મેળવવી હોય તો કેટલીક પળો નજીકના મિત્રો સાથે વિતાવવાની જરૂર છે. કેતુ સપ્તમ ભાવમાં હોવાના કારણે, આ સપ્તાહે વેપારીઓને કાર્યક્ષેત્રના સંબંધમાં બીજા રાજ્યમાં જવું પડી શકે છે, જ્યાં તેમનું અપેક્ષાથી વધુ ધન બરબાદ થશે. આ સપ્તાહે પરિવારમાં સામંજસ્ય બેસાડવામાં તમારા જીવનસાથી તમારી મદદ કરશે અને તેઓ આમાં તમારા માટે સૌથી વધુ મદદગાર સાબિત થશે. યોગ એવા પણ બની રહ્યા છે કે તમને સંબંધીઓ અને મિત્રો તરફથી અચાનક કોઈ સારી ભેટ મળે. આ આખા સપ્તાહ દરમિયાન તમારા શત્રુઓ સક્રિય રહેશે, અને સમય-સમય પર તમારી નબળાઈઓનો લાભ ઉઠાવી તમારી વિરુદ્ધ ષડયંત્ર રચતા દેખાશે. જેનાથી તમે કારકિર્દીમાં આગળ વધવામાં અસમર્થ રહેશો, સાથે જ કોઈ મોટી મુશ્કેલીમાં પણ ફસાઈ શકો છો. જે વિદ્યાર્થીઓ સતત મહેનત કરતા આવ્યા છે, તેમને આ સપ્તાહે પોતાની શાળા કે કોલેજમાં શિષ્યવૃત્તિથી સન્માનિત કરવામાં આવી શકે છે. જેનાથી તમારા માન-સન્માનમાં વધારો થશે, અને પરિવારને તમારી મહેનત જોઈ ગર્વનો અનુભવ થશે.

**મીન - (દ, ચ, ઝ, થ) :-** બૃહસ્પતિ પાંચમા ભાવમાં હોવાના કારણે, તમારા સ્વાસ્થ્ય માટે આ સપ્તાહ અનુકૂળ દેખાઈ રહ્યું છે. કારણ કે આ સમયે કોઈ મોટી બીમારી થવાની સંભાવના ઓછી છે, તેથી સારા સ્વાસ્થ્યનો આનંદ માણો અને નિયમિત રીતે વિટામિન-ઝ યુક્ત ખાદ્ય પદાર્થોનું સેવન કરો. આ સપ્તાહે તમે સરળતાથી પૈસા એકઠા કરી શકશો, કારણ કે આ દરમિયાન લોકોને આપેલા જૂના ઉધાર પાછા મળી શકે છે, અથવા તો એવી પણ સંભાવના છે કે તમે કોઈ નવા પ્રોજેક્ટ માટે થોડું ધન અર્જિત કરી શકો. અંગત જીવનમાં લીધેલા કોઈ મોટા નિર્ણયમાં તમને પરિવારનું સમર્થન નહીં મળે, જેનાથી તમે પોતાને ખૂબ એકલા અનુભવશો, અને મનમાં તેમનાથી દૂર જવાનો વિચાર પણ આવી શકે છે. રાહુ બારમા ભાવમાં હોવાના કારણે, કાર્યસ્થળ પર આખા સપ્તાહ દરમિયાન કોઈ પણ વિજાતીય વ્યક્તિ સાથે દિલ લગાવવાથી બચવું પડશે, નહીંતર તમારી બદનામી સાથે છબીને પણ નુકસાન પહોંચી શકે છે. તેથી એવું કંઈ ન કરો જેનો પાછળથી પસ્તાવો થાય. તમારી રાશિના વિદ્યાર્થીઓને આ સપ્તાહે શિક્ષકો અને વાલીઓનો સહયોગ મળશે. એવામાં સૂચન છે કે દરેક સંકોચ દૂર કરી શિક્ષકોની મદદ લેતા રહો. જે જાતકોના તાજેતરમાં લગ્ન થયા છે, તેમના જીવનમાં કોઈ નવો મહેમાન દસ્તક દઈ શકે છે. ત્યારબાદ તમને એહસાસ થશે કે હવે ઘરે વધુ સમય વિતાવવાની જરૂર છે.

# ભારતીય નાગરિકતા માટે માન્ય દસ્તાવેજનો વિવાદ: એક વિશ્લેષણ

## લોકશાહી દેશમાં નાગરિકોની ઓળખ અંગેની અસ્પષ્ટતા દૂર થાય અને કાયદાકીય સરળતા રહે તે માટે સરકારે ભવિષ્યમાં વધુ સ્પષ્ટ અને સર્વગ્રાહી માળખું તૈયાર કરવું અનિવાર્ય

**[વાત અને વિચાર]**

ભારતમાં 'કોણ દેશનો કાયદેસરનો નાગરિક છે અને તે સાબિત કરવા કયો દસ્તાવેજ સર્વોપરી છે?' આ સવાલ સમયાંતરે રાજકીય અને સામાજિક ચર્ચાઓના કેન્દ્રમાં રહ્યો છે. તાજેતરમાં વિદેશ મંત્રાલય દ્વારા 'પાસપોર્ટ સેવા દિવસ' નિમિત્તે કરવામાં આવેલી એક સ્પષ્ટતાએ આ વિવાદને ફરીથી દેશભરમાં ગંભીર ચર્ચાનો વિષય બનાવી દીધો છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે, "ભારતીય પાસપોર્ટ એ માત્ર એક ટ્રાવેલ ડોક્યુમેન્ટ (મુસાફરીનો દસ્તાવેજ) છે, તેને નાગરિકતાનો અંતિમ કે નિર્ણાયક પુરાવો ગણી શકાય નહીં." આ નિવેદન બાદ સામાન્ય જનતામાં ગૂંચવાડો અને વિપક્ષી દળોમાં આક્રોશ જોવા મળ્યો છે.

સામાન્ય રીતે ભારતીય નાગરિકો એવું માનતા હોય છે કે તેમની પાસે રહેલા સરકારી ઓળખપત્રો તેમની નાગરિકતા સાબિત કરવા માટે પૂરતા છે. જોકે, કાયદાકીય સ્થિતિ તદ્દન અલગ છે. દેશના મુખ્ય દસ્તાવેજોની કાનૂની મર્યાદાઓ નીચે મુજબ છે:

આધાર કાર્ડ: સુપ્રીમ કોર્ટે અગાઉ જ સ્પષ્ટ કર્યું છે કે આધાર કાર્ડ માત્ર બાયોમેટ્રિક ઓળખ અને રહેઠાણનો પુરાવો છે, નાગરિકતાનો નહીં.

મતદાર ઓળખપત્ર : તે વ્યક્તિનું નામ મતદાર યાદીમાં હોવાનું અને તેને મતદાનનો અધિકાર હોવાનું દર્શાવે છે, પરંતુ તે નાગરિકતાનો આખરી કાનૂની પુરાવો નથી.

પાન કાર્ડ અને રેશન કાર્ડ : પાન કાર્ડ માત્ર નાણાકીય/કરવેરા સંબંધિત ઓળખ માટે છે, જ્યારે રેશન કાર્ડ સરકારી કલ્યાણકારી યોજનાઓ માટે છે.

પાસપોર્ટ : વિદેશ મંત્રાલય અને અગાઉ બોમ્બે હાઈકોર્ટના ચુકાદા અનુસાર, પાસપોર્ટ પાસપોર્ટ એક્ટ ૧૯૬૭ હેઠળ ઈશ્યૂ થાય છે, જે અમુક ખાસ સંજોગોમાં બિન-નાગરિકોને પણ આપી શકાય છે. તેથી તે આંતરરાષ્ટ્રીય પ્રવાસ માટે સક્ષમ હોવા છતાં નાગરિકતાનો આખરી પુરાવો નથી.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતમાં નાગરિકતા કોઈ એક ચોક્કસ કાર્ડ કે દસ્તાવેજથી નહીં, પરંતુ 'નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫' ના નિયમોના આધારે નક્કી થાય છે. ભારતમાં બહુમતી વસ્તી જન્મના આધારે નાગરિક છે, અને તેના માટે વ્યક્તિના જન્મનું વર્ષ અને માતા-પિતાની નાગરિકતાના પુરાવા સંયુક્ત રીતે જવાબદાર બને છે.૧ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ થી ૧ જુલાઈ ૧૯૮૭ : આ ગાળામાં ભારતમાં જન્મેલી કોઈપણ વ્યક્તિ આપમેળે ભારતની નાગરિક ગણાય છે.૧ જુલાઈ ૧૯૮૭ થી ૩ ડિસેમ્બર ૨૦૦૪ : આ સમયગાળામાં જન્મેલા લોકો માટે તેમના માતા અથવા પિતામાંથી કોઈ એક ભારતીય નાગરિક હોવા જરૂરી છે.

૩ ડિસેમ્બર ૨૦૦૪ પછી : આ ગાળામાં જન્મેલા બાળકોના માતા-પિતા બંને ભારતીય નાગરિક હોવા જોઈએ અથવા એક નાગરિક હોય




અને બીજા ગેરકાયદેસર પ્રવાસી ન હોવા જોઈએ.આમ, કાયદાકીય રીતે જન્મ પ્રમાણપત્ર અને માતા-પિતાના જૂના દસ્તાવેજો (જેમ કે જમીનના રેકોર્ડ કે ૧૯૮૭ પહેલાના સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ) નાગરિકતા સાબિત કરવા માટેના મૂળભૂત આધાર બને છે.

સરકારની આ સ્પષ્ટતા સામે વિપક્ષી પક્ષોએ તીખી પ્રતિક્રિયા આપતા સવાલ ઉઠાવ્યો છે કે, જો આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરતો પાસપોર્ટ પણ નાગરિકતાનો પાકો પુરાવો ન હોય, તો દેશમાં કયો દસ્તાવેજ સુરક્ષિત ગણાય? નાગરિકોમાં એવી ચિંતા વ્યાપી છે કે ભવિષ્યમાં જો રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર જેવી પ્રક્રિયાઓ લાગુ થાય, તો સામાન્ય માણસે પોતાની નાગરિકતા સાબિત કરવા માટે સરકારી કચેરીઓના ધક્કા ખાવા પડશે.

ભારતમાં ડિજિટલ ઓળખ માટે આધાર અને પ્રવાસ માટે પાસપોર્ટ જેવી મજબૂત વ્યવસ્થાઓ હોવા છતાં, હજુ સુધી દેશના તમામ નાગરિકો માટે કોઈ એકીકૃત 'રાષ્ટ્રીય નાગરિકતા કાર્ડ' (National Citizenship Certificate) અસ્તિત્વમાં નથી. લોકશાહી દેશમાં નાગરિકોની ઓળખ અંગેની અસ્પષ્ટતા દૂર થાય અને કાયદાકીય સરળતા રહે તે માટે સરકારે ભવિષ્યમાં વધુ સ્પષ્ટ અને સર્વગ્રાહી માળખું તૈયાર કરવું અનિવાર્ય બન્યું છે.

# પહેલા એક શ્વાન ઉપર અખતરો કર્યા બાદ સાયકો કિલરે ગામના આઠ લોકોની કરી હત્યા

છત્તીસગઢના બાલોદાબજાર જિલ્લાનું એક નાનકડું અને શાંત ગામ એટલે ખારવે. અહીં બધું જ સામાન્ય ચાલી રહ્યું હતું, જ્યાં સુધી ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ની એ કાળી રાત ન આવી. ગામના રહેવાસી બદ્રી પટેલનું અચાનક રહસ્યમય સંજોગોમાં અવસાન થયું. લોકોએ તેને કુદરતી મૃત્યુ માનીને અંતિમ સંસ્કાર કરી દીધા. કોઈને અંદાજો નહોતો કે આ માત્ર એક શરૂઆત હતી.

ધીમે-ધીમે ૧૪ મે સુધીમાં ગામમાં એક પછી એક એમ



## છત્તીસગઢ રાજ્યના એક નાનકડા ગામમાં ટૂંકા સમયમાં એક પછી એક આઠ લોકોના રહસ્યમય મૃત્યુ થતા ગ્રામજનો ફફડી ઉઠયા : ગામના જ એક માનસિક વિકૃત વ્યક્તિએ નજીવા કારણોસર આઠ નિર્દોષ લોકોનો લીધો ભોગ

**[ક્રાઈમ સ્ટોરી]**

આઠ લોકોના મોત થઈ ગયા. આખા ગામમાં ફફડાટ વ્યાપી ગયો હતો. કોઈ તેને મેલીવિદ્યાનો પ્રકોપ ગણાવતું તો કોઈ કુદરતી આપત્તિ. દરેક મૃત્યુ પછી પંચનામું કે પોસ્ટમોર્ટમ વગર જ લાશના અગ્નિસંસ્કાર કે દફનવિધિ કરી દેવામાં આવતી હતી. ગામના સ્મશાનનો ધુમાડો હજુ શાંત થાય તે પહેલાં બીજી ચિતા તૈયાર થઈ જતી.

ગુનેગાર ગમે તેટલો શાતિર હોય, પણ તે એક ભૂલ જરૂર કરે છે. આ કેસમાં પણ એવું જ થયું. હત્યારાએ ગામના વધુ એક વ્યક્તિને પોતાનો શિકાર બનાવવાનો પ્રયાસ કર્યો. તેને પણ દારૂમાં કંઈક ભેળવીને પીવડાવી દેવાયું. પરંતુ, નસીબજોગ તેના પરિવારે સમય બગાડ્યા વગર તેને તાત્કાલિક હોસ્પિટલ ભેગો કર્યો. ડૉક્ટરોની મહેનત રંગ લાવી અને એ વ્યક્તિનો જીવ બચી ગયો.

હોસ્પિટલમાંથી બહાર આવ્યા બાદ જ્યારે પીડિતે પોતાની આપવીતી સંભળાવી, ત્યારે ગામલોકોના કાન ચમક્યા. કડીઓ જોડવાનું શરૂ થયું તો ખબર પડી કે જેટલા પણ લોકો મર્યા હતા, એ બધાના મોતના લક્ષણો અને પેટર્ન એકસરખી જ હતી! બધા જ મૃત્યુ પામતા પહેલાં દેશી દારૂ પીધાની વાત સામે આવી.

૬ જૂન, ૨૦૨૬ના રોજ ગામના લોકો એકઠા થઈને કાસ્ડોલ પોલીસ સ્ટેશને પહોંચ્યા અને આ આઠ મોતના રહસ્ય પરથી પડદો ઉઠાવવા લેખિત ફરિયાદ કરી. ગ્રામજનોની શંકાની સોય ગામમાં જ કરિયાણાની દુકાન ચલાવતા રામસહાય જયસ્વાલ તરફ જઈ રહી હતી.

મામલાની ગંભીરતા જોઈને પોલીસે તુરંત એક્શન લીધા. આઠ મૃતકોમાંથી એક બુધરામના અગ્નિસંસ્કાર થઈ ચૂક્યા હતા, પરંતુ બાકીના સાત પીડિતોના મૃતદેહોને દફનાવવામાં આવ્યા હતા. પોલીસે મેજિસ્ટ્રેટની હાજરીમાં સાતેય લાશને કબરની બહાર કઢાવી અને ફોરેન્સિક તપાસ માટે રાયપુર મોકલી આપી.

થોડા દિવસોમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યો તો પોલીસ પણ ચોંકી ગઈ. તમામના શરીરમાંથી ઘાતક ઝેર મળી આવ્યું હતું. શરૂઆતમાં જે દારૂ ઝેરી હોવાની આશંકા હતી તે ખોટી સાબિત થઈ; દારૂ બરાબર હતો, પણ તેમાં ઉપરથી કોઈ કિલર કેમિકલ કે ઝેર ભેળવવામાં આવ્યું હતું. એટલે કે, આ અકસ્માત નહીં પણ ક્રૂર સિરિયલ કિલિંગ હતું!

પોલીસે શંકાના આધારે કરિયાણાના દુકાનદાર રામસહાય જયસ્વાલની અટકાયત કરી. શરૂઆતમાં તો તે રીઢા ગુનેગારની જેમ પોલીસને ગુમરાહ કરતો રહ્યો અને પોતે નિર્દોષ હોવાનું નાટક કરતો રહ્યો. પરંતુ જ્યારે પોલીસે પોતાની ખાસ શૈલીમાં કડક પૂછપરછ શરૂ કરી અને પુરાવા સામે રાખ્યા, ત્યારે રામસહાય જયસ્વાલ ભાંગી પડ્યો. તેણે જે ખુલાસો કર્યો તે સાંભળીને પોલીસ ઓફિસરોના પણ રૂંવાડા ઊભા થઈ ગયા.

રામસહાયે કબૂલ્યું કે તેણે ઉંદર મારવાની દવાના બહાને બજારમાંથી અત્યંત ઘાતક ઝેર ખરીદ્યું હતું. આ ઝેર કેટલું અસરકારક છે તે જાણવા માટે તેણે સૌથી પહેલા ગામના એક રખડતા કૂતરા પર તેનું પરીક્ષણ (ટ્રાયલ) કર્યું હતું. કૂતરાના મોત બાદ જ્યારે તેને ખાતરી થઈ ગઈ કે આ કેમિકલ ધાર્યું કામ કરે છે, ત્યારે તેણે માનવ શિકાર શરૂ કર્યો.

પોલીસે જ્યારે પૂછ્યું કે, "તેં આખા ગામને કેમ સાફ કરી નાખ્યું?" ત્યારે રામસહાયે આપેલા જવાબો કોઈ સામાન્ય માણસના નહોતા, તે એક વિકૃત માનસિકતા ધરાવતા 'સાયકો કિલર'ના હતા. તેણે માત્ર નજીવી બાબતો અને વહેમના કારણે આઠ-આઠ માનવજીવ લઈ લીધા હતા. સાઈકો કિલરે હત્યાના કારણો જણાવ્યા તેમાં તેને કોઈની સાથે જૂની દુશ્મનાવટ હોવાનું,કોઈએ તેની સાથે સામાન્ય બોલાચાલી કે વિવાદ કર્યો હતો.કોઈના પર તેને દેવું વસૂલવાની દાઝ હતી.

કોઈ તેની પત્ની પર ખરાબ નજર રાખતો હોવાની તેને શંકા હતી.તો કોઈ તેના પર મેલીવિદ્યા કરતું હોવાનો તેને વહેમ હતો.

તે કરિયાણાની દુકાને આવતા આ તમામ લોકોને વિશ્વાસમાં લઈને દારૂ પીવડાવતો અને તેમાં ગુપચુપ ઝેર ભેળવી દેતો હતો.

પોલીસે સાયકો કિલર રામસહાય જયસ્વાલની ધરપકડ કરીને તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. જે ગામ ત્રણ મહિનાથી અજ્ઞાત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યું હતું, ત્યાં આખરે સત્ય સામે આવ્યું. પરંતુ આ આઠ પરિવારોની ક્યારેય ન પુરાય તેવી ખોટ પાછળ એક વિકૃત માણસનો વહેમ અને ક્રૂરતા જવાબદાર હતા.

# તૃણમૂલ કોંગ્રેસનું ભવિષ્ય હવે મમતા બેનર્જીના ધૈર્ય અને રણનીતિ ઉપર નિર્ભર

## પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં કારમી હાર મમતા બેનર્જીની રાજકીય સફરનો અંત નથી, પણ એક કઠિન અગ્નિપરીક્ષાની શરૂઆત છે.આ અગ્નિપરીક્ષામાં દીદી સફળ થશે તો મૂળ તૃણમૂલ કોંગ્રેસ બચે તેવી સંભાવના છે



**[રાજકારણ]**

પશ્ચિમ બંગાળના રાજકારણમાં દાયકાઓ સુધી એકહથ્થુ શાસન ભોગવનાર અથવા મજબૂત પકડ ધરાવનાર નેતાઓની યાદીમાં મમતા બેનર્જી (દીદી)નું નામ મોખરે રહ્યું છે. જો કે, તાજેતરની ચૂંટણીઓમાં અણધારી અને કારમી હાર બાદ બંગાળની રાજકીય ધરતી ધ્રુજી ગઈ છે. આ હારે માત્ર તૃણમૂલ કોંગ્રેસના પાયા હચમચાવી દીધા નથી, પરંતુ મમતા બેનર્જીની પોતાની રાજકીય કારકિર્દી અને ભવિષ્ય સામે પણ મોટા પ્રશ્નાર્થચિહ્નો ઊભા કરી દીધા છે.

કોઈપણ મજબૂત નેતા માટે આવી હાર માત્ર સત્તા ગુમાવવાનો વિષય નથી હોતી, પરંતુ તે પોતાની વિશ્વસનીયતા બચાવવાની લડાઈ બની જાય છે. વર્તમાન સમયમાં દીદી સામે અનેક સ્તરે ગંભીર પડકારો ઉદભવ્યા છે.

વિધાનસભા ચૂંટણીમાં પરાજય થતાં જ પક્ષની અંદર અસંતોષની જ્વાળાઓ બહાર આવવા લાગી છે. ઘણા વરિષ્ઠ નેતાઓ અને કાર્યકરો, જેઓ અત્યાર સુધી દીદીના કડક વલણથી દબાયેલા હતા, તેઓ હવે ખુલ્લેઆમ વિરોધ કરી રહ્યા છે અથવા અન્ય પક્ષો તરફ નજર દોડાવી રહ્યા છે. પક્ષને એકજૂથ રાખવો એ અત્યારે મમતા બેનર્જી માટે સૌથી મોટો પડકાર છે.

શારદા, રોઝ વેલીથી લઈને તાજેતરના ભરતી કૌભાંડો સુધીના મુદ્દાઓ પક્ષની છબીને પહેલેથી જ ખરડી ચૂક્યા છે. ચૂંટણીમાં હાર બાદ, વિપક્ષો વધુ આક્રમક બન્યા છે અને કેન્દ્રીય તપાસ એજન્સીઓનો ગાળિયો પક્ષના નેતાઓ પર વધુ મજબૂત બની શકે છે, જેનાથી જનતામાં પક્ષની શાખ વધુ ઘટશે.

બંગાળની જનતાએ દીદીના વિકલ્પ તરીકે જે પણ પક્ષને મજબૂત જનાદેશ આપ્યો છે, તે સત્તાધારી પક્ષ માટે કાયમી માથાનો દુખાવો બનવાનો છે. ભાજપ હવે બંગાળમાં તૃણમૂલ મુક્ત વાતાવરણ બનાવવા માટે એડીચોટીનું જોર લગાવશે.

બંગલામાં સત્તા ગુમાવ્યા પછી બ્યુરોક્રેસી (અમલદારશાહી) અને પોલીસ તંત્ર, જે અત્યાર સુધી તૃણમૂલના ઈશારે ચાલતું હોવાનો આક્ષેપ થતો હતો, તે હવે તટસ્થ અથવા નવી ભાજપની સરકાર વફાદાર થઈ જશે. આનાથી મમતા બેનર્જી માટે જમીની સ્તરે પ્રભાવ જાળવી રાખવો મુશ્કેલ બનશે.

રાજકારણમાં કોઈ કાયમી શત્રુ કે મિત્ર નથી હોતો, અને કોઈ હાર કાયમી હોતી નથી. મમતા બેનર્જી એક લડાયક નેતા તરીકે જાણીતા છે. ડાબેરીઓના ૩૪ વર્ષના શાસનને ઉખાડી ફેંકનાર મમતા બેનર્જી આ હારથી શાંત બેસી જાય તેવું માનવું ભૂલભરેલું ગણાશે.મમતા બેનર્જી સરકારમાં રહેવા કરતાં વિપક્ષમાં રહીને આંદોલનો કરવામાં વધુ માહિર છે. તેઓ જનતાની વચ્ચે જઈને નવી સરકારની નિષ્ફળતાઓ, મોંઘવારી, કે કાયદો-વ્યવસ્થાના મુદ્દે રસ્તા પર ઉતરીને ફરીથી જનસમર્થન મેળવવાનો પ્રયાસ કરશે.દીદીએ હવે પક્ષમાં યુવા ચહેરાઓને આગળ લાવવા પડશે અને જૂના, ભ્રષ્ટ કે અપ્રિય નેતાઓને હાંસિયામાં ધકેલવા પડશે. પક્ષની અંદર પિતરાઈ ભાઈ અભિષેક બેનર્જીની ભૂમિકા અને સ્વીકાર્યતા પણ આ સમયે કસોટીની એરણે ચડશે.જે દીદી ક્યારેક વડાપ્રધાન પદના દાવેદાર તરીકે દિલ્હીના રાજકારણમાં સક્રિય થવા માંગતા હતા, તેમણે હવે પાયાની લડાઈ પોતાના હોમ સ્ટેટ એટલે કે બંગાળ પૂરતી જ સીમિત રાખવી પડશે. રાષ્ટ્રીય સ્તરે તેમનું વજન આ હાર બાદ નોંધપાત્ર રીતે ઘટી જશે.

પશ્ચિમ બંગાળની આ હાર મમતા બેનર્જીની રાજકીય સફરનો અંત નથી, પણ એક કઠિન અગ્નિપરીક્ષાની શરૂઆત જરૂર છે. જો તેઓ પોતાની ભૂતકાળની ભૂલોમાંથી શીખીને, અહંકાર છોડીને ફરીથી બંગાળની ભોળી જનતાના 'દીદી' બનીને સેવામાં લાગી જશે, તો બંગાળના રાજકારણમાં તેમનો પુનર્જન્મ અશક્ય નથી. પરંતુ જો તેઓ આંતરિક વિખવાદ અને કાયદાકીય ગૂંચવણોમાં ફસાયેલા રહેશે, તો તૃણમૂલ કોંગ્રેસનું અસ્તિત્વ જોખમમાં આવી શકે છે. ભવિષ્ય હવે દીદીની ધૈર્ય અને નવી રણનીતિ પર નિર્ભર કરે છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ઔ | ન | શિ | અ: | મા | ઉ | ખ | કા | હા | સા | ધ |
| ઔ | લ | ક્ષ | મા | રી | ધ | ક | ક્ષ | ફ | ર | કી | ફ |
| ઔ | ક | સ | મ | દ | વિ | ઊ | ર | મા | બં | પ્રા | લ |
| પ્રા | ગં | લા | બા | ઈ | જ્ઞા | ગ | દ | ણ | ધ | કી | ઊ |
| લી | ભ | ઓ | ક | ર | ન | અ | ઓ | બ | ળ | વિ | જ્ઞા |
| કા | રો | લ | લ | ર | સા | સા | ત | કુ | લ | આ | હા |
| ધ | ઈ | ક | અ: | ર | બ | ખ | બૂ | કા | મો | ર | લા |
| ભા | દા | વિ | ણ | તી | ભો | મો | વિ | ર | ભો | બ | ક |
| ગી | ગ | કા | વિ | એ | મ | ક | આ | લ | પ્ર | બિ | સ |
| કા | ર | ળ | ચા | ન | ભો | ઐ | બ | જ | રી | ર | બ |
| ર | ડો | ળ | ર | ર | બ | ણે | ડો | ક્ષ | વા | જ | મા |
| રી | દ | કા | ણા | એ | ભો | બા | સ | ળો | શિ | ક્ષ | ણ |

**શબ્દ શોધો**

મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# અત્ર, તત્ર અને સર્વત્ર વ્યાપ્ત આદ્યશક્તિ એજ બ્રહ્મ છે


## બ્રહ્મા,વિષ્ણુ,રૂદ્ર, અગ્નિ, વરૂણ,વાયુ,ઈન્દ્ર, યજ્ઞ, દેવ, દાનવ, જળચર,ભૂચર, ખેચર તેમજ સમસ્ત પ્રાણીઓનું સંચાલન એક મહાન શક્તિના આધારે ચાલે છે

**[ધર્મ દર્શન]**

આ સમગ્ર સુષ્ટિનું ચાલક બળ એટલે શક્તિ, જે આદિકાળથી જગતનું સર્જન,પાલન અને વિનાશ દ્વારા નિયંત્રણ કરે છે.આ મહાશક્તિ જુદા જુદા નામ અને સ્વરૂપ ધારણ કરીને જગતના સર્વ કાર્યો કરે છે.બ્રહ્મા,વિષ્ણુ,રૂદ્ર, અગ્નિ, વરૂણ, વાયુ, ઈન્દ્ર, યજ્ઞ, દેવ, દાનવ,જળચર,ભૂચર,ખેચર તેમજ સમસ્ત પ્રાણીઓનું સંચાલન એક મહાન શક્તિના આધારે ચાલે છે.આ પરમ શક્તિ એટલે મા આદ્યશક્તિ.માતા પરમેશ્વરી,અંબા,ભવાની, દુર્ગા કે ઈશ્વરી.શક્તિ વગર આ વિશ્વની કલ્પના કરી શકાતી નથી.

સંકલ્પમાં રહેલું બળ જ સંકલ્પને સિદ્ધ કરે છે,બળ એટલે કે શક્તિ,સંકલ્પને સિદ્ધ કરવા માટે પ્રેરક બળ જરૂરી છે,માત્ર સંકલ્પ કરવાથી કોઈ કાર્ય સિદ્ધ થતું નથી,તેને માટે ક્રિયાબળ હોવું જરૂરી છે.આથી આદ્યશક્તિ જ બ્રહ્મારૂપે વિશ્વને ઉત્પન્ન કરવાનું કાર્ય કરે છે,વિષ્ણુરૂપે સૃષ્ટિના પાલનનું અને રૂદ્ર રૂપે સંહારનું કાર્ય કરીને સૃષ્ટિને વ્યવસ્થિત અને નિયંત્રિત કરે છે.એક રીતે વિશ્વપ્રસુતા રૂપે તે માતા કહેવાય છે,તો બીજી રીતે વિશ્વ પાલક અને રક્ષકરૂપે તે પિતા કહેવાય છે.લક્ષ્મીરૂપે તે જગતને રમ્ય અને સુંદર બનાવે છે,તો અલક્ષ્મીના રૂપમાં ઐશ્વર્યમાં ઉન્મત્ત,સ્વેચ્છાચારી પ્રાણીઓને દંડ આપી સન્માર્ગે વાળે છે.આ વિરાટ શક્તિ એક પ્રકારે ભગવાન કહેવાય છે અને તે જ શક્તિ ભગવતીના નામથી ઓળખાય છે.ઈશ્વર-ઈશ્વરી,મહેશ્વર-મહેશ્વરી,બ્રહ્મ-શક્તિ જે કાંઈ કહીએ તે મૂળ સ્વરૂપમાં એક જ છે.એક આદિ પુરુષના રૂપમાં જીવોને તારે છે,બીજી આદ્યશક્તિના રૂપમાં જીવ માત્રના દુઃખ દૂર કરી ત્રિવિધ તાપનું નિવારણ કરે છે.આ મહાશક્તિ ભગવતી જ આ બ્રહ્માંડમાં ઓતપ્રોત થઈને રહ્યાં છે.દરેકમાં શક્તિનો અંશ રહેલો છે,આ શક્તિનો લોપ થઈ જાય તો કેવું પરિણામ આવે તેની કલ્પના અતિ ભયંકર છે. કહેવાનું તાત્પર્ય એ જ કે,અણુથી ઈશ્વર પર્યંત એક મહાશક્તિજ મુખ્ય સ્વરૂપે બિરાજમાન છે. આ શક્તિ આદિ અને અનંત છે.આદિ પુરૂષ એટલે પ્રારંભિક રૂપમાં વ્યાપક થયેલ ઈશ્વર, આદ્યશક્તિ એટલે પ્રારંભિક શક્તિ.શક્તિ વગર વ્યાપકતા સંભવ નથી.આથી શક્તિ અને ઈશ્વરને જુદા ગણી શકાય નહી.શક્તિ એજ ઈશ્વર-બ્રહ્મ,અને બ્રહ્મ એજ શક્તિ. આદિ પુરૂષનું કોઈ કાર્યકારણ નથી તેમ આદ્યશક્તિનું પણ કોઈ કાર્યકારણ નથી.ઈશ્વર-બ્રહ્મ એ જગતપિતા છે અને આદ્યશક્તિ એ જગતજનની છે.

જે રીતે ઈશ્વર વિવિધ રૂપે અવતરીને ભક્તો,સજ્જનોના હિતાર્થે લીલાઓ કરે છે,એજ રીતે માતા જગદંબા ભક્તોના કાજે વિવિધ ચરિત્ર,રૂપ ધારણ કરીને પ્રગટ થાય છે.આ સઘળી લીલાઓ એક જ પરમેશ્વર-પરમેશ્વરીની માયારૂપ છે.માટે તેમનું શરણ સર્વનું મંગલ કરનાર અને કલ્યાણકારી છે.



સૌરાષ્ટ્ર આસપાસ

# જામનગરમાં તાજીયાના ઝુલુસમાં નિરિક્ષણ કરતાં રેન્જ આઈજી




જામનગર : મોહર્રમ પર્વ નિમિત્તે જામનગર શહેરમાં તાજિયાના જુલૂસો શાંતિપૂર્ણ માહોલમાં પસાર થાય અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ દરમિયાન રાજકોટ રેન્જના આઈજીપી નિર્લિપ્ત રાય જામનગરની મુલાકાતે આવી પહોંચ્યા હતા અને શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. આઈજીપી નિર્લિપ્ત રાયે દરબારગઢ સહિત જુલૂસના મુખ્ય માર્ગો પર તૈનાત પોલીસ જવાનો અને અધિકારીઓ પાસેથી બંદોબસ્ત અંગેની માહિતી મેળવી હતી. તેમણે સ્થળ પર હાજર રહી સમગ્ર વ્યવસ્થાની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું. મોહર્રમના તાજિયાના જુલૂસ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ તાજીયાની માનતા રાખનારા ધર્મપ્રેમીઓને સુરક્ષિત વાતાવરણ મળી રહે તે માટે શહેરમાં પોલીસ, એસઆરપી, મહિલા પોલીસ અને અન્ય સુરક્ષા દળોની તૈનાતી કરવામાં આવી હતી. વિવિધ સ્થળોએ સતત પેટ્રોલિંગ, નજર રાખવાની કામગીરી તેમજ ટ્રાફિક વ્યવસ્થાનું પણ સુચારૂ સંચાલન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. રવિ મોહન સૈની સહિત જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર બંદોબસ્ત પર નજર રાખી હતી. પોલીસ તંત્રના સઘન આયોજન અને સ્થાનિક નાગરિકોના સહકારથી મોહર્રમ પર્વની ઉજવણી શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

## બેડના રસુલનગરમાં મોબાઈલમાં સ્ટેટસ રાખવાના મુદ્દે બે યુવાન પર ૬ શખ્સોનો હુમલો

જામનગર : જામનગર તાલુકાના બેડ નજીક રસુલનગર ગામમાં મોહરમના તહેવાર દરમિયાન મોબાઈલ સ્ટેટસ બાબતે થયેલી બોલાચાલી ઉગ્ર બનતા એક વ્યક્તિને માથામાં ગંભીર ઈજા પહોંચાડવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ બનાવ અંગે બે શખ્સો સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ રસુલનગરમાં રહેતા મોસીન હનીફભાઈ કકલ મોહરમના તહેવાર નિમિત્તે તેમના મામા ઈશાકભાઈ ઘરે આવ્યા હતા. સાંજે નમાજ અદા કર્યા બાદ મસ્જિદ બહાર ગામના કેટલાક શખ્સોએ તેમને ઈમામ ચોક ખાતે બોલાવ્યા હતા. ત્યાં હાજર જુબેર જુનુસ સુભાણીયા અને જુનુસ ભટ્ટી ઉર્ફે તલવારિયાએ ઈશાકભાઈને મોબાઈલમાં રાખેલા સ્ટેટસ બાબતે પ્રશ્નો કરી ગાળો આપતા ઈશાકભાઈએ વિરોધ કરતાં મામલો ઉગ્ર બન્યો હતો. જેમાં જુનુસ ભટ્ટી ઉર્ફે તલવારિયાએ લાકડાના ધોકા વડે ઈશાકભાઈ પર હુમલો કર્યો હતો. દરમિયાન ફરિયાદી મોસીન વચ્ચે પડતા જુબેર જુનુસ સુભાણીયાએ તેમના ગાલ પર માર માર્યો હતો. ત્યારબાદ જુસબ અબ્દુલ સુભાણીયાએ તોલું (વજનીયું) ઈશાકભાઈના માથામાં ફટકારતા તેઓ જમીન પર ઢળી પડ્યા હતા.

ત્યારબાદ જુનસ મામદ સુભાણીયા, આબીદ કરીમ કેરેચા અને રજાક આદમ જેઠા પણ ઘટનાસ્થળે પહોંચી ફરિયાદી તથા ઈશાકભાઈને ઢીકા-પાટુનો માર મારતા માથામાં ગંભીર ઈજા થતાં બંને ઘાયલોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખસેડાયા હતા. આ બનાવ અંગે મોસીન હનીફ કક્કલની ફરિયાદ પરથી તમામ હુમલાખોરો સામે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## દ્વારકાધીશ જગતમંદિરમાં આવતીકાલે જયેષ્ઠાભિષેક

### શ્રીજીને આમરસ અને અઘોરકુંડના પવિત્ર જલથી ખુલ્લાં પડદે અભિષેક



દ્વારકા : દ્વારકાધીશ જગતમંદિરમાં આવતીકાલ તા.૨૮ને રવિવારના રોજ જેષ્ઠાભિષેક (ખુલ્લાં પડદે સ્નાન) કરવામાં આવશે. જગતમંદિરમાં દર વર્ષે જેઠ માસમાં જયેષ્ઠા નક્ષત્રમાં શ્રીજીની મંગલા આરતી બાદ જયેષ્ઠાભિષેક કરવામાં આવે છે. રવિવારે મંગલા આરતી બાદ સવારે ૮ કલાકે ઠાકોરજીનો જયેષ્ઠાભિષેક કરાશે. જેમાં શ્રીજીનુ ઋતુનુસાર અમૃત (આંબા) તેમજ દ્વારકાના અઘોર કુંડના પવિત્ર જલથી જલાભિષેક કરવામાં આવશે.

વારાદાર પૂજારીઓ દ્વારા સાંજના સમયે શ્રીજીના બાલ સ્વરૂપ ગોપાલજીને મંદિરના ગર્ભગૃહથી બહાર નિજસભામાં નૌકાવિહાર કરાવવામાં આવશે.

જયેષ્ઠાભિષેક ઉત્સવ વિશે માહિતી આપતા દ્વારકાધીશ મંદિરના પૂજારીએ જણાવેલ કે વર્ષમાં જન્માષ્ટમી અને જયેષ્ઠ પૂર્ણિમાં એમ માત્ર બે વખત જ ઠાકોરજીને ખુલ્લાં પડદે અભિષેક સ્નાન કરાવવામાં આવે છે જેમાંનો એક જયેષ્ઠાભિષેક ઉત્સવ હોય જેનું વિશેષ મહત્ત્વ છે. બહારગામથી પધારેલ ભાવિકો તેમજ બહોળી સંખ્યામાં સ્થાનીકો અને ઓનલાઈનના માધ્યમથી લાખો શ્રધ્ધાળુઓ જયેષ્ઠાભિષેક તેમજ ત્યારબાદ સાંજના સમયે બાલસ્વરૂપના નૌકાવિહાર દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવશે.

જગતમંદિરના પુજારી પરિવાર દ્વારા ચાંદીના વાસણોમાં અઘોર કુંડનું પવિત્ર જલ જગતમંદિરે વાજતે ગાજતે પહોંચશે સાંજે બાલસ્વરૂપ ગોપાલજીની જલયાત્રા (નૌકા વિહાર) જગતમંદિરમાં શ્રીજીના જયેષ્ઠાભિષેક ઉત્સવ નિમિતે જલયાત્રા ઉત્સવની પૂર્વ તૈયારી રૂપે આવતીકાલે શનિવારે જગતમંદિરના પૂજારી પરિવારના પુરૂષો તથા મહિલાઓ દ્વારા ચાંદીના બેડાં, ચાંદીની તાંબડી તેમજ વિવિધ ચાંદીના વાસણોમાં દ્વારકાના અતિ પ્રાચીન અને પવિત્ર શ્રી ભદ્રકાલી માતાજીના મંદિર પાસેના અઘોર કુંડમાંથી પૂજા કરી કુંડના પવિત્ર જલને શાસ્ત્રોકત વિધિથી બેન્ડ વાજા સાથે વાજતે ગાજતે દ્વારકા શહેરના રાજમાર્ગો પર થઈ જગતમંદિર ખાતે લઈ જવામાં આવશે. ગ્રીષ્મ ઋતુમાંથી વર્ષા ઋતુ આવતી હોય આ પવિત્ર જલને વિવિધ ઔષધિયુકત બનાવી રાત્રિ અધિવાસન કરી રવિવારે આ પવિત્ર જલથી ઠાકોરજીને જલાભિષેક કરાશે તેમજ સાંજના સમયે જગતમંદિરમાં પવિત્ર જલથી જલ કુંડ (હોજ) ભરવામાં આવશે જેમાં ભગવાનનું બાલ સ્વરૂપ ગોપાલજીને નાવમાં બિરાજમાન કરી નૌકા ઉત્સવ એટલે કે જલયાત્રા ઉત્સવ મનોરથની ઊજવણી કરાશે જેનો લાભ દેશવિદેશના ભાવિકોને પ્રત્યક્ષ તેમજ ઓનલાઈનના માધ્યમથી મળશે.

બોક્સ....જગતમંદિરમાં ઠાકોરજીના દર્શન સમયમાં ફેરફાર

આવતીકાલ રવિવારે જગતમંદિરમાં શ્રીજીના જેષ્ઠાભિષેક ઉત્સવ નિમિતે ઠાકોરજીના નિત્યક્રમમાં જરૂરી ફેરફાર નોંધાયો છે. જે મુજબ શુક્રવારે મંગલા આરતી બાદ ઠાકોરજીને ખુલ્લાં પડદે સ્નાન સવારે ૮ થી ૯ સુધી યોજવામાં આવનાર છે. શૃંગાર આરતી તેમજ અનોસર (બંધ) નિત્યક્રમાનુસાર યોજાશે. ઉત્સવ તેમજ ઉત્થાપન દર્શન સાંજે ૫ કલાકે, જલયાત્રા (નૌકાવિહાર) દર્શન સાંજે ૯:૩૦ સુધી યોજવામાં આવનાર છે. તા.૨૯ના સોમવારે પૂનમ નિમિત્તે મંગલા આરતી સવારે ૬ કલાકે યોજવામાં આવશે.

## જામનગરમાં રેતીના રૂપિયા માંગતા કોન્ટ્રાક્ટર પર શખ્સનો છરીથી હુમલો

જામનગર : જામનગર શહેરના દિગ્જામ સર્કલ નજીક રેતીના પૈસાની ઉઘરાણી મુદ્દે થયેલી બોલાચાલી દરમિયાન એક કોન્ટ્રાક્ટર પર છરી વડે હુમલો કરવામાં આવતા સિટી-સી ડિવિઝન પોલીસમાં ગુનો નોંધાયો છે. જ્યારે ઈજાગ્રસ્ત કોન્ટ્રાક્ટર યુવાનને જી.જી. હોસ્પિટલમાં સારવાર અપાઈ છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ પડાણા ગામે રહેતા અને રેતીના કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા પ્રદીપસિંહ બહાદુરસિંહ પરમારે ફરિયાદ નોંધાવી છે કે આરોપી પ્રદીપસિંહ રાજેન્દ્રસિંહ ગોહીલને અગાઉ રેતીની એક ગાડી પહોંચાડવામાં આવી હતી, જેના રૂ. ૩૦ હજાર બાકી હતા. આ રકમની માંગણી કરતા આરોપીએ તેમને દિગ્જામ સર્કલ નજીક પેટ્રોલ પંપ પાસે બોલાવ્યા હતા. જ્યાં આરોપીએ રૂપિયા આપવાનો ઈનકાર કરી ગાળાગાળી શરૂ કરી હતી. ફરિયાદીએ ગાળો આપવાની ના પાડતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ફરિયાદીને ઢીકાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ પોતાની પાસે રહેલી છરી વડે ફરિયાદીના વાંસાના ભાગે બે ઘા ઝીકી ઈજા પહોંચાડી હતી. હુમલામાં ફરિયાદીને છ ટાંકા લેવા પડે તેવી ઈજા થઈ હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. આરોપીએ હુમલા બાદ ફરી રૂપિયા માંગશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે સિટી-સી ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સમાણા ગામે મજૂરીના બાકી નાણાં માંગતા યુવક પર હુમલો

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સમાણા ગામમાં મજૂરીના બાકી નાણાં માંગવા ગયેલા યુવક પર હુમલો કરાયાની ઘટના સામે આવી છે. આ મામલે શેઠવડાળા પોલીસ મથકે એક શખ્સ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ સમાણા ગામની આંબેડકરનગર સોસાયટીમાં રહેતા દિવ્યેશભાઈ જેંતીભાઈ વાઘેલા (ઉંમર ૧૯ વર્ષ) આશરે ત્રણ મહિના અગાઉ આરોપી કિશોરભાઈ નાનજીભાઈ વાઘેલા સાથે મજૂરી કામે ગયા હતા. તે દરમિયાન બે દિવસની મજૂરીના નાણાં દિવ્યેશભાઈને મળવાના બાકી હતા.

ફરિયાદ મુજબ દિવ્યેશભાઈએ અનેક વખત બાકી રહેલા નાણાંની માંગણી કરી હતી, પરંતુ આરોપી દ્વારા નાણાં ચૂકવવામાં આવતા ન હતા. દરમિયાન ફરી એક વખત નાણાં માંગતા કિશોરભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને દિવ્યેશભાઈને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ પથ્થર વડે હુમલો કરી દિવ્યેશભાઈના માથાના ડાબા ભાગે તેમજ જમણા પગના સાથળના ભાગે ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત યુવકે સારવાર લીધા બાદ સમગ્ર બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાવતા શેઠવડાળા પોલીસે આરોપી કિશોરભાઈ નાનજીભાઈ વાઘેલા સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં જાહેરમાં છરી સાથે નીકળેલ કાર ચાલક યુવકની અટકાયત



જામનગર : મહોરમના તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જામનગર પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ દરમિયાન સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે જાહેરમાં છરી સાથે ફરી રહેલા એક યુવકને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગરના સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. ડોડિયાના નેતૃત્વમાં સર્વેલન્સ ટીમ મહોરમના તહેવારને અનુલક્ષીને પેટ્રોલિંગમાં હતી.

તે દરમિયાન મોડી રાત્રે સુભાષ શાક માર્કેટ નજીક સજુબા ગર્લ્સ સ્કૂલ તરફથી આવતી કાળા કાચવાળી એક કાર શંકાસ્પદ હાલતમાં દેખાતા પોલીસે તેને અટકાવી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન કાર ચાલક અબ્દુલકાદીર ઈકબાલભાઈ શેખ, રહે. લાખાજીરાજ સમ્રજીવી સોસાયટી, દુધસાગર ડેરી રોડ, હૈદરી ચોક, રાજકોટના કબજામાંથી એક ધારદાર છરી મળી આવી હતી.

પોલીસે છરી તેમજ આશરે રૂ. ૫ લાખ કિંમતની હ્યુન્ડાઈ ક્રેટા કાર કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ ધનશ્યામસિંહ ડોડિયાની ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીની અટકાયત કરી તેની સામે ધોરણસર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સલાયાને ગંદકી મુક્ત બનાવવા આમ આદમી પાર્ટીનું સફાઈ અભિયાન



સલાયા : સલાયા શહેરમાં છેલ્લા ઘણા સમયથી ગટર લાઈનો ચોકઅપ થવાના કારણે રોડ-રસ્તાઓ ઉપર ગંદા પાણી ભરાઈ રહેવાની સમસ્યા ગંભીર બની છે. અનેક વિસ્તારોમાં ગંદકીના ગંજ લાગતા સ્થાનિક લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. વારંવાર રજૂઆતો છતાં તંત્ર દ્વારા યોગ્ય કામગીરી ન થતા આમ આદમી પાર્ટીએ જનહિતમાં સ્વખર્ચે જેટીગ મશીન ભાડે લઈ સફાઈ અભિયાન શરૂ કર્યું.

આ અભિયાન આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સલાયા આમ આદમી પાર્ટીના આગેવાન અને વિરોધ પક્ષના નેતા સાલુભાઈ પટેલ, પ્રદેશ સચિવ રાજેશભાઈ બારોટ, તેમજ સલાયાના ચૂંટાયેલા નગરસેવકો ગાંગીબેન અશ્વિનભાઈ જોડ, ભગવાનજીભાઈ જાડેજા, ગુલામભાઈ કારા, સલમાબેન કારા, મુસાભાઈ સંઘાર, સલીમભાઈ સાલેમામાદ, શરીફાબેન ભાયા, સાલેમહંમદ ગંઢાર, રજાકભાઈ સુભણીયા, નસીમ નદીમ મોદી, બચુ સિદીક બારૈયા, કાસમ હારુંન ગજીયા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

તેમજ પાર્ટીના આગેવાનો ઈમ્તિયાઝ ગજણ, રજાક સુભણીયા, અમીન ભાયા તથા અન્ય કાર્યકરોએ પણ સફાઈ અભિયાનમાં સક્રિય ભાગ લઈને શહેરને સ્વચ્છ બનાવવાના પ્રયાસોમાં સહયોગ આપ્યો હતો.

આ પ્રસંગે આગેવાનો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે શહેરની સ્વચ્છતા અને નાગરિકોની સુખાકારી માટે સ્થાનિક તંત્રએ પોતાની જવાબદારી નિભાવવી જોઈએ. તેમ છતાં જ્યારે તંત્ર નિષ્ફળ જાય ત્યારે આમ આદમી પાર્ટી જનતાના પ્રશ્નો માટે મેદાનમાં ઉતરીને કામ કરવા માટે પ્રતિબદ્ધ છે.

## જામનગરમાં કોશિષ ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું કરાયું વિતરણ



જામનગર : સમાજસેવા અને શિક્ષણ ક્ષેત્રે સતત કાર્યરત કોશિશ ફાઉન્ડેશન, જામનગર દ્વારા વેહવારીયા રાષ્ટ્રીય પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણ માટે પ્રોત્સાહન અને જરૂરી શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ કરાવવાનો હતો.

કાર્યક્રમમાં કોશિશ ફાઉન્ડેશનના પ્રમુખ તેમજ કોર્પોરેટર સહારાબેન મકવાણા, કિરીટભાઈ મહેતા, જાયન્ટ્સ ગ્રુપના પ્રમુખ પારસ ભાઈ પટેલ,તેમજ રોજી સ્કૂલના જુબેદાબેન ખીરા , હારુનભાઈ ખીરા, અને વેહવારીયા રાષ્ટ્રીય પ્રાથમિક શાળાના પ્રમુખ વાહબભાઈ વેહવારીયા, ગફારભાઈ નાખુદા, મહેમુદભાઈ વેહવારીયા, કોશિશ ફાઉન્ડેશનના નિશાબેન ઐયર અને ઝાકીરહુસૈન ખાન, ઉપસ્થિત રહ્યા હતા.

મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત આગેવાનોએ વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રત્યે વધુ મહેનત અને લગન સાથે આગળ વધવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન શાળાના શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ તથા વાલીઓએ કોશિશ ફાઉન્ડેશનના આ સેવાકીય કાર્યને બિરદાવ્યું હતું.

## સિક્કા ટીપીએસ ખાતે ડે. જનરલ મેનેજરની બદલી થતા વિદાય સમારંભ યોજાયો



જામનગર : સિક્કા ટીપીએસ ખાતે ડેપ્યુટી જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા ડી.આઈ. સિંધાની સિક્કા ખાતેથી વડી કચેરી, વડોદરા ખાતે બદલી પામતા એચ.આર. સ્ટાફ દ્વારા તેઓનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ અને નવા કાર્યસ્થળ પર અને ભવિષ્યમાં વધુમાં વધુ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે આઈ.આર.ઓ. એન.આર.પટેલ, એ.એસ. આર.કે.મહેતા, ડેપ્યુટી સુપરિટેન્ડેન્ટ બી.સી.ઠાકર તથા એચ.આર. સ્ટાફના કે.પી. અમરેલીયા, એન.આર.શાહ, જે.વી.ચુડાસમા, બી.એમ.રાયઠઠ્ઠા, બી.આઈ.ગઢવી, બી.એસ. ઘોઘલિયા, જે.એમ. રાવલ, જે.પી. નલિયાપરા, કે.વી.રાઠોડ, જાગૃતિબેન ભટ્ટ, ભગવતીબેન ઝાલા, તારાબા કંચવા હાજર રહેલા હતા. સિંધા એચ.આર. સ્ટાફની કામગીરીને બિરદાવી અને સીક્કા ખાતે ફરજ દરમિયાન દરેક કર્મચારીઓની સાથે કરેલ કામગીરી યાદગાર રહેશે અને સૌનો આભાર વ્યક્ત કરેલ તેમ એન.ડી. ત્રીવેદીની યાદીમાં જણાવેલ છે

## ખંભાળિયા ખાતેના જનકલ્યાણલક્ષી વિકાસ પ્રકલ્પોથી અવગત કરાવતી પ્રગતિ પથ યાત્રા



દ્વારકા : દેવભૂમિ દ્વારકા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારના પારસ્પરિક સહયોગથી અનેકવિધ વિકાસ પ્રકલ્પો સાકાર થયા છે. આ વિકાસના પ્રકલ્પોથી નાગરિકોને માહિતગાર થાય તેવા ઉમદા હેતુ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં 'પ્રગતિ પથ યાત્રા'નું જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બે તબક્કામાં કરવામાં આવ્યું હતું.

જિલ્લાના વિકાસ પ્રકલ્પોથી અવગત કરાવતી "પ્રગતિ પથ યાત્રા"માં રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગના મંત્રી તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ સૌપ્રથમ ખંભાળિયા ખાતે સ્થિત જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની મુલાકાત લીધી હતી.

જયાં, પ્રભારીમંત્રી સહિતના મહાનુભાવોએ રમતવીરો માટેની ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રમાં ઈન્ડોર રમતો જેવી કે, બાસ્કેટ બોલ કોર્ટ, બેડમિંટન કોર્ટ, ટેબલ ટેનિસ હોલ, જીમ તેમજ આઉટડોર રમતો માટે લોન ટેનિસ કોર્ટ, કબડ્ડી, ખોખો, વૉલીબૉલ, ૪૦૦ મી.એથલેટિક ટ્રેકની મુલાકાત લીધી હતી. ત્યારબાદ પ્રભારીમંત્રી સહિતના મહાનુભાવોએ જિલ્લાની અદ્યતન સરકારી જિલ્લા ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. જયાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરતા વિધાર્થીઓ સાથે પ્રભારીમંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ સંવાદ કરી જિલ્લા ગ્રંથાલય પાયાની સુવિધાઓ તેમજ વિધાર્થીઓ અનુભવો વિશે માહિતી મેળવી તેમને ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી હતી.

આ તકે પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ કહ્યું હતું કે, દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી લોકાભિમુખ સુશાસનના ૧૨ વર્ષની ઉજવણી ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. એમાં વહીવટી તંત્ર દ્વારા આયોજિત "પ્રગતિ પથ યાત્રા" જિલ્લાના વિકાસ પ્રકલ્પોથી માહિતગાર થવાનો અવસર પૂરો પાડે છે. વડાપ્રધાનના દૂરંદેશી નેતૃત્વમાં રાષ્ટ્ર અભૂતપૂર્વ વિકાસ સાધી રહ્યો છે ત્યારે ગુજરાત પણ એમાં ક્યાંય પાછળ રહે તેમ નથી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર છેવાડાના માનવી સુધી પાયાની સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયાસરત છે.

જિલ્લાના વિકાસ પ્રકલ્પોથી અવગત કરાવતી પ્રગતિ પથ યાત્રામાં રાજ્યસભા સાંસદ જીતેન્દ્રભાઈ કણઝારિયા, જિલ્લા પંચાયત સદસ્ય યેશભાઈ જેઠવા ખંભાળિયા તાલુકા પંચાયત પ્રમુખ શક્તિસિંહ જાડેજા, જિલ્લા કલેકટર રાજેશ તન્ના, નિવાસી અધિક કલેકટર એમ.વી.દેસાઈ, પ્રાંત અધિકારી કે.કે.કરમટા, જિલ્લા આયોજન અધિકારી ઝેડ.એ.બારૈયા, અગ્રણી સર્વે મયુરભાઈ ગઢવી, પુનિતભાઈ શર્મા, રામજીભાઈ મારૂ, દેવશીભાઈ કરમૂર સહિત તાલુકા પંચાયતના પદાધિકારીઓ જોડાયા હતા.

## અવસાન નોંધ

**જામનગર :** અશોકભાઈ કાન્તીલાલ રાવલ (ઉ.વ.૭૦-રીટા. ટીપીએસ-સિક્કા)નું તા. ૨૬ના રોજ અવસાન થયેલ છે. તે શશીકાંતભાઈ, જગદીશભાઈ, દેવેન્દ્રભાઈ, ઈન્દુબેન મગનલાલ જોશીના નાનાભાઈ તથા પ્રદિપભાઈના મોટાભાઈ તથા પાર્થના પિતાનું ઉઠમણું તા. ૨૯ને સોમવારે સાંજે ૫થી ૫:૩૦ સુધી સુખનાથ મહાદેવ મંદિર, રાજપાર્ક ખાતે ભાઈઓ તથા બહેનો માટે રાખેલ છે.

## કલ્યાણપુર તાલુકાના ભાટીયા ખાતે 'જનકલ્યાણ શિબિર' યોજાઈ




દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ભાટીયા ખાતે "૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જન કલ્યાણના" અને વિકસિત ભારત સંકલ્પ-૨૦૨૭ની ઉજવણીરૂપે જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારની જનકલ્યાણલક્ષી યોજનાઓના લાભાર્થીઓને મહાનુભવોને હસ્તે લાભ વિતરણ કરાયા હતા. ઉપરાંત, કાર્યક્રમમાં મહાનુભવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં લાભાર્થીઓને વ્હાલી દીકરી યોજના, લખપતિ દીદી યોજના, નમોશ્રી યોજના, પી.એમ.જે.એ.વાય. યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગો માટેની આર્થિક સહાય યોજના, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના, આધાર કાર્ડ સેવા સહિત અન્ય વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો તથા સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. તેમજ ઉપસ્થિત નાગરિકોએ રાજ્ય અને કેન્દ્ર સરકારની જનકલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. આ શિબિરમાં તાલુકા વિકાસ અધિકારી ગૌરવ પરમાર સહિત પદાધિકારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૪ વર્ષ પછી સ્ટાન્ડર્ડ પાસપોર્ટ અને તત્કાલ પાસપોર્ટ ફીમાં વધારો

## ૧ જુલાઈથી કેન્દ્ર સરકારે પાસપોર્ટ ફીમાં વધારો કરવાની જાહેરાત કરી

નવી દિલ્હી,

દેશભરના લાખો મુસાફરો અને પાસપોર્ટ અરજદારોને અસર કરતા એક મહત્વપૂર્ણ પગલામાં, કેન્દ્ર સરકારે લગભગ ૧૪ વર્ષમાં પહેલી વાર પાસપોર્ટ ફીમાં સુધારો કરવાની જાહેરાત કરી છે. નવા ચાર્જ ૧ જુલાઈથી અમલમાં આવશે, જેમાં સ્ટાન્ડર્ડ પાસપોર્ટ અને તત્કાલ પાસપોર્ટ મેળવવાના ખર્ચમાં નોંધપાત્ર વધારો જોવા મળશે. પાસપોર્ટ (સુધારા) નિયમો, ૨૦૨૬ દ્વારા વિદેશ મંત્રાલય (એઈછ) દ્વારા સુધારેલા ફી માળખાને સૂચિત કરવામાં આવ્યું છે. નવીનતમ સુધારો ૨૦૧૨ પછીનો પ્રથમ મોટો વધારો છે, જ્યારે પાસપોર્ટ ફીમાં છેલ્લે વધારો કરવામાં આવ્યો હતો.

નવા દરો હેઠળ, નવા ૩૬-પાનાના પાસપોર્ટ માટે અરજી કરનારા અથવા હાલના પાસપોર્ટને ફરીથી જારી કરવા માંગતા પુખ્ત વયના લોકોએ હવે સામાન્ય શ્રેણી હેઠળ ૨,૫૦૦ રૂપિયા ચૂકવવા પડશે, જે હાલની ફી ૧,૫૦૦ રૂપિયા છે. તત્કાલ યોજના પસંદ કરનારા અરજદારોએ ૩,૫૦૦ રૂપિયાથી વધારીને ૫,૦૦૦ રૂપિયા ચૂકવવા પડશે. તેવી જ રીતે, ૬૦ પાનાના પાસપોર્ટ માટેની ફી સામાન્ય શ્રેણી હેઠળ ૨,૦૦૦ રૂપિયાથી વધારીને ૩,૫૦૦ રૂપિયા કરવામાં આવી છે. તત્કાલ યોજના હેઠળ, ફી ૪,૦૦૦ રૂપિયાથી સુધારીને ૬,૦૦૦ રૂપિયા કરવામાં આવી છે.

સરકારે ખોવાયેલા, ચોરાયેલા અથવા ક્ષતિગ્રસ્ત પાસપોર્ટ બદલવા માટેના ચાર્જમાં પણ વધારો કર્યો છે. ૩૬ પાનાના પાસપોર્ટની કિંમત હવે સામાન્ય યોજના હેઠળ ૫,૦૦૦ રૂપિયા અને તત્કાલ હેઠળ ૭,૫૦૦ રૂપિયા હશે. ૬૦ પાનાના પાસપોર્ટ માટે, અરજદારોએ સામાન્ય શ્રેણી હેઠળ ૬,૦૦૦ રૂપિયા અને તત્કાલ હેઠળ ૮,૫૦૦ રૂપિયા ચૂકવવા પડશે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરના અરજદારો માટે, નવા અથવા ફરીથી જારી કરાયેલ ૩૬ પાનાના પાસપોર્ટ માટેની ફી સામાન્ય શ્રેણી હેઠળ ૧,૭૫૦ રૂપિયા અને તત્કાલ હેઠળ ૪,૨૫૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે. ખોવાયેલા અથવા ક્ષતિગ્રસ્ત પાસપોર્ટના કિસ્સાઓમાં, સગીરોએ સામાન્ય યોજના હેઠળ રૂ. ૪,૨૫૦ અને તત્કાલ શ્રેણી હેઠળ રૂ. ૬,૭૫૦ ચૂકવવા પડશે.




MEA ના જાહેરનામામાં પાસપોર્ટ સંબંધિત ઘણી સેવાઓ અને મુસાફરી દસ્તાવેજો માટે પણ સુધારેલા શુલ્ક નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે ભારતમાં જારી કરાયેલા ઈમરજન્સી પ્રમાણપત્રો મફત રહેશે, ત્યારે વિદેશમાં સમાન સેવા મેળવવા માંગતા અરજદારો પાસેથી USD ૧૫ વસૂલવામાં આવશે. ઓળખ પ્રમાણપત્ર મેળવવા માટેની ફી ભારતમાં રૂ. ૧,૦૦૦ અને વિદેશમાં USD ૫૦ નક્કી કરવામાં આવી છે. એ જ રીતે, પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ (PCC), શરણાગતિ પ્રમાણપત્રો, ગ્લોબલ એન્ટ્રી પ્રોગ્રામ વેરિફિકેશન અને અન્ય ઘણા પાસપોર્ટ સંબંધિત પ્રમાણપત્રો માટે ભારતમાં રૂ. ૭૫૦ અને વિદેશમાં USD ૪૦ નક્કી કરવામાં આવ્યા છે.

# કેન્દ્ર સરકારે ઓપરેશન સિંદૂરમાં શહીદ થયેલા ૬ ભારતીય લશ્કરી કર્મચારીઓના નામ જાહેર કર્યા

નવી દિલ્હી/જમ્મુ,

કેન્દ્ર સરકારે શુક્રવારે પહેલી વાર સત્તાવાર રીતે છ ભારતીય લશ્કરી કર્મચારીઓના નામ જાહેર કર્યા, જેઓ ગયા વર્ષે મે મહિનામાં પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (ૅ઼઼) માં આતંકવાદી માળખાનો નાશ કરવા માટે ઓપરેશન સિંદૂર દરમિયાન શહીદ થયા હતા. છ જવાનોના નામ, જેમાં પાંચ ભારતીય સેનાના અને એક ભારતીય વાયુસેનાના હતા, રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક વેબસાઈટ પર રોલ ઓફ ઓનર વિભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે અને દિલ્હીમાં સ્મારકની ગ્રેનાઈટ દિવાલો પર કોતરવામાં આવશે, જે ઓપરેશન દરમિયાન ભારતીય સશસ્ત્ર દળો દ્વારા ભોગવવામાં આવેલા જાનહાનિની પ્રથમ ઔપચારિક જાહેર સ્વીકૃતિ છે.

યાદીમાં મુખ્યાલય ૧૦ ઈન્ફન્ટ્રીના સુબેદાર મેજર પવન કુમાર, જમ્મુ અને કાશ્મીર લાઈટ ઈન્ફન્ટ્રી રેજિમેન્ટના રાઈફલમેન સુનિલ કુમાર, ૫ ફિલ્ડ રેજિમેન્ટના લાન્સ નાયક દિનેશ કુમાર, ૮૫૧ લાઈટ રેજિમેન્ટના અગ્નિવીર મૂડ મુરલી નાયક, ૨૩૭ ફિલ્ડ વર્કશોપના હવાલદાર સુનિલ કુમાર સિંહ અને ૩૯ વિંગ, ભારતીય વાયુસેનાના સાર્જન્ટ સુરેન્દ્ર કુમારનો સમાવેશ થાય છે. અત્યાર સુધી, કેન્દ્રએ ઓપરેશન સિંદૂર દરમિયાન માર્યા ગયેલા લશ્કરી કર્મચારીઓના નામ સત્તાવાર રીતે જાહેર કર્યા ન હતા, જોકે મે ૨૦૨૫ માં ચાર દિવસના સંઘર્ષ પછી તરત જ અહેવાલો આવ્યા હતા. રોલ ઓફ ઓનરમાં નામોના પ્રકાશનને ઓપરેશન સિંદૂર દરમિયાન પોતાનો જીવ ગુમાવનારા કર્મચારીઓની કેન્દ્રની પ્રથમ સત્તાવાર સ્વીકૃતિ તરીકે જોવામાં આવી રહ્યું છે. સ્મારકના ત્યાગ ચક્ર, અથવા બલિદાનનું વર્તુળ, ૧૬ કેન્દ્રિત ગ્રેનાઈટ દિવાલોથી બનેલું છે, દરેકમાં સ્વતંત્રતા પછીથી પોતાનો જીવ આપનારા સૈનિકોના નામ કોતરેલા છે. દરેક ઈંટ પર શહીદનું નામ, રેંક અને રેજિમેન્ટ નોંધાયેલી છે, જે તેમના બલિદાનને કાયમી શ્રદ્ધાંજલિ તરીકે સેવા આપે છે. રાઈફલમેન સુનિલ કુમારને વીર ચક્ર આપવામાં આવ્યું હતું. રાઈફલમેન સુનિલ કુમારને વીર ચક્ર આપવામાં આવ્યું હતું, જે ભારતનો ત્રીજો સર્વોચ્ચ યુદ્ધ સન્માન છે, જ્યારે સાર્જન્ટ સુરેન્દ્ર કુમારને વાયુ મેડલ મળ્યો હતો.

# રામ મંદિરના દાનમાં માત્ર બે મહિનામાં ઓછામાં ઓછી ૭૦ વખત ચોરી થઈ હતી

## અત્યાર સુધીમાં ૮ લોકોની ધરપકડ, વધુ ધરપકડ થવાની શક્યતા

લખનૌ,

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ મંદિરમાં મળેલા દાનની કથિત ઉચાપતની તપાસ ચાલુ છે, ત્યારે તપાસ અધિકારીઓએ સીસીટીવી ફૂટેજની તપાસ કરતી વખતે શોધી કાઢ્યું છે કે ૨૭ એપ્રિલથી ૫ જૂન દરમિયાન ૭૦ ચોરીના પ્રયાસો કરવામાં આવ્યા હતા, એમ સૂત્રોએ શુક્રવારે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે મનીષ કુમાર યાદવ તરીકે ઓળખાતો એક વ્યક્તિ સીસીટીવીમાં ઘણી વખત ચોરીનો પ્રયાસ કરતો જોઈ શકાય છે, પરંતુ તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ખાસ તપાસ ટીમ (SIT) એ આ બાબતની તપાસ કરી રહી છે જેમાં એ પણ જાણવા મળ્યું છે કે ગણતરી પ્રક્રિયા દરમિયાન દાનના સંચાલનમાં મોટી ખામીઓ હતી. તેણે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ માટે આંતરિક ઓડિટ અહેવાલોની પણ તપાસ કરી છે, જે ઘણી પ્રક્રિયાગત ખામીઓ તરફ નિર્દેશ કરે છે. SIT એ વધુમાં શોધી કાઢ્યું કે રેકોર્ડ યોગ્ય રીતે બનાવવામાં આવ્યા ન હતા, અને આંતરિક નિયંત્રણ પ્રણાલી 'અત્યંત નબળી' હતી. વધુમાં, સુપરવાઈઝરી સ્તરે જવાબદારી અંગે કોઈ સ્પષ્ટતા નહોતી, સૂત્રોએ જણાવ્યું હતું. અત્યાર સુધીમાં, ચંપત રાયના મુખ્ય સહાયક રામાશંકર યાદવ ઉર્ફે ટીનુ યાદવ સહિત આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. અન્ય આરોપીઓમાં અનુકલ્પ મિશ્રા, અવિનાશ શુક્લા, કરુણેશ પાંડે, લવ કુશ મિશ્રા, રામ શંકર મિશ્રા અને સુભાષ શ્રીવાસ્તવનો સમાવેશ થાય છે.

# કેનેડાએ આખરે સ્વીકાર્યું કે એર ઈન્ડિયા કનિષ્ક બોમ્બ વિસ્ફોટ પાછળ ખાલિસ્તાની આતંકવાદીઓનો હાથ હતો

## વિમાન કેનેડાથી કાર્યરત ખાલિસ્તાની આતંકવાદીઓ દ્વારા મૂકવામાં આવેલા બોમ્બ દ્વારા નાશ પામ્યું હતું

ટોરોન્ટો,

કેનેડિયન સિક્યુરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ (CSIS) એ ચાર દાયકાથી વધુ સમયમાં પહેલી વાર સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે, ૧૯૮૫માં એર ઈન્ડિયા ફ્લાઈટ ૧૮૨, જે કનિષ્ક તરીકે જાણીતી છે, પર થયેલા બોમ્બ વિસ્ફોટ માટે કેનેડા સ્થિત ખાલિસ્તાની ઉગ્રવાદીઓ જવાબદાર હતા.




તેને "આતંકનું જઘન્ય કૃત્ય" ગણાવતા, કેનેડાની ગુપ્તચર એજન્સીએ કહ્યું કે વિમાન કેનેડાથી કાર્યરત ખાલિસ્તાની આતંકવાદીઓ દ્વારા મૂકવામાં આવેલા બોમ્બ દ્વારા નાશ પામ્યું હતું. "આતંકવાદના ભોગ બનેલા લોકોના સ્મૃતિ દિવસ પર, CSIS એર ઈન્ડિયા ફ્લાઈટ ૧૮૨ પરના ૩૨૯ લોકોને યાદ કરે છે જેમણે આતંકવાદના જઘન્ય કૃત્યને કારણે જીવ ગુમાવ્યા હતા. ૨૩ જૂન, ૧૯૮૫ના રોજ, કેનેડા સ્થિત ખાલિસ્તાની ઉગ્રવાદીઓ દ્વારા મૂકવામાં આવેલા બોમ્બે વિમાનનો નાશ કર્યો હતો, જેમાં સવાર દરેક વ્યક્તિ માર્યા ગયા હતા, જેમાં મોટાભાગના કેનેડિયન હતા. તે કેનેડાના ઈતિહાસનો સૌથી ઘાતક આતંકવાદી હુમલો અને આપણા રાષ્ટ્રીય સુરક્ષા સમુદાય માટે એક નિર્ણાયક ક્ષણ રહ્યો છે," એજન્સીએ ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું.

કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેએ પણ પીડિતોને શ્રદ્ધાંજલિ આપી, કનિષ્ક બોમ્બ વિસ્ફોટને "આપણા દેશના ઈતિહાસનો સૌથી ભયંકર આતંકવાદી હુમલો" ગણાવ્યો અને હિંસક ઉગ્રવાદનો સામનો કરવા માટે કેનેડાની પ્રતિબદ્ધતાને ફરીથી વ્યક્ત કરી.

# અરુણાચલ પ્રદેશમાં સતત થઈ રહેલી મૂસળધાર વરસાદે વ્યાપક તબાહી મચાવી

## લાપતા લોકોની શોધખોળ માટે વ્યાપક સર્ચ ઓપરેશન

અરુણાચલ પ્રદેશ,

છેલ્લા ૪ દિવસથી અરુણાચલ પ્રદેશમાં થઈ રહેલા અવિરત વરસાદના કારણે અનેક જિલ્લાઓમાં તબાહી મચાવી દીધી છે, ખાસ કરીને કેયી પાન્યોર જિલ્લામાં સવારે અચાનક આવેલી ફ્લેશ ફ્લડ (પૂર) અને ભૂસ્ખલનની ઘટનાઓમાં ૧ મહિલાનું મોત નીપજ્યું છે, જ્યારે ૪ અન્ય લોકો હજુ પણ લાપતા છે. આ કુદરતી આપત્તિમાં ૧૭ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ૩ ની હાલત અત્યંત ગંભીર હોવાનું કહેવાય છે. ભારે વરસાદના કારણે જિલ્લાના અનેક ભાગોમાં માર્ગ સંપર્ક સંપૂર્ણપણે તૂટી ગયો છે અને સેંકડો મુસાફરો રસ્તામાં ફસાયા છે. લાપતા લોકોની શોધખોળ માટે વ્યાપક સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેયી પાન્યોર જિલ્લાના યાજાલી સર્કલ હેઠળ પુસા નજીક આવેલી NEEPCO પ્રોજેક્ટ કોલોનીમાં વહેલી સવારે અચાનક આવેલા પૂરે સૌથી વધુ નુકસાન પહોંચાડ્યું છે. આપત્તિ બાદ ચલાવવામાં આવેલા સર્ચ ઓપરેશન દરમિયાન વિવેકાનંદ કેન્દ્ર વિદ્યાલય (VKV), NEEPCO કેમ્પસના શિક્ષિકા ૩૫ વર્ષીય નિર્મલા ગુપ્તાનો શવ મળી આવ્યો છે. તે પૂર બાદ લાપતા થયેલા ૫ લોકોમાં સામેલ હતા. બાકીના ૪ લાપતા લોકોની ઓળખ એલેશ મારક (૧૩), બલારી મારક (૩૦), તાઓ અંજીના (૪૬) અને સૌરભ કુમાર તરીકે થઈ છે. ખરાબ હવામાનને કારણે બુધવારે સાંજે સર્ચ ઓપરેશન રોકી દેવાયું હતું, જે ગુરુવારે સવારે ફરી શરૂ કરાશે.

# ગોલ્ડમેન સેક્સે ૨૦૨૬ માટે ભારતના જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ વધારીને ૬.૮ ટકા કર્યો

## મુખ્ય ફુગાવાનો અંદાજ ૦.૨ ટકા ઘટાડીને ૪.૪ ટકા કરવામાં આવ્યો

નવીદિલ્હી,

ગોલ્ડમેન સેક્સે કેલેન્ડર વર્ષ ૨૦૨૬ માટે ભારતના મેક્રોઈકોનોમિક આઉટલુકમાં સુધારો કર્યો છે. આ સુધારો તાજેતરના યુએસ-ઈરાન શાંતિ કરારને અનુસરે છે. વૈશ્વિક રોકાણ બેંકે ભારતના વાસ્તવિક જીડીપી વૃદ્ધિ આગાહીમાં વધારો કરવા માટે કાચા તેલના નીચા ભાવ અને સ્થાનિક આર્થિક સ્થિતિમાં સુધારો થવાને કારણો ગણાવ્યા છે.

ગોલ્ડમેન સેક્સે ૨૦૨૬ માટે ભારતના વાસ્તવિક જીડીપી વૃદ્ધિ આગાહીમાં ૦.૩ ટકાનો વધારો કરીને ૬.૮ ટકા કર્યો છે. મુખ્ય ફુગાવાનો અંદાજ ૦.૨ ટકા ઘટાડીને ૪.૪ ટકા કરવામાં આવ્યો છે. ચાલુ ખાતાની ખાધ આગાહી પણ ૦.૨ ટકા ઘટાડીને જીડીપીના ૧.૧ ટકા કરવામાં આવી છે. બેંકની કોમોડિટી ટીમે તેના કાચા તેલના ભાવ આગાહીમાં ઘટાડો કર્યો છે. ૨૦૨૬ ના ત્રીજા અને ચોથા ક્વાર્ટરમાં તે સરેરાશ ૮૨ પ્રતિ બેરલ અને ૨૦૨૭ માં ઈ૭૫ પ્રતિ બેરલ રહેવાનો અંદાજ છે.

અહેવાલ મુજબ, પશ્ચિમ એશિયામાં વિક્ષેપો છતાં ભારતનું અર્થતંત્ર સ્થિતિસ્થાપક રહ્યું. સરકારી નાણાકીય અને અર્ધ-નાણાકીય પગલાંએ ગ્રાહકો પર ઊંચા ઉર્જા ભાવોની અસરને ઓછી કરી. ૨૦૨૬ ના પ્રથમ ક્વાર્ટરમાં આર્થિક પ્રવૃત્તિ અપેક્ષા કરતાં વધુ મજબૂત હતી, જે ૭.૮ ટકાના વિકાસ દરે પહોંચી હતી.

કાચા તેલના ભાવમાં ઘટાડાથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધુ વધારો થવાનું જોખમ નોંધપાત્ર રીતે ઓછું થયું છે. આનાથી પેટ્રોકેમિકલ ઉત્પાદનો પર પણ દબાણ ઓછું થયું છે. પરિણામે, મુખ્ય અને છૂટક ફુગાવાના અંદાજ બંનેમાં ઘટાડો કરવામાં આવ્યો છે. વૈશ્વિક યુરિયાના ભાવમાં તીવ્ર સુધારો ખાતર સબસિડી બિલ પરના વધારાનું જોખમ ઘટાડશે. આ, નીચા તેલના ભાવ સાથે, ટૂંકા ગાળાના રાજકોષીય દબાણને ઘટાડવામાં મદદ કરશે.

# વરિષ્ઠ આઈપીએસ અધિકારી મહેશ દીક્ષિત ઈન્ટેલિજન્સ બ્યુરોના નવા ડિરેક્ટર તરીકે નિયુક્ત

## મહેશ દીક્ષિત વર્તમાન આઈબી વડા તપનકુમાર ડેકાનું સ્થાન લેશે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે દેશની અગ્રણી આંતરિક ગુપ્તચર એજન્સી, ઈન્ટેલિજન્સ બ્યુરો (આઈબી) ના નવા ડિરેક્ટર તરીકે વરિષ્ઠ આઈપીએસ અધિકારી મહેશ દીક્ષિતની નિમણૂક કરી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની નિમણૂક સમિતિએ આ હાઈ-પ્રોફાઈલ નિમણૂકને મંજૂરી આપી. મહેશ દીક્ષિત વર્તમાન આઈબી વડા તપન કુમાર ડેકાનું સ્થાન લેશે.

આંધ્રપ્રદેશ કેડરના ૧૯૯૩ બેચના આઈપીએસ અધિકારી મહેશ દીક્ષિતને ચાર્જ સંભાળ્યાની તારીખથી અથવા આગામી આદેશો સુધી બે વર્ષના કાર્યકાળ માટે નિયુક્ત કરવામાં આવ્યા છે. સત્તાવાર આદેશ અનુસાર, હાલમાં ઈન્ટેલિજન્સ બ્યુરોમાં સ્પેશિયલ ડિરેક્ટર તરીકે સેવા આપી રહેલા મહેશ દીક્ષિતને ઓલ ઈન્ડિયા સર્વિસીસ રૂલ્સ અને ફાઈનાન્શિયલ રૂલ્સની ખાસ જોગવાઈઓ હેઠળ આઈબી ડિરેક્ટર તરીકે બે વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરવા માટે સેવાનું વિસ્તરણ આપવામાં આવ્યું છે. તેઓ હિમાચલ પ્રદેશ કેડરના ૧૯૯૩ બેચના અધિકારી તપન કુમાર ડેકાના સ્થાને આવશે.

મહેશ દીક્ષિતને ભારતીય ગુપ્તચર વ્યવસ્થા અને આંતરિક સુરક્ષા કામગીરીમાં સૌથી અનુભવી અને સક્ષમ અધિકારીઓમાંના એક માનવામાં આવે છે. તેમની કારકિર્દીનો નોંધપાત્ર ભાગ જમ્મુ અને કાશ્મીરમાં વિતાવ્યો છે.

# ફિલિપાઈન્સમાં ૬.૭ ની તીવ્રતાનો ભૂકંપ

## વેનેઝુએલામાં વિનાશક ભૂકંપ બાદ હવે ફિલિપાઈન્સમાં આવ્યો આંચકો!!

ફિલિપાઈન્સ,

વેનેઝુએલામાં આવેલા ભયંકર ભૂકંપમાં સેંકડો લોકોના મોત થયાના એક દિવસ પછી, શુક્રવારે દક્ષિણ ફિલિપાઈન્સમાં ૬.૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો, યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે અનુસાર.

યુએસજીએસ અનુસાર, મિંડાનાઓ ટાપુના સારંગાની શહેરથી લગભગ ૨૧ કિલોમીટર દક્ષિણપશ્ચિમમાં ૬૫.૭ કિલોમીટર (૪૧ માઈલ) ની ઊંડાઈએ સાંજે ૭:૪૨ વાગ્યે (૧૧૪૨ ૠ) ભૂકંપ આવ્યો. આ જ વિસ્તારમાં આવેલા મોટા ભૂકંપમાં ૮૦ થી વધુ લોકોના મોત થયાના ત્રણ અઠવાડિયા કરતાં પણ ઓછા સમય પછી આ ઘટના બની છે.

તાત્કાલિક સુનામીની કોઈ ચેતવણી આપવામાં આવી ન હતી.

વેનેઝુએલાની દુર્ઘટના

બીજી તરફ, વેનેઝુએલાને હચમચાવી નાખનારા બે ભૂકંપમાં મૃત્યુઆંક ઓછામાં ઓછો ૨૩૫ થયો છે, જ્યારે હજારો લોકો ઘાયલ થયા છે, કારણ કે બચાવ ટીમો ફસાયેલા પીડિતો સુધી પહોંચવા માટે કાટમાળ સાફ કરી રહી છે. બુધવારે સાંજે ૭.૨ અને ૭.૫ ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપે એક મિનિટના અંતરે ઈમારતો ધરાશાયી કરી દીધી અને દેશના મુખ્ય આંતરરાષ્ટ્રીય વિમાનમથકને ભારે નુકસાન પહોંચાડ્યું. દેશભરમાં લોકો ગુમ થયેલા સંબંધીઓને શોધી રહ્યા હતા, અને સોશિયલ મીડિયા ફોટોગ્રાફ્સ અને માહિતી માટે અપીલોથી ભરેલું હતું.



વેનેઝુએલાના રાજકીય વિપક્ષે સરકારી પ્રયાસોની સાથે સાથે ગુમ થયેલા લોકોને શોધવા માટે એક વેબસાઈટ બનાવી છે, અને તે દર્શાવે છે કે ૪૯,૦૦૦ થી વધુ લોકો ગુમ છે. આ સરકારના સત્તાવાર આંકડા કરતાં ઘણું વધારે છે. "અમે દેશભરમાં એક અસાધારણ પ્રયાસ કરી રહ્યા છીએ," આરોગ્ય પ્રધાન કાર્લોસ અલ્વારાડોએ રાજ્ય ટેલિવિઝનને જણાવ્યું. "સૌથી વધુ અસરગ્રસ્ત પ્રદેશ, લા ગુએરા પ્રદેશમાં હોસ્પિટલો મહત્તમ ક્ષમતા પર છે, અને અમે ફિલ્ડ હોસ્પિટલો સ્થાપવાનું શરૂ કર્યું છે.

# રાવણે સીતાજીનું હરણ કર્યું, આ લોકોએ રામ મંદિરને લૂંટ્યું : ધીરેન્દ્ર શાસ્ત્રી

## અયોધ્યાના રામ મંદિરમાં દાન ચોરી મામલે બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ અત્યંત આકરી પ્રતિક્રિયા આપી

અયોધ્યા

અયોધ્યા રામ મંદિરના દાન પાત્રમાંથી કથિત ચોરી અને નાણાકીય અનિયમિતતાનો મામલો હવે દેશભરમાં ગરમાયો છે. આ ગંભીર મુદ્દે બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ અત્યંત આકરી પ્રતિક્રિયા આપી છે. તેમણે આરોપીઓની સરખામણી રાવણ સાથે કરતા જણાવ્યું કે, "આ લોકો પણ રાવણ જ છે, બસ તેમના રૂપ બદલાઈ ગયા છે. રાવણે માતા જાનકીનું હરણ કર્યું હતું, જ્યારે આ લોકોએ રામ મંદિરના દાન પાત્રમાંથી કરોડો શ્રદ્ધાળુઓની આસ્થા, શ્રદ્ધા અને ભરોસો ચોર્યા છે." તેમણે ઉમેર્યું કે, સીતાજીનું હરણ કરનાર રાવણના વંશનો નાશ થયો હતો, તેમ રામ મંદિરમાં ચોરી કરનારાઓને સરકારી દંડ તો મળશે જ, પરંતુ ભગવાન પણ તેમને મહાદંડ આપશે.

આ હાઈપ્રોફાઈલ કેસની તપાસ માટે રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ના પ્રારંભિક અહેવાલ બાદ અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં પહેલી FIR નોંધવામાં આવી છે. આ કેસમાં ૮ લોકોને નામજોગ કરીને તેમની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. પકડાયેલા આરોપીઓમાં અવિનાશ શુક્લા, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, મનીષ કુમાર યાદવ, કરુણેશ પાંડે, રમાશંકર મિશ્રા, સુભાષ શ્રીવાસ્તવ અને રામશંકર યાદવ ઉર્ફે ટિશુનો સમાવેશ થાય છે. આ તમામ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની વિવિધ કલમો અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરાયો છે. SIT ના વડા વિજય વિશ્વાસ પંતે પોતાનો રિપોર્ટ સોંપ્યા બાદ આ કડક એક્શન લેવાયા છે.

બીજી તરફ, આ મામલે રાજકીય અને સામાજિક વિવાદ પણ શરૂ થઈ ગયો છે. બાબરી વિધ્વંસ કેસના અગ્રણી આરોપી રહી ચૂકેલા સંતોષ દુબેએ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની કાર્યપ્રણાલી પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે આ કેસમાં માત્ર નાના સ્તરના કર્મચારીઓ સામે જ કાર્યવાહી કરવામાં આવી છે. જ્યારે અસલી જવાબદારોને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સંતોષ દુબેએ ટ્રસ્ટના વરિષ્ઠ હોદ્દેદારો ડૉ. અનિલ મિશ્રા, ચંપત રાય અને ગોપાલ રાવ પર નિશાન સાધતા કહ્યું કે, જેમના પર વ્યવસ્થાની મુખ્ય જવાબદારી હતી તેમની સામે કોઈ પગલાં કેમ નથી લેવાયા? તેમણે આ મામલે સંપૂર્ણ નિષ્પક્ષ તપાસ કરી સત્ય સામે લાવવાની માંગ કરી છે.

# કેન્દ્ર સરકારે આયાતી દવાઓ માટે ઓછામાં ઓછા ૧૨ મહિનાના શેલ્ફ લાઈફ નિયમનો પ્રસ્તાવ મૂક્યો

## ડ્રગ્સ ટેકનિકલ એડવાઈઝરી બોર્ડ સાથે વિગતવાર પરામર્શ કર્યા પછી ફેરફારો પ્રસ્તાવિત કરવામાં આવ્યા

નવી દિલ્હી,

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે આયાતી દવાઓ માટે શેલ્ફ-લાઈફની જરૂરિયાતને હળવી કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જે આયાત સમયે ૬૦% થી વધુ શેલ્ફ-લાઈફને ઓછામાં ઓછી ૧૨ મહિનાની શેલ્ફ-લાઈફ સાથે ફરજિયાત બનાવે છે.

ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ ના નિયમ ૩૧ માં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેનો હેતુ આયાતી દવાઓ માટે શેલ્ફ-લાઈફની જરૂરિયાતને તર્કસંગત બનાવવા અને દેશના ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં વ્યવસાય કરવાની સરળતાને વધુ પ્રોત્સાહન આપવાનો છે, તે ૨૨ જૂનના રોજ જાહેર પરામર્શ માટે પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

હાલમાં, ડ્રગ્સ અને કોસ્મેટિક્સ નિયમો, ૧૯૪૫ હેઠળ, ભારતમાં કોઈ દવાની આયાત અથવા વિતરણ કરી શકાતી નથી જ્યાં સુધી તેની ઉપયોગી શેલ્ફ લાઈફના ૬૦% થી વધુ બાકી ન હોય.

આરોગ્ય મંત્રાલયના નિવેદન અનુસાર, સુધારાના ડ્રાફ્ટમાં આયાતી દવાઓ માટે ૬૦% થી વધુની લઘુત્તમ શેલ્ફ લાઈફની હાલની જરૂરિયાતને આયાત સમયે ૧૨ મહિનાની લઘુત્તમ શેલ્ફ લાઈફ સુધી સુધારવાનો પ્રસ્તાવ છે.

જોકે, તેમના વિશિષ્ટ સ્વભાવ અને જાહેર આરોગ્યના વિચારણાઓને ધ્યાનમાં રાખીને, ૬૦% થી વધુની લઘુત્તમ શેલ્ફ લાઈફની હાલની જરૂરિયાત જૈવિક ઉત્પાદનો અને રેડિયોફાર્માસ્યુટિકલ્સ પર લાગુ રહેશે, સૂચનામાં જણાવાયું છે.

ડ્રગ્સ ટેકનિકલ એડવાઈઝરી બોર્ડ સાથે વિગતવાર પરામર્શ કર્યા પછી આ ફેરફારો પ્રસ્તાવિત કરવામાં આવ્યા હતા.

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, પ્રસ્તાવિત સુધારો દર્દીઓ માટે ગુણવત્તાયુક્ત દવાઓની ઉપલબ્ધતા જાળવી રાખીને ફાર્માસ્યુટિકલ સપ્લાય ચેઈનમાં વધુ કાર્યક્ષમતાને સરળ બનાવવાનો પ્રયાસ કરે છે. દેશમાં પ્રવેશ્યા પછી આયાતી દવાઓનું ઓછામાં ઓછું શેલ્ફ લાઈફ ૧૨ મહિનાનું રહે તે સુનિશ્ચિત કરીને, દરખાસ્ત સમાપ્તિ પહેલાં વિતરણ અને વપરાશ માટે પૂરતો સમય પૂરો પાડે છે, જેનાથી દર્દીઓને પર્યાપ્ત ઉપયોગી શેલ્ફ લાઈફ સાથે દવાઓ મળતી રહે તે સુનિશ્ચિત થાય છે.

આ સુધારાથી પ્રતિબંધિત શેલ્ફ લાઈફ-લાઈફ આવશ્યકતાઓથી ઉદ્ભવતી દવાઓના ટાળી શકાય તેવા બગાડને ઘટાડીને સપ્લાય ચેઈનમાં ફાર્માસ્યુટિકલ ઈન્વેન્ટરીના ઉપયોગમાં સુધારો થવાની પણ અપેક્ષા છે. આ બદલામાં, આરોગ્ય મંત્રાલયના નિવેદન અનુસાર, પુરવઠા વ્યવસ્થાપનને ઑપ્ટિમાઈઝ કરવાની, ખર્ચ ઘટાડવાની અને દેશમાં આવશ્યક દવાઓની ઉપલબ્ધતાને મજબૂત બનાવવાની અપેક્ષા છે.

# જામનગર પંથકમાં મુરઘીના બચ્ચાઓનું ગેરકાયદે વેચાણના કારસ્તાનનો પર્દાફાશ

## બેડેશ્વર વિસ્તારમાં જીવદયા પ્રેમીઓ દ્વારા હજારો બચ્ચાઓનું કરાયું રેસ્કયૂ : પશ્ચિમ બંગાળના પોણો ડઝન શખ્સો દ્વારા ખંભાળિયા સુધી વેચાણ કરતાં હોવાનું સામે આવ્યું





જામનગર : પશ્ચિમ બંગાળના નવ જેટલાં શખ્સો છેલ્લા ત્રણેક દિવસ પહેલા આણંદ થી પાંચેક હજાર થી વધુ મરઘીના બચ્ચાઓને વેચાણ અર્થે જામનગર લાવ્યા હતા, અને જામનગર શહેર તેમજ આસપાસના પંથકમાં તેનું ગેરકાયદે રીતે વેચાણ કરવાની પહેરવી કરતાં જીવ દયા પ્રેમીઓને ધ્યાનમાં આવ્યું હતું, અને આશરે ૫,૦૦૦ જેટલા મરઘીના બચ્ચા ને રેસ્ક્યુ કરી લીધા છે, અને તેને ક્રમશ કલ્યાણપુર પોલટ્રી ફાર્મમાં મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે, જ્યારે ગેરકાયદે મરઘીના બચ્ચાનું જાહેરમાં વેચાણ કરનાર બે શખ્સોને સીટી બી. ડિવિઝન પોલીસ મથકે પહોંચાડી દીધા છે, અને તેઓ સામે ફરિયાદ નોંધવા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

પશ્ચિમ બંગાળના નવ જેટલા શખ્સો કોઈ પણ રીતે બોક્સમાં સંખ્યાબંધ મરઘીના બચ્ચાઓને ભરીને જામનગરમાં આવ્યા હોવાનું અને બેડેશ્વર વિસ્તારમાં જાહેર રોડ પર ૨૫ રૂપિયામાં એક મરઘીનું બચ્ચું, આ રીતે તેનું વેચાણ કરતા હોવાનું એનિમલ વેલ્ફેરની સંસ્થા જીવા ફાઉન્ડેશન ને જાણવા મળ્યું હતું. જામનગરની એનિમલ વેલ્ફેર સંસ્થાના દીપેન પરમાર અને તૃપ્તિબેન દાવદરા ને ધ્યાનમાં આવતા તેઓ મરઘીના બચ્ચા ખરીદવાના બહાને ગઈકાલે બેડેશ્વર વિસ્તારમાં પહોંચ્યા હતા. જયાં હાજર રહેલા બે વ્યક્તિઓ પાસે જઈ પૂછપરછ કરતાં તેઓએ એક બોક્સમાં માત્ર પાંચ બચ્ચાને રાખી શકાય તેને બદલે ૫૦ થી વધુ મરઘી ના બચ્ચાઓને રાખ્યા હતા, અને ગુંગળાઈ જાય તે રીતે તેમજ તેઓને ખોરાક પાણી પણ અપાતો ન હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

સૌપ્રથમ તેઓને વાતોમાં કેળવી, તેવો પાસેથી ૧૬૦ જેટલા મરઘીના બચ્ચા વેચાતા લઈ લીધા હતા. ત્યારબાદ આખરે પોતાની ઓળખ આપીને સમગ્ર નવ જેટલા શખ્સો દ્વારા પશ્ચિમ બંગાળ અને ત્યારબાદ આણંદ થી જામનગર લાવવામાં આવેલા આશરે ૫,૦૦ જેટલા નાના બચ્ચા ને રેસ્ક્યુ કરી લીધા હતા, અને તે તમામને અન્ય બોક્સ- પિંજરા વગેરેમાં સલામત રીતે રેસ્ક્યુ કરી દીધા હતા.

ત્યારબાદ હાલ નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલી પક્ષીઓ માટેની વ્યવસ્થા ના સ્થળે રાખવામાં આવ્યા હતા. જે પૈકી સૌપ્રથમ ૨,૦૦૦ મરઘીના બચ્ચાને કલ્યાણપુર નજીક ગણેશગઢમાં આવેલી ફાર્મમાં મોકલી દેવાયા છે અને ત્યાં તેઓનો ઉછેર કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય ત્રણ હજાર મુરઘીના બચ્ચાને પણ આજે કલ્યાણપુર તરફ મોકલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

આ સમગ્ર ઘટના અંગે જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવી છે, અને ગેરકાયદે રીતે જાહેરમાં મરઘીના બચ્ચાનું વેચાણ કરનારા બે પરપ્રાતિય શખ્સોને લઈને સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત દીધા છે, જેની સામે આજે પોલીસ ફરિયાદ નોંધવા માટેની તજવીત હાથ ધરવામાં આવી છે.

નવ જેટલા શખ્સો જામનગરના જુદા જુદા વિસ્તારમાં તેમજ છેક ખંભાળિયા સુધી પોતાનું નેટવર્ક ચલાવીને જાહેર રોડ પર પક્ષી ના બચ્ચા નો ગેરકાયદે વેચાણ કરતા હોવાનું ધ્યાનમાં આવ્યું છે. જોકે પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ સમગ્ર હકીકતો જાણવા મળશે.

# જામનગરમાં તાજિયા દરમિયાન બે જૂથ વચ્ચે અથડામણ થતા સામસામી ફરિયાદો

## બંને પક્ષે છરી અને લાકડાના ધોકાથી હુમલાઓ થતા અનેક લોકોને ઈજા, મોબાઈલ અને સોનાનો ચેઈન ઝુંટવી લીધાનો આક્ષેપ

જામનગર : જામનગર શહેરના ઢોલીયાપીર દરગાહ નજીક તાજિયા દરમિયાન થયેલી બોલાચાલી હિંસક અથડામણમાં પરિણમતા બંને પક્ષે એકબીજા સામે ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી છે. બનાવમાં અનેક લોકોને ઈજાઓ પહોંચતાં તેઓને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનાને લઈને પોલીસે બંને પક્ષની ફરિયાદોના આધારે અલગ-અલગ ગુનાઓ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરમાં બાઈની વાડી વિસ્તારમાં રહેતા ગોપાલભાઈ કીશનભાઈ પરમારે જણાવ્યું છે કે તેઓ તાજિયા જોવા માટે ઢોલીયાપીર દરગાહ પાસે ગયા હતા. તે દરમિયાન અહેમદ રજા મહમદહુસેન નાઈએ તેઓ અન્ય વ્યક્તિઓ સાથે કામે કેમ જાય છે તે મુદ્દે બોલાચાલી કરી, અનુસૂચિત જાતિને અપમાનિત કરતા શબ્દો ઉચ્ચાર્યા હોવાનો તેમજ છરી વડે હુમલો કરીને ચહેરા અને હાથમાં ગંભીર ઈજાઓ પહોંચાડ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તેમજ આરોપીના પિતા મહમદહુસેન નાઈએ પણ હુમલામાં ભાગ લીધો હોવાનો, બંનેએ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્તને જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો,

જ્યારે બીજી તરફ અહેમદરજા મહમદહુસેન નાઈએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તાજિયા દરમિયાન આરીફ જુમા ખફી સહિતના લોકો સાથે બોલાચાલી બાદ તેમના પર લાકડાના ધોકાથી હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં તેમના પિતા મહમદહુસેનને પણ માર મારવામાં આવ્યો હતો, જેમાં તેમને હાથ અને પગમાં ફ્રેક્ચર જેવી ઈજાઓ થઈ હોવાનું જણાવાયું છે. તેમજ પત્ની નર્મદાબેન સાથે પણ મારામારી અને હડધૂત કરી તેમનો ઝભ્ભો ખેંચી અપમાનિત કરવામાં આવ્યા હતા. તેમજ મોબાઈલ ફોન ઝૂંટવી લેવાયા હોવાનો અને સોનાની ચેઈન ખેંચી લેવામાં આવી હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. ઉપરાંત પત્નીને અનુસૂચિત જાતિ અંગે અપમાનજનક શબ્દો બોલવામાં આવ્યા હોવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટનામાં બંને પક્ષે એકબીજા સામે જાનથી મારી નાખવાના પ્રયાસ, મારામારી, ધમકી, લૂંટ, હડધૂત તેમજ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ કાયદા સહિતની વિવિધ કલમો હેઠળ ગુનાઓ નોંધાયા છે. પોલીસે બંને ફરિયાદોના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને સમગ્ર બનાવ અંગે વધુ તપાસ શરૂ કરી છે.




# જામનગરમાં મહોરમના દરમિયાન જાહેરમાં હથિયારો સાથે ફરતા આઠ શખ્સોની અટકાયત



જામનગર : જામનગરમાં મહોરમના તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા સઘન દેખરેખ અને વાહન ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે. જે દરમિયાન જામનગર સીટી-એ વિભાગ પોલીસ મથકની સર્વેલન્સ ટીમે જાહેરમાં હથિયારો સાથે ફરતા કુલ ૮ શખ્સોને ઝડપી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. રવિ મોહન સૈની તથા નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ સીટી-એ વિભાગના પોલીસ નિરીક્ષક વી.એમ. ડોડિયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ મહોરમના તહેવારને અનુલક્ષીને પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન સામાજિક માધ્યમોમાં પ્રસારિત થયેલા વિડિયો અંગેની તપાસમાં કુલ આઠ શખ્સો છરી અને કોયતા જેવા હથિયારો સાથે મળી આવ્યા હતા.

આથી પોલીસે અબ્દુલકાદીર ઈકબાલભાઈ શેખ, અકીલ યુનુસભાઈ દરજાદા, તોસીફ અશરફભાઈ સમા, સાહિલ આશીફભાઈ ખીરા, સોહિલ હનીફભાઈ શેખ, ફારૂક હબીબભાઈ શાહમદાર, અકીલ ઈસ્માઈલભાઈ સવકડા અને અયુબ ઈસ્માઈલભાઈ ખુરેશી નામના શખ્સોને ઝડપી પાડી તેમની પાસેથી અલગ-અલગ છરીઓ અને કોયતા કબજે કર્યા હતા. અને તમામ સામે હથિયારો સાથે જાહેરમાં ફરવા બદલ ગુનો નોંધી ધોરણસર કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં તાજીયાના ઝુલુસ દરમ્યાન પોલીસ દ્વારા ડ્રોન કેમેરાથી સર્વેલન્સ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં આશુરા દિવસે શહેરના દરબારગઢ સર્કલ વિસ્તાર, ચાંદી બજાર વિસ્તાર, બરધન ચોક વિસ્તાર, માંડવી ટાવર વિસ્તાર, દિપક ટોકીઝ રોડ વિસ્તારમાં મુસ્લિમ સમાજની જુદી-જુદી જમાતો અને યંગ કમિટીના સંખ્યાબંધ વિવિધ પ્રકાર તાજીયા પડમાં આવે છે. આ બધા તાજીયા નિહાળવા લાખા લોકો બપોરથી બજારમાં આવી જાય છે. લોકોની સુરક્ષા માટે જામનગર પોલીસ સતત બે દિવસ સુધી ખડે પગે રહી હતી. કાયદો વ્યવસ્થા અને સુરક્ષા માટે રાજકોટ રેન્જના આઇ.જી નિર્લિપ્ત રાયની સુચનાથી જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાની સુચનાથી પોલીસ દ્વારા ડ્રોન કેમેરાથી સર્વેલન્સ કર્યો હતો. સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ વિપુલસિંહ ડોડીયા સહિત સર્વેલન્સ ટીમ દ્વારા ભીડવાળા વિસ્તારો જેમકે દરબારગઢ, બરધન ચોક, ચાંદી બજાર, માંડવી ટાવર તથા દિપક ટોકીઝ જેવા વિસ્તારમાં અનિચ્છનીય બનાવ 'ન' બને, ડ્રોન કેમેરા દ્વારા પોલીસની સતત બાઝ રાખી હતી.

